RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 15 Issue : 374 Dt. 19-07-2026 Page : 08 Price : Rs 3

Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA

Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

આમારી Whatsapp Channel માં
જોડાવા માટે નીચે આપેલ QR Code Scan કરો

# પાક.ની ફજેતી! ઈરાને 'શાંતિ કરાર' ફગાવ્યો

નવી દિલ્હી, તા.૧૮

ઈરાન અને અમેરિકા વચ્ચે થયેલો શાંતિ કરાર શનિવારે આખરે સંપૂર્ણપણે સમાપ્ત થઈ ગયો છે. પાકિસ્તાનની મધ્યસ્થતામાં થયેલા અને 'ઈસ્લામાબાદ ખજ્ઞઅ' તરીકે જાણીતા આ કરારનો અધ્યાય હવે બંધ થઈ ગયો છે. પાકિસ્તાને આ કરારને લઈને દુનિયાભરમાં વાહવાહી લૂંટવાનો પ્રયાસ કર્યો હતો અને પોતાની જાતને શાંતિના મોટા સમર્થક તરીકે રજૂ કરી રહ્યું હતું.

**કરારના નિયમો પાળવાનો ઈરાનનો ઈનકાર**

પરંતુ હવે ઈરાને સ્પષ્ટ શબ્દોમાં કહી દીધું છે કે તે આ કરારના કોઈપણ નિયમનું પાલન નથી કરી રહ્યું. આ રીતે ઈરાને પહેલીવાર સ્વીકાર્યું છે કે ઈસ્લામાબાદ કરાર ખતમ થઈ ગયો છે અને તેઓ આ કરારની કોઈપણ કલમનો અમલ નથી કરી રહ્યા. ઈરાનના નાયબ વિદેશ પ્રધાન કાઝેમ ગરીબાબાદીએ જણાવ્યું છે કે વાસ્તવમાં અમેરિકાએ તમામ વચનો તોડ્યા છે અને ખજ્ઞઅને સંપૂર્ણપણે નકામો સાબિત કરી દીધો છે.

**બંને દેશો દ્વારા વચનોનો ભંગ**

તેમણે આગળ કહ્યું, 'જેના જવાબમાં અમે પણ અમારા તમામ વચનો પર અમલ કરવાનું બંધ કરી દીધું છે, હવે અમે તે વચનો પૂરા નથી કરી રહ્યા.' સત્તાવાર રીતે આ પ્રથમ વખત છે જ્યારે ઈરાની નેતાઓ કહી રહ્યા છે કે ખજ્ઞઅ ખતમ થઈ ગયો છે અને તેઓ તેની કોઈપણ શરત લાગુ નહીં કરે. ઈસ્લામાબાદ ખજ્ઞઅ પર ૧૮ જૂને સમજૂતી થઈ હતી. શનિવાર, ૧૮ જુલાઈએ 30 દિવસ પછી આ કરાર કચરાપેટીમાં ફેંકાઈ ગયો. ઈરાને અમેરિકા પર આ કરારના તમામ પાસાઓ તોડવાનો આરોપ લગાવતા કહ્યું કે ઈરાન પણ હવે કરારનું પાલન નથી કરી રહ્યું. આ કરારનો હેતુ અમેરિકા-ઈરાન તણાવ ઓછો કરવાનો, પ્રાદેશિક સ્થિરતા વધારવાનો અને પરમાણુ કાર્યક્રમ સહિતના અનેક વિવાદિત મુદ્દાઓ પર વાતચીતનો માર્ગ ખોલવાનો હોવાનું જણાવાયું હતું. કરાર હેઠળ બંને પક્ષોએ કેટલાક વિશ્વાસ-નિર્માણના પગલાં, રાજદ્વારી સંપર્ક વધારવા અને ભવિષ્યની વાટાઘાટો માટેના માળખા પર સંમતિ દર્શાવી હતી. પાકિસ્તાને તેને પોતાની રાજદ્વારી સફળતા તરીકે રજૂ કર્યું હતું.



અમેરિકા પછી ઈરાને કહ્યું 'હવે અમે કોઈ વચન નહીં પાળીએ'

આ કરાર અમેરિકા-ઈરાન યુદ્ધવિરામ, હોર્મુઝ સ્ટ્રેટમાં જહાજોની સુરક્ષિત અવરજવર અને આગળના ૬૦ દિવસમાં વ્યાપક કરારની રૂપરેખા પર આધારિત હતો. પરંતુ જુલાઈની શરૂઆતથી જ તેમાં તિરાડો દેખાવા લાગી હતી. સૌથી પહેલા હોર્મુઝ સ્ટ્રેટમાં જહાજોની અવરજવર અને તેના નિયંત્રણને લઈને બંને દેશોની અલગ-અલગ વ્યાખ્યાઓ સામે આવી. હોર્મુઝ સ્ટ્રેટમાં જે જહાજો ઓમાનના જળક્ષેત્રમાંથી પસાર થઈ રહ્યા હતા, ઈરાને તેના પર હુમલા કરવાનું શરૂ કરી દીધું. ઈરાને કહ્યું કે હોર્મુઝમાંથી જહાજો તેના દ્વારા નક્કી કરાયેલા માર્ગ પરથી જ પસાર થઈ શકે છે. પરંતુ ઘણા જહાજો હોર્મુઝમાં ઓમાન તરફથી પસાર થઈ રહ્યા હતા.

ઈરાની હુમલા પર અમેરિકાએ તીખી પ્રતિક્રિયા આપી અને ઈરાની નૌસેના તેમજ તેના જહાજો પર હુમલા કરવાનું શરૂ કર્યું. આ પછી અમેરિકાએ ઈરાન સાથે જોડાયેલા કેટલાક ક્રૂડ નિકાસ રાહતના પગલાં પાછા ખેંચવાનું શરૂ કર્યું, જ્યારે ઈરાને તેને કરારનું ઉલ્લંઘન ગણાવ્યું. બીજી તરફ ઈરાને અમેરિકા પર ફ્રીઝ થયેલા ફંડ મુક્ત ન કરવાનો અને ઈઝરાયેલની લેબનાનમાં સૈન્ય કાર્યવાહી ન રોકી શકવાનો આરોપ લગાવ્યો. જવાબમાં રાષ્ટ્ર પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે ઈરાન કરારની શરતોનું પાલન નથી કરી રહ્યું અને યુદ્ધવિરામ 'ખતમ' થઈ ચૂક્યો છે. આ પછી બંને પક્ષો વચ્ચે ફરી સૈન્ય તણાવ વધી ગયો અને તકનીકી વાટાઘાટો પણ સંકટમાં આવી ગઈ. છેલ્લા કેટલાક દિવસોમાં અમેરિકાએ ઈરાનના વીજળી, નૌસેના, બંદર, બ્રિજ જેવા પાયાના સંસાધનો પર હુમલા કર્યા અને તેને તહેસ-નહેસ કરી નાખ્યા. જેના જવાબમાં ઈરાને પણ ગલ્ફમાં કુવૈત, બહેરીન, કતારમાં આવેલા અમેરિકન બેઝ પર હુમલા કર્યા.





ખેતરોમાં આગ લાગી, રેપિડ એક્શન ફોર્સને કરી ત્વરિત કામગીરી : ૬ ગંભીર દાઝ્યા : લાઈસન્સ રદ હોવા છતાં ધમધમતી હતી ફેક્ટરી; માલિકની અટકાયત

# અમદાવાદમાં ફટાકડાની ફેક્ટરીમાં બ્લાસ્ટ ત્રણ બાળકો સહિત નવ કાળનો કોળીયો

અમદાવાદ, તા.૧૮

અમદાવાદના વસ્ત્રાલ વિસ્તારમાં રામોલ-ગતરાડ રોડ પર ખુલ્લા પ્લોટમાં આવેલી એક ગેરકાયદે ફટાકડાની ફેક્ટરીમાં ૧૮ જુલાઈએ ભયાનક બ્લાસ્ટ થયો હતો. આ ગોઝારી દુર્ઘટનામાં ૩ બાળકો સહિત કુલ ૯ લોકોના કમકમાટીભર્યા મોત નિપજ્યા છે, જ્યારે ૬ લોકો ગંભીર રીતે દાઝી ગયા છે. આ ધડાકો એટલો પ્રચંડ હતો કે તેનો અવાજ ૫ કિમી દૂર સુધી સંભળાયો હતો. બ્લાસ્ટને કારણે શ્રમિકોના ચીથરા ઉડી ગયા હતા, ૩૦૦ મીટર દૂર સુધી કાટમાળ ઉડ્યો હતો અને આસપાસના ખેતરોમાં ઊભો પાક સળગી ઉઠ્યો હતો.

પોલીસે આ કેસમાં ફેક્ટરી માલિક મેહુલ ડોડીયા સહિત અન્ય લોકોની અટકાયત કરી છે. ચોંકાવનારી બાબત એ છે કે, ગત માર્ચ મહિનામાં જ આ ફેક્ટરીનું લાઈસન્સ રદ કરી તેને સીલ મારવામાં આવ્યું હતું. તેમ છતાં, તંત્રની આંખ આડા કાન કરવાની નીતિને કારણે આ ફેક્ટરી ગેરકાયદેસર રીતે ફરીથી ધમધમતી થઈ ગઈ હતી, જેણે ૯ નિર્દોષ લોકોનો ભોગ લીધો.

RAF દ્વારા ત્વરિત બચાવ કામગીરી અને સરકાર દ્વારા આર્થિક સહાયની જાહેરાત બ્લાસ્ટનો અવાજ સાંભળતા જ ઘટનાસ્થળથી માત્ર ૧ કિમી દૂર આવેલા RAF (રેપિડ એક્શન ફોર્સ) કેમ્પની 'ક્વિક રિએક્શન ટીમ' માત્ર ૫ જ મિનિટમાં ત્યાં પહોંચી ગઈ હતી.

ત્યારબાદ સ્થાનિક પોલીસ, ફાયર બ્રિગેડ અને સિવિલ ડિફેન્સના જવાનોએ સંયુક્ત રીતે બચાવ કામગીરી હાથ ધરીને ઈજાગ્રસ્તોને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે હોસ્પિટલ પહોંચાડ્યા હતા.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ દુર્ઘટના અંગે ઘેરું દુઃખ વ્યક્ત કર્યું છે. સહાય પેટે કેન્દ્ર સરકાર દ્વારા મૃતકોના પરિવારોને ૨ લાખ અને ઈજાગ્રસ્તોને ૫૦ હજારની જાહેરાત કરાઈ છે. જ્યારે રાજ્ય સરકાર તરફથી પણ મૃતકોના પરિવારજનોને ૪ લાખ અને ઘાયલોને ૫૦ હજારની વધારાની આર્થિક મદદની જાહેરાત કરવામાં આવી છે.

# માત્ર ગાળો બોલવી અશ્લીલતાનો ગુનો નથી

## IPC ૨૯૪ની કલમ અંગે સુપ્રીમ કોર્ટનો ચુકાદો, વૃદ્ધને આપી રાહત

નવી દિલ્હી, તા.૧૮

સુપ્રીમ કોર્ટે મહત્વનો ચુકાદો આપ્યો છે કે ગાળાગાળી કે અભદ્ર ભાષાનો ઉપયોગ કરવો એ ભારતીય દંડ સંહિતા (IPC)ની કલમ ૨૯૪ હેઠળ અશ્લીલતાનો ગુનો નથી. સાથે જ સ્પષ્ટ કર્યું કે કાયદાની નજરમાં અશ્લીલતા એ અભદ્રતા, ગાળાગાળી કે અપશબ્દોથી અલગ છે. આ ગુના માટે એ સાબિત કરવું જરૂરી છે કે શબ્દો કામુક હોય, કામુક ઈચ્છાઓને ભડકાવનારા હોય અને નબળા મન-મગજને બગાડવાની કે ભ્રષ્ટ કરવાની વૃત્તિ ધરાવતા હોય.જસ્ટિસ સંજય કરોલ અને જસ્ટિસ વિપુલ એમ. પંચોલીની બેન્ચે આ ટિપ્પણી જમીનના વિવાદ સાથે જોડાયેલા એક કેસમાં દોષિત ઠેરવવામાં આવેલા તમિલનાડુના ૭૦ વર્ષીય વ્યક્તિની અપીલને આંશિક રીતે મંજૂર કરતા કરી હતી. સુપ્રીમ કોર્ટે આઈપીસીની કલમ ૨૯૪(બી) (જાહેર સ્થળે અશ્લીલ શબ્દો બોલવા) અને ૫૦૬(૨) (ગુનાહિત ધમકી) હેઠળ તેની સજા રદ કરી હતી, જ્યારે જોખમી હથિયારથી જાણીજોઈને ગંભીર ઈજા પહોંચાડવા બદલ આઈપીસીની કલમ ૩૨૬ હેઠળ તેની સજા યથાવત રાખી હતી.

કોર્ટે અપીલકર્તાની ઉંમર, સ્વાસ્થ્યની સ્થિતિ અને આ ઘટના જમીનના વિવાદ સાથે જોડાયેલી હતી તે હકીકતને ધ્યાનમાં રાખીને સજા બદલીને કોર્ટની કાર્યવાહી પૂરી થાય ત્યાં સુધીની કેદ કરી અને તેને ૫૦,૦૦૦ રૂપિયાનો દંડ ભરવાનો નિર્દેશ આપ્યો. સામે પક્ષે આરોપ છે કે ઓગસ્ટ ૨૦૧૭માં જમીનના વિવાદને લઈને થયેલી દલીલબાજી દરમિયાન, અપીલકર્તાએ ફરિયાદીને અભદ્ર ભાષામાં ગાળો આપી હતી અને તેના પર બિલહૂક (એક પ્રકારનું હથિયાર) વડે હુમલો કર્યો હતો, જેનાથી તેને ઘણી ઈજાઓ થઈ હતી, જેમાં નાકનું હાડકું તૂટવું પણ સામેલ છે. ટ્રાયલ



કોર્ટે તેને આઈપીસી અને અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ અત્યાચાર નિવારણ અધિનિયમ (SC/ST Act) હેઠળ દોષિત ઠેરવ્યો હતો, પરંતુ મદ્રાસ હાઈકોર્ટે પાછળથી તેને એસસી/એસટી એક્ટ હેઠળના ગુનાઓમાંથી મુક્ત કર્યો હતો, જ્યારે આઈપીસીની કલમ ૨૯૪(બી), ૩૨૬ અને ૫૦૬(૨) હેઠળ તેની સજા યથાવત રાખી હતી. જેના પર સુપ્રીમ કોર્ટે કહ્યું કે ફરિયાદી પક્ષે બે જરૂરી શરતો સાબિત કરવી પડશે. પહેલી એ કે જાહેર સ્થળે અથવા તેની આસપાસ અશ્લીલ શબ્દો બોલાયા હોય અને બીજું એ કે આવી વાતોથી અન્ય લોકોને પરેશાની થઈ હોય. અશ્લીલતા અને અભદ્રતા વચ્ચેનો તફાવત સમજાવતા બેન્ચે કહ્યું કે કાયદાકીય રીતે અશ્લીલતાનો અર્થ અભદ્રતા, ગાળાગાળી કે અપશબ્દોનો ઉપયોગ નથી. માત્ર ગાળાગાળી, અપશબ્દો અને અભદ્ર વાતોનો ઉપયોગ, ભલે તે ગમે તેટલી ખરાબ કે અસભ્ય કેમ ન હોય, તેને અશ્લીલતા માની શકાય નહીં. સુપ્રીમ કોર્ટે કહ્યું કે જે શબ્દો માત્ર ગાળાગાળી વાળા કે અપમાનજનક હોય છે, તેનાથી નફરત, તિરસ્કાર કે આશ્ચર્ય તો થઈ શકે છે, પરંતુ માત્ર આ કારણોસર તેઓ કાયદાની નજરમાં અશ્લીલ નથી બની જતા. આઈપીસીની કલમ ૨૯૪ હેઠળ કેસ બનવા માટે શબ્દોનું કામુક હોવું, કામુક લાગણીઓને ભડકાવનારું હોવું અને તેને સાંભળનારા કે વાંચનારાઓને બગાડવાની કે ભ્રષ્ટ કરવાની ક્ષમતા ધરાવતા હોવું જરૂરી છે.

# અમેરિકાથી કુદરત રૂઠી : જંગલોમાં આગ વચ્ચે પૂરનો કહેર

**૧૦ કરોડથી વધુ ઝેરી ધુમ્મસની ઝપેટમાં : દેશના અલગ-અલગ ભાગોમાં પૂર**

નવીદિલ્હી,તા.૧૮

અમેરિકા હાલ કુદરતના ત્રિપલ એટેકનો સામનો કરી રહ્યું છે. ટેક્સાસમાં વિનાશક પૂરથી ૨ મૃત્યુ થયા, જ્યારે ૧૫ રાજ્યોના જંગલોમાં લાગેલી ૬૮ દાવાનળ બેકાબૂ બની છે. કેનેડાના ધુમાડાથી ૧૦ કરોડથી વધુ લોકો ઝેરી ધુમ્મસની ઝપેટમાં છે. શિકાગોની હવા વિશ્વમાં બીજા નંબરે પ્રદૂષિત નોંધાઈ છે. આ સ્થિતિ ક્લાયમેટ ચેન્જનું પરિણામ છે.ચઅમેરિકા આ સમયે કુદરતના ત્રિપલ એટેક એટલે કે એકસાથે ત્રણ મોટી કુદરતી આપત્તિઓનો સામનો કરી રહ્યું છે. દેશના અલગ-અલગ ભાગોમાં પૂર, જંગલોની આગ અને ઝેરી ધુમ્મસના કારણે હાહાકાર મચી ગયો છે. સ્થિતિ એટલી ગંભીર છે કે વહીવટીતંત્ર દ્વારા કરોડો લોકોને ઘરોની અંદર જ રહેવાની કડક સલાહ આપવામાં આવી છે.

અમેરિકાના ટેક્સાસ રાજ્યના હિલ કન્ટ્રી વિસ્તારમાં છેલ્લા ત્રણ દિવસથી સતત થઈ રહેલા ભારે વરસાદે તબાહી મચાવી છે. મંગળવારથી અત્યાર સુધીમાં કેટલાક વિસ્તારોમાં ૨૭ ઈંચ કરતા પણ વધુ વરસાદ નોંધાયો છે, જેના કારણે પૂર જેવી ગંભીર સ્થિતિ સર્જાઈ છે. આ પૂરમાં અત્યાર સુધીમાં ૨ લોકોના મોતના અહેવાલ છે, જ્યારે સેંકડો લોકોને



સુરક્ષિત સ્થળોએ ખસેડવામાં આવ્યા છે. નદીઓનું જળસ્તર સતત વધી રહ્યું હોવાથી સત્તાવાળાઓએ આગામી સમયમાં સ્થિતિ વધુ વણસવાની ચેતવણી આપી છે. બીજી તરફ, અમેરિકાના ૧૫ રાજ્યોના જંગલોમાં લાગેલી આગ સંપૂર્ણપણે બેકાબૂ બની ગઈ છે. અમેરિકન એજન્સી નેશનલ ઈન્ટરએજન્સી ફાયર સેન્ટર (ગઈત્રક્ક)ના જણાવ્યા અનુસાર, દેશભરમાં આ સમયે ૬૮ મોટા જંગલો આગની ઝપેટમાં છે. પેસિફિક નોર્થવેસ્ટ ક્ષેત્રમાં વીજળી પડવાના કારણે અચાનક ૧૭ નવી જગ્યાએ આગ ફાટી નીકળી હતી. આ ભયાનક આગ પર કાબૂ મેળવવા માટે ૧૭,૪૦૦થી વધુ ફાયર ફાઈટર્સ અને સૈનિકો, ૧૪૦ હેલિકોપ્ટર તેમજ ૪ મિલિટરી ઈ-૧૩૦ એર ટેન્કર્સ તહેનાત કરવામાં આવ્યા છે. આ વર્ષે અત્યાર સુધીમાં આશરે ૩૭.૨ લાખ એકર જમીન બળીને ખાખ થઈ ગઈ છે. આ બે આપત્તિઓ વચ્ચે કેનેડાના જંગલોની આગમાંથી નીકળેલા ધુમાડાએ અમેરિકાના મિડવેસ્ટ, નોર્થઈસ્ટ અને વોશિંગ્ટન ડીસી સહિતના પૂર્વીય ભાગોને પોતાની ઝપેટમાં લઈ લીધા છે. પરિણામે ૧૦ કરોડથી વધુ લોકો ઝેરી ધુમ્મસની અસર હેઠળ આવ્યા છે અને ત્યાં એર ક્વોલિટી એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. શિકાગોની હવા વિશ્વની બીજા નંબરની સૌથી પ્રદૂષિત હવા નોંધાતા ત્યાંના તમામ પાર્ક અને બીચને અસ્થાયી ધોરણે બંધ કરી દેવામાં આવ્યા છે. હવામાન વૈજ્ઞાનિકોના મતે, આ ત્રણેય આપત્તિઓ અલગ-અલગ નથી પરંતુ ગ્લોબલ વોર્મિંગ અને ક્લાયમેટ ચેન્જનો જ એક ભાગ છે. વધતા જતા વૈશ્વિક તાપમાનને કારણે એક તરફ દુષ્કાળ અને જંગલોની આગ વધી રહી છે, તો બીજી તરફ વાતાવરણમાં ભેજ વધવાના કારણે રેકોર્ડબ્રેક વરસાદ અને પૂરની ઘટનાઓ સામે આવી રહી છે. નિષ્ણાતોએ ચેતવણી આપી છે કે જો આ સ્થિતિ પર નિયંત્રણ મેળવવામાં નહીં આવે, તો આગામી વર્ષોમાં આવી સંયુક્ત કુદરતી આપત્તિઓ વધુ સામાન્ય બની જશે.

# યુદ્ધવિરામ તૂટતાં વૈશ્વિક મહાયુદ્ધનો ખતરો

## કુવૈત ઍરપોર્ટ ઠપ, પીવાના પાણીની ગંભીર કટોકટી અને ક્રૂડ ઓઈલના ભાવમાં તોતિંગ ઉછાળો

નવી દિલ્હી, તા.૧૮

અમેરિકા અને ઈરાન વચ્ચે મહામહેનતે સ્થપાયેલો યુદ્ધવિરામ માત્ર એક જ સપ્તાહમાં તૂટી પડતાં મધ્ય પૂર્વ (Middle East) ફરી એકવાર યુદ્ધની ભઠ્ઠીમાં હોમાયું છે. બંને દેશો વચ્ચેનો વિવાદ હવે અત્યંત ગંભીર અને ભયજનક તબક્કે પહોંચી ગયો છે. અમેરિકા દ્વારા ઈરાન પર સતત કરવામાં આવી રહેલા હવાઈ હુમલા અને તેના જવાબમાં ઈરાન દ્વારા અખાતી દેશોમાં રહેલા અમેરિકન મથકો પર થયેલા મિસાઈલ અને ડ્રોન હુમલાઓએ સમગ્ર દુનિયાની ચિંતામાં વધારો કર્યો છે.

અમેરિકા અને ઈરાન વચ્ચે થયેલી સમજૂતી લાંબો સમય ટકી શકી નહીં. અમેરિકી સેનાએ સતત સાતમી રાત્રે ઈરાનના સંવેદનશીલ વિસ્તારો, લશ્કરી ઠેકાણાઓ, અંડરગ્રાઉન્ડ શસ્ત્ર ભંડારો અને સૈન્ય પુરવઠાના કેન્દ્રો (લોજિસ્ટિક્સ) પર જોરદાર હવાઈ હુમલા કર્યા હતા. યુએસ સેન્ટ્રલ કમાન્ડના જણાવ્યા અનુસાર, ઈરાનની સર્વેલન્સ સાઈટ્સને પણ નષ્ટ કરવામાં આવી રહી છે, જેથી ઈરાનની લશ્કરી તાકાતને કમજોર કરી શકાય.

અમેરિકાના હુમલાઓનો જડબાતોડ જવાબ આપવા ઈરાને ખાડી વિસ્તારમાં આવેલા અમેરિકાના સહયોગી દેશોને નિશાન બનાવ્યા છે. શનિવારે રાત્રે ઈરાને મિસાઈલ અને અત્યાધુનિક ડ્રોન વડે ભીષણ હુમલા કર્યા હતા. સતત થઈ રહેલા મિસાઈલ અને ડ્રોન હુમલાના સીધા જોખમને પગલે કુવૈત ઈન્ટરનેશનલ ઍરપોર્ટ પર તમામ ફ્લાઈટ્સ અને કામગીરી તાત્કાલિક ધોરણે સ્થગિત કરી દેવામાં આવી છે. સૌથી મોટી ચિંતાનો વિષય એ છે કે ઈરાની હુમલામાં કુવૈતના પાવર જનરેશન અને દરિયાઈ પાણીને મીઠું કરવાના પ્લાન્ટ (ડીસેલિનેશન પ્લાન્ટ) પર ભારે બોમ્બમારો કરવામાં આવ્યો છે. છેલ્લા ૪૮ કલાકમાં વોટર પ્લાન્ટ પર આ બીજો મોટો હુમલો છે, જેને કારણે નાગરિકો માટે પીવાના પાણીનું મોટું સંકટ ઊભું થયું છે.

ઈરાનની શક્તિશાળી સૈન્ય પાંખ ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોપ્ર્સ (IRGC) દ્વારા સત્તાવાર રીતે એવો દાવો કરવામાં આવ્યો છે કે તેઓએ કુવૈતમાં આવેલા અમેરિકાના સૈન્ય સપોર્ટ સેન્ટર 'કેમ્પ આરિફજાન' પર સીધો હુમલો કર્યો છે. આ ઉપરાંત અલી અલ સાલેમ એર બેઝ પર અમેરિકન રડાર સિસ્ટમ તોડી પાડી છે. બહેરીનમાં આવેલા શેખ ઈસા એર બેઝ અને ગુપ્તચર ડેટા સેન્ટર (ઈન્ટેલિજન્સ ડેટા સેન્ટર) પણ ઈરાનના નિશાના પર રહ્યા હતા.



ઈરાની મીડિયાના અહેવાલો મુજબ, જોર્ડનમાં આવેલા અલ અઝરક યુએસ બેઝ પર કરાયેલા હુમલામાં અમેરિકાના બે અત્યાધુનિક ફાઈટર એરક્રાફ્ટ સહિત કુલ પાંચ વિમાનો ખાખ થઈ ગયા છે. જોકે, આંતરરાષ્ટ્રીય ન્યૂઝ એજન્સી રોઈટર્સે હજુ સુધી આ દાવાઓની સ્વતંત્ર પુષ્ટિ કરી નથી.

આ યુદ્ધ માત્ર બે દેશો પૂરતું સીમિત રહ્યું નથી, પરંતુ તેની સીધી અસર વૈશ્વિક અર્થવ્યવસ્થા પર પડવા લાગી છે. દુનિયાના કુલ ઓઈલ સપ્લાયના ૨૦% હિસ્સા માટે જવાબદાર એવી હોર્મુઝ સ્ટ્રેટ (સામુદ્રધુની) હવે રણમેદાન બની ગઈ છે. અમેરિકાએ ઈરાનની આર્થિક કમર તોડવા દરિયાઈ નાકેબંધીની જાહેરાત કરી છે, જ્યારે ઈરાને વળતી ધમકી આપતાં તેના નિયમોનું ઉલ્લંઘન કરનારા કોઈપણ જહાજ પર હુમલો કરવાનું શરૂ કર્યું છે.

આ ભયાનક સ્થિતિને કારણે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના ભાવમાં એકાએક ૪% થી વધુનો ઉછાળો આવ્યો છે, જે છેલ્લા એક મહિનાની સર્વોચ્ચ સપાટી છે. ક્રૂડના વધતા ભાવ અને યુદ્ધની સ્થિતિ અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ માટે નવેમ્બરમાં યોજાનારી કોંગ્રેસની ચૂંટણીઓ પહેલાં એક મોટી રાજકીય મુશ્કેલી અને પડકાર બની શકે છે.

### માનવીય સંકટ અને સંયુક્ત રાષ્ટ્ર (UN) ની ચેતવણી

બંને પક્ષો દ્વારા થઈ રહેલા હુમલાઓમાં હવે સામાન્ય નાગરિકો ભોગ બની રહ્યા છે. ઈરાનના દક્ષિણી શહેર જાસ્કમાં અમેરિકન હુમલાઓને કારણે પાવર ગ્રીડ અને પાણીના પંપ સંપૂર્ણપણે તબાહ થઈ ગયા છે. પરિણામે, આસપાસના ૨૦ જેટલા ગામોના અંદાજે ૧૦,૦૦૦ થી વધુ નાગરિકો પીવાના પાણી અને વીજળી વગર ટળવળી રહ્યા છે.આ સમગ્ર મામલે સંયુક્ત રાષ્ટ્ર (UN) ના સેક્રેટરી-જનરલ એન્ટોનિયો ગુટેરેસે ઊંડી ચિંતા વ્યક્ત કરી છે. તેઓએ ખાસ કરીને નાગરિક સુવિધાઓ, ઍરપોર્ટ અને વોટર પ્લાન્ટ્સ પર થઈ રહેલા હુમલાઓની સખત શબ્દોમાં નિંદા કરી છે અને બંને દેશોને તાત્કાલિક સંઘર્ષ રોકવા અપીલ કરી છે.

# વેપન કાર્ટેલમાં વધુ ત્રણ હથીયાર સાથે એકને દબોચતી PCB



કુલ ૧૪ આરોપીઓ થયા અને ૩૧ હથીયારો જપ્ત થયા

રાજકોટ,તા.૧૮

શહેર પીસીબીની ટીમ દ્વારા વેપના કાર્ટેલનો પર્દાફાશ થયા પછી આ કાર્ટેલ અંતર્ગત હથીયારો ખરીદનારા એક પછી એક પકડાઇ રહ્યા છે. આ કામગીરી સતત પાંચમા દિવસે યથાવત રહી હતી. વધુ દેશી તમંચો, બે દેશી પિસ્તોલ સાથે બે શખ્સને પકડી લેવાયા હતાં. આ સાથે કુલ હથીયારોનો આંકડો ૩૧ અને કાર્ટીસનો આંકડો ૩૨ થયો છે. અત્યાર સુધીમાં કુલ ૧૪ આરોપીઓને પકડી લેવાયા છે

વિગતો જોઇએ તો પીસીબી દ્વારા ગેરકાયદે હથીયારોના કૌભાંડમાં આજે સુરેન્દ્રનગરના થાનગઢની મેઇન બજારમાં રહેતા યશપાલસિંહ જયપાલસિંહ ઝાલા ઉ.વ. ૨૬ ને ઝડપી લઇ બે પીસ્તોલ અને એક દેશી તમંચો કબ્જે કરવામાં આવ્યો હતો. આ હથીયાર તેણે ચોટીલાના મધ્યસ્થી અને અગાઉ ઝડપાયેલા પ્રદિપ અનકભાઇ કરપડા પાસેથી ખરીદયા હતા. પોલીસે ૨૦ હજાર ની કિંમતની બે પીસ્તોલ અને પાંચ હજારની કિંમતનો એક તમંચો કબ્જે કર્યો હતો. જો કે આ કિંમતથી ગ્રાહક એવા ભાવના ધોરણે હથીયારોનું ખરીદ વેચાણ કરાતુ હોવાનું ખુલ્યુ છે. ગત અઠવાડીયે રાજકોટ અમદાવાદ હાઇવે ઉપર કુવાડવા નજીક હથીયારોની ડીલીવરી કરવા મધ્યપ્રદેશનો મુખ્ય સપ્લાયર આવી રહયા ની બાતમી પરથી દેશી બનાવટની પીસ્તોલ-રીવોલ્વર, તમંચા સાથે પાંચ શખ્સોને ઝડપી લેવાયા હતા.

મધ્યપ્રદેશના ધાર જીલ્લાના મુખ્ય આરોપી શકીલ સાદીક મનસુરી ઉપરાંત લોકલ કડીના જયસુખ વાઘેલા, ગાવસ્કર ઉર્ફે દર્શન રોજાસરા, અનીલ ખેતરીયા અને પ્રદિપ કરપડા હથીયારોની ગેરકાયદે લે-વેચમાં સંકળાયેલા હતા. આ શખ્સોને ચાર દિવસના રીમાન્ડ પર લેવાયા બાદ ખરીદારોના નામ અને સરનામાં ખુલ્યા હતા જે અંતર્ગત અત્યાર સુધીમાં ૧૪ આરોપીઓ પાસેથી ૩૧ પીસ્તોલ-રીવોલ્વર, તમંચા અને ૩૨ કાર્ટીસ ઝડપી લેવાયા છે. આ કામગીરી એમ. આર. ગોંડલીયા, પો.સબ. ઇન્સ. પી.બી. ત્રાજીયા, આર.કે. જાડેજા, એએસઆઇ મયુરભાઇ પાલરીયા, સંતોષભાઇ મોરી, મહીપાલસિંહ ઝાલા, હરદેવસિંહ રાણા, કુલદીપસિંહ જાડેજા, વિજયભાઇ મેતા, ઉમેશભાઇ ચાવડા, દિલીપભાઇ બોરીચા, રાહુલગીરી ગૌસ્વામી નગીનભાઇ ડાંગર, હિરેનભાઇ સોલંકી, પ્રદીપસિંહ સરવૈયા, પો.કોન્સ. યુવરાજસિંહ રાણા, દેવરાજભાઇ કળોતરા, વાલજીભાઇ જાડા, હિરેન્દ્રસિંહ પરમાર, વિશાલભાઇ દવે, ડ્રા.પો.કોન્સ. જયેશભાઇ ગઢવીએ કરી હતી. પહેલી જ વખત આ રીતે સળંગ આટલા હથીયારો પકડવામાં પોલીસને સફળતા મળી છે.

# ઘર પાસે દારૂ વેંચવાની ના પાડનારનો હાથ ભાંગી નાંખ્યો



ત્રણ શખ્સોએ આડેધડ પાઇપના ઘા ફટકાર્યા

રાજકોટ,તા.૧૮

ઘર પાસે દારૂ વેંચવાની ના પાડનારા આધેડનો પાઇપના ઘા ફટકારી હાથ ભાંગી નખાયો હતો. અમરેલીના વડીયામાં રહેતાં આધેડે પોતાના ઘર નજીક દેશી દારૂ વેંચી રહેલા શખ્સોને શાંતિથી સમજાવી ઘર પાસે આવા ધંધા કરવાની ના પાડતાં આ શખ્સોએ ઉશ્કેરાઇ જઇ લોખંડના પાઇપ, ધોકાથી હુમલો કરી હાથ ભાંગી નાંખતા તેને સારવાર માટે રાજકોટ ખસેડાયા હતાં. જાણવા મળ્યા મુજબ વડીયામાં બરવાળા રોડ પર ઝૂપડપટ્ટી વિસ્તારમાં રહેતાં દિનેશભાઇ કનુભાઇ કાવટીયા પોતાના ઘર પાસે સવારે સાડા છએક વાગ્યે હતાં ત્યારે આ વિસ્તારના સિકંદર યુનુસભાઇ બાદશાહ, ઇટી અબુભાઇ બાદશાહ અને મુન્નો બાદશાહ સહિતનાએ ઝઘડો કર્યો હતો.

આ પછી લોખંડના પાઇપ, ધોકાથી બેફામ માર મારતાં શરીરે, ડાબા હાથે ઇજાઓ થતાં અમરેલી સારવાર લઇ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ થતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે વડીયા પોલીસને જાણ કરી હતી. દિનેશભાઇએ જણાવ્યું હતું કે હું ત્રણ ભાઇ અને એકે બહેનમાં મોટો છું અને મારે સંતાનમાં ત્રણ દિકરી છે.

હું છુટક મજુરી કરી ગુજરાન ચલાવું છું. મારા ઘર પાસે હુમલાખોર શખ્સો દારૂનું વેંચાણ કરતાં હોઇ તેને મેં ઘરમાં દિકરીઓ હોઇ ઘર પાસે આવા ધંધા નીહ કરવા અને આગળ જતાં રહેવાનું કહેતાં ઉશ્કેરાઇ જઇ હુમલો કર્યો હતો. વડીયા પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.

# તમામ ફેક્ટરીઓને અપાશે ફાયર NOC

## ગુજરાત સરકારના નિર્ણયથી મ્યુનિસિપલ હદ અને તેની બહાર આવેલી તમામ ફેક્ટરીઓને મોટી રાહતઃ ઉદ્યોગ જગતમાં ખુશીનો માહોલ



ગાંધીનગર, ૧૮

ગુજરાત સરકારે રાજ્યના ઔદ્યોગિક ક્ષેત્રે સુરક્ષા વ્યવસ્થા સુદ્રઢ કરવા અને વહીવટી પ્રક્રિયાને સરળ બનાવવા માટે એક અત્યંત મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. સરકારે અર્બન ડેવલપમેન્ટ ડિપાર્ટમેન્ટ (શહેરી વિકાસ વિભાગ) ને રાજ્યની તમામ ફેક્ટરીઓ માટે અગ્નિસલામતી અને ફાયર એનઓસી (NOC) જારી કરવાની એકમાત્ર જવાબદારી સોંપી દીધી છે. સરકારના આ ઐતિહાસિક નિર્ણયથી મ્યુનિસિપલ કોર્પોરેશનની હદમાં હોય કે તેની બહાર આવેલી તમામ ફેક્ટરીઓને સીધી અસર થશે અને વર્ષોથી ચાલતી વહીવટી ગૂંચવણનો અંત આવશે. આ પગલાથી ઔદ્યોગિક સલામતીના માપદંડોમાં મોટો સુધારો થવાની પ્રબળ આશા સેવાઈ રહી છે.

વાસ્તવમાં, વર્ષ ૨૦૨૧ માં યુડીડી (UDD) ના જીઆર પછી લેબર ડિપાર્ટમેન્ટ અને યુડીડી વચ્ચે જવાબદારી નક્કી કરવા બાબતે ભારે અસ્પષ્ટતા પ્રવર્તતી હતી. આ કારણે પાંચ વર્ષથી ચાલતી અનિશ્ચિતતા અને લોલંલોલની સ્થિતિને લીધે અનેક ફેક્ટરી માલિકોને ફાયર એનઓસી મેળવવામાં ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો હતો. લાંબા સમયથી ચાલી રહેલી આ અસમંજસનો હવે અંત આવ્યો છે. મુખ્ય સચિવના અધ્યક્ષપદે યોજાયેલી એક ઉચ્ચસ્તરીય બેઠકમાં આ અંગેનો આખરી નિર્ણય લેવામાં આવ્યો છે અને સરકારી અધિકારીઓના જણાવ્યા અનુસાર ટૂંક સમયમાં જ આ અંગેનું સત્તાવાર નોટિફિકેશન પણ જારી કરી દેવામાં આવશે.

આ નવી વ્યવસ્થા હેઠળ, અર્બન ડેવલપમેન્ટ વિભાગ ફેક્ટરીઓમાં આવશ્યક અગ્નિ નિવારણ વ્યવસ્થા સ્થાપવા અને ફાયર એનઓસી જારી કરવાનું મુખ્ય કામ સંભાળશે. જ્યારે બીજી તરફ, લેબર વિભાગ ઔદ્યોગિક સલામતી, અકસ્માત નિવારણ અને કાર્યસ્થળની સલામતીની દેખરેખ રાખવાનું કામ કરતો રહેશે. આ ઉપરાંત, સરકાર યુડીડીમાં વિશેષ 'ઔદ્યોગિક અગ્નિસલામતી વિંગ' ની સ્થાપના કરશે અને મ્યુનિસિપલ કોર્પોરેશનોમાં પણ ઔદ્યોગિક અને નોન-ઔદ્યોગિક ફાયર સર્વિસ વિભાગો અલગ-અલગ બનાવવામાં આવશે, જેના માટે વધારાની આર્થિક સહાય પણ પૂરી પાડવામાં આવશે.

ગુજરાતમાં હાલમાં ૫૧,૦૦૦ થી વધુ નોંધાયેલી ફેક્ટરીઓ આવેલી છે. તાજેતરના સમયમાં વારંવાર થતા ફેક્ટરી અગ્નિકાંડની ઘટનાઓને ધ્યાને રાખીને સરકારે આ કડક પગલું ભર્યું છે. સરકારના આ નિર્ણયને ઉદ્યોગ જગતે આવકાર્યો છે. સાનંદ ઇન્ડસ્ટ્રીઝ એસોસિએશનના પ્રમુખ અજિત શાહે નિર્ણયનું સ્વાગત કરતા જણાવ્યું કે, પાંચ વર્ષથી ફાયર એનઓસીની સિસ્ટમ ન હોવાથી ખરીદદારો તેની માંગ કરતા ત્યારે મુશ્કેલી પડતી હતી, જે હવે દૂર થશે. તેમણે સાનંદ ઔદ્યોગિક વિસ્તારમાં અલગ ફાયર સ્ટેશનની માંગ પણ દોહરાવી છે.

તો બીજી તરફ જીઆઈડીસી ઇન્ડસ્ટ્રીઝના પ્રમુખ ગિરીશ પટેલે જણાવ્યું કે તેમના વિસ્તારમાં આશરે ૨,૦૦૦ જેટલા યુનિટ્સ છે જ્યાં વારંવાર અગ્નિકાંડ થાય છે, તેમણે સ્પષ્ટ ધોરણો અને સ્વ-પ્રમાણન વ્યવસ્થાની માંગ કરી છે. આ નિર્ણયથી ગુજરાતના ઔદ્યોગિક વિકાસમાં અગ્નિસલામતીના ધોરણો વધુ મજબૂત બનશે અને ઉદ્યોગોને લાંબા સમયથી અપેક્ષિત મોટી રાહત મળશે.

### ગુજરાતના ૧૭,૦૦૦થી વધુ રેશનિંગ દુકાનદારોને મળશે સીધો આર્થિક લાભ

# વાજબી ભાવની દુકાનના સંચાલકોના કમિશનમાં વધારો

## પ્રતિ ક્વિન્ટલ કમિશન રૂ. ૧૫૦ થી વધારીને રૂ. ૧૮૫ કરાયુંઃ રાજ્ય સરકારનો મહત્વનો નિર્ણય



ગાંધીનગર, તા.૧૮

ગુજરાત સરકારે રાજ્યની જાહેર વિતરણ પ્રણાલી (PDS) ને વધુ સુદ્રઢ બનાવવા અને છેવાડાના માનવી સુધી અનાજ પહોંચાડતા વાજબી ભાવની દુકાનના સંચાલકોના હિતમાં એક અત્યંત મહત્વપૂર્ણ અને આવકારદાયક નિર્ણય લીધો છે. રાષ્ટ્રીય અન્ન સુરક્ષા કાયદા (NFSA)- ૨૦૧૩ હેઠળ વિતરણ કરવામાં આવતા અનાજ પર દુકાન સંચાલકોને અપાતા કમિશનમાં સરકારે નોંધપાત્ર વધારો કર્યો છે, જેનાથી રાજ્યના હજારો સંચાલકોને મોટી આર્થિક રાહત મળશે તેવું મનાય છે.

નિર્ણયની મુખ્ય વિગતો જોઈએ તો પ્રતિ ક્વિન્ટલ રૂ. ૧૫૦ના કમિશનમાં રૂ. ૩૫નો સીધો વધારો, નવું કમિશન રૂ. ૧૮૫ થશે.રાજ્યભરની ૧૭,૦૦૦ થી વધુ વાજબી ભાવની (રેશનિંગ) દુકાનોના સંચાલકોને લાભ મળશે. આ નવા કમિશન દરની ચૂકવણી ૧ એપ્રિલ, ૨૦૨૬ થી લાગુ કરવામાં આવશે.રાજ્ય સરકાર દ્વારા આ વધારાના કમિશન ચૂકવવા માટે રૂ. ૬૭.૨૦ કરોડ ની માતબર રકમની ફાળવણી કરવામાં આવી છે.

રાજ્યના અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતના વિભાગ દ્વારા આ અંગે સત્તાવાર ઠરાવ પસાર કરવામાં આવ્યો છે. રાષ્ટ્રીય અન્ન સુરક્ષા કાયદા હેઠળ તમામ અંત્યોદય અન્ન યોજના (AAY) અને પ્રાયોરિટી હાઉસહોલ્ડ (PHH) કક્ષાના કુટુંબોને જે ઘઉં અને ચોખાનું વિતરણ કરવામાં આવે છે, તેના પર અગાઉ દુકાનદારોને પ્રતિ ક્વિન્ટલ રૂ. ૧૫૦ કમિશન ચૂકવાતું હતું. હવે તેમાં ૩૫ રૂપિયાનો સીધો વધારો મંજૂર કરવામાં આવતા, દુકાનદારોને પ્રતિ ક્વિન્ટલ રૂ. ૧૮૫ નું કમિશન મળશે.

મુખ્યમંત્રીના સબળ નેતૃત્વમાં અને અન્ન, નાગરિક પુરવઠા તથા ગ્રાહક બાબતોના કેબિનેટ મંત્રી શ્રી રમણભાઈ સોલંકી તેમજ રાજ્ય મક્ષાના મંત્રી શ્રી પૂનમચંદ બરંડાના સીધા માર્ગદર્શન હેઠળ આ લોકહિતનો નિર્ણય લેવામાં આવ્યો છે.

છેલ્લા ઘણા સમયથી વાજબી ભાવની દુકાનના સંચાલકો દ્વારા સરકાર સમક્ષ આર્થિક સહયોગની અને કમિશન વધારવાની માંગણી કરવામાં આવી રહી હતી. સમયની સાથે વધતી મોંઘવારીમાં વાહન-વ્યવહાર (ટ્રાન્સપોર્ટેશન)નો ખર્ચ, દુકાન પર કામ કરતા શ્રમિકોની મજૂરી, ગોડાઉન અને દુકાનની જાળવણી તેમજ ઇન્ટરનેટ અને અન્ય રોજિંદા સંચાલન ખર્ચમાં મોટો વધારો થયો હતો. આ તમામ પાસાઓને ધ્યાનમાં રાખીને સરકારે સંચાલકોની માંગણી પ્રત્યે હકારાત્મક અભિગમ દાખવીને આ આર્થિક રાહત આપી છે.

અન્ન અને નાગરિક પુરવઠા વિભાગના ઠરાવ મુજબ, વધારેલા કમિશનના બોજને પહોંચી વળવા રાજ્ય સરકારે કુલ રૂ. ૬૭.૨૦ કરોડની વિશેષ જોગવાઈ કરી છે. જેમાંથી પારદર્શક વહીવટના ભાગરૂપે રકમ ખર્ચવામાં આવશે, જેમાં ૫૨.૬૧ કરોડઃ સામાન્ય શ્રેણી હેઠળ આવરી લેવાશે ૪.૧૧ કરોડઃ અનુસૂચિત જાતિ પેટાયોજના (SCSP - Scheduled Caste Sub-Plan) હેઠળ તેમજ ૧૦.૪૮ કરોડઃ જનજાતિ પેટાયોજના (TASP - Tribal Area Sub-Plan) હેઠળ.

### જાહેર વિતરણ પ્રણાલી વધુ મજબૂત બનશે

સરકારના આ પ્રોત્સાહક નિર્ણયથી છેવાડાના પરિવારો સુધી અનાજ પહોંચાડવાની વ્યવસ્થા (PDS) વધુ પારદર્શક અને સુદ્રઢ બનશે. દુકાનદારોને યોગ્ય વળતર મળવાથી તેઓ વધુ ઉત્સાહ અને પ્રમાણિકતાથી કામ કરી શકશે. પરિણામે, રાષ્ટ્રીય અન્ન સુરક્ષા અધિનિયમ હેઠળ રાજ્યના કરોડો પાત્રતા ધરાવતા ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારો સુધી અનાજનું વિતરણ વધુ સરળ, ઝડપી અને વિના અવરોધે થઈ શકશે.

# કુતરૂ ભસવા મામલે માનવીના ઘુરકીયાઃ યુવાન પર હુમલો

રાજકોટ,તા.૧૮

લોકોને માથાકુટ જ કરવી હોય તો કારણ કોઈપણ હોય બાકાઝીકી બોલાવી જ દેતા હોય છે. વિરપુર જલારામ ખાતે ભુવનેશ્વર નગર સોસાયટીમાં રહેતાં સંજયભાઇ ખીમજીભાઇ સોરઠીયા નામના યુવાન પર વિરપુર બસ સ્ટેશન પાસે સચીન, કાલી અને સુરેશ સહિતનાએ હુમલો કરી લાકડાના બારસાંખ અને ઢીકાપાટુનો બેફામ માર મારતાં સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે વિરપુર પોલીસને જાણ કરી હતી. સંજયભાઇ બે ભાઇ અને બે બહેનમાં મોટા છે. સંતાનમાં એક દિકરો અને એક દિકરી છે. તે ડ્રાઇવીંગ કરી ગુજરાન ચલાવે છે.

સંજયભાઇએ કહ્યું હતું કે અમારે પાળતુ કુતરો છે, મારા પત્નિ રૂપલબેને કુતરાને આટો મરાવવા નીકળ્યા ત્યારે કુતરૂ અમસ્તુ જ ભસતું હોઇ આ વખતે રોડ પર ઉભેલા સચીને તમારુ કુતરૂ કરડી જશે તેમ કહી માથાકુટ કરી હતી. આ પછી તેણે ફોન કરી બસ સ્ટેશન પાસે સમાધાનની વાત કરવા બોલાવતાં પોતે બસ સ્ટેશન પાસે જતાં સચીન અને તેની સાથેના સુરેશ, કાલી અને એક મહિલાએ મળી બારસાંખથી માર મારી ઢીકાપાટુ માર્યા હતાં. વિરપુર પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.

# પાવર ઓફ એટર્ની આપનારના નિધન બાદ એજન્ટની સત્તા સમાપ્ત

## મુખ્ય વ્યક્તિના અવસાન પછી પાવરના આધારે કરાયેલા કોઈપણ વ્યવહારને કાનૂની માન્યતા આપી શકાય નહીંઃ હાઈકોર્ટની ખંડપીઠનો મહત્વનો નિર્ણય



મિલકતના વ્યવહારને કાયદેસરની માન્યતા આપી શકાય જ નહીં.

અમદાવાદ, ૧૮

ગુજરાત હાઈકોર્ટે મિલકતના વ્યવહારો, વારસાઈ હક્કો અને પાવર ઓફ એટર્ની (મુખત્યારનામું) અંગેના કાયદાકીય પાસાઓને એકદમ સ્પષ્ટ કરતો એક અત્યંત મહત્વનો અને દૂરોગામી ચુકાદો આપ્યો છે. જસ્ટિસ ઈલેશ જે. વોરા અને જસ્ટિસ આર.ટી. વાચ્છાણીની સંયુક્ત ખંડપીઠે એક કેસની સુનાવણી દરમિયાન કાયદાનું અર્થઘટન કરતા સ્પષ્ટપણે ઠરાવ્યું છે કે, જે વ્યક્તિએ પાવર ઓફ એટર્ની આપી હોય, તે મુખ્ય વ્યક્તિ (પ્રિન્સિપાલ) ના નિધન સાથે જ એજન્ટ (પાવરદાર) ની તમામ સત્તાઓ અને અધિકારો કાયદાકીય જોગવાઈઓ હેઠળ આપમેળે સમાપ્ત થઈ જાય છે. હાઈકોર્ટે કડક વલણ અપનાવતા સાફ કર્યું છે કે મુખ્ય વ્યક્તિના અવસાન બાદ જૂની પાવર ઓફ એટર્નીના આધારે કરવામાં આવેલા કોઈપણ નાણાકીય કે મિલકતના વ્યવહારને કાયદેસરની માન્યતા આપી શકાય જ નહીં.

ઉચ્ચ ન્યાયાલયે પોતાના ચુકાદામાં ભારતીય કરાર અધિનિયમ (ઇન્ડિયન કોન્ટ્રેક્ટ એક્ટ) ની કલમ-૨૦૮ નો વિશેષ ઉલ્લેખ કર્યો હતો. ખંડપીઠે જણાવ્યું હતું કે, કાયદાની રૂએ એજન્ટ અને મુખ્ય વ્યક્તિ વચ્ચેનો સત્તાવાર સંબંધ વ્યક્તિના મૃત્યુની સાથે જ કાયમી ધોરણે અંત પામે છે. આ કાનૂની સ્થિતિ બાદ એજન્ટને મૃત વ્યક્તિ વતી સહી કરવાનો, મિલકત ટ્રાન્સફર કરવાનો કે કોઈ પણ અન્ય કાયદાકીય કાર્યવાહી કરવાનો સહેજ પણ અધિકાર રહેતો નથી. મૃત્યુ પામેલી વ્યક્તિ ક્યારેય કોઈ નવા કરાર કે દસ્તાવેજનો પક્ષકાર બની શકતી નથી, તેથી તેના નામે પાવરદાર દ્વારા કરવામાં આવતો કોઈ પણ વ્યવહાર કાયદાની નજરમાં ટકી શકે નહીં અને તે શૂન્ય ગણાય.

આ ચકચારી કેસની વિગતવાર પૃષ્ઠભૂમિ જોઈએ તો, અરજદાર પરસોત્તમભાઈ રણછોડભાઈ પંખણીયા અને તેમના પત્ની જ્યારે વિદેશ (લંડન) જઈ રહ્યા હતા, ત્યારે તેમણે સંપૂર્ણ વિશ્વાસ રાખીને પોતાના એક અંગત મિત્રને તેમના ફ્લેટની પાવર ઓફ એટર્ની (મુખત્યારનામું) સત્તાવાર રીતે આપી હતી. લંડન ગયા બાદ થોડા સમયમાં અરજદાર પરસોત્તમભાઈના પત્નીનું અવસાન થયું હતું. આ દુઃખદ ઘટનાનો ગેરલાભ ઉઠાવીને અને મિત્રતાના સંબંધોમાં ઘોર વિશ્વાસઘાત કરીને તે મિત્રએ પત્નીના મૃત્યુ બાદ પણ પાવર ઓફ એટર્નીનો ગેરકાયદેસર ઉપયોગ ચાલુ રાખ્યો હતો. એટલું જ નહીં, તેણે પરસોત્તમભાઈની જાણ બહાર તે કિંમતી ફ્લેટ એક ગિફ્ટ ડીડ (બક્ષિસ દસ્તાવેજ) મારફતે પોતાના જ એક નજીકના સંબંધીના નામે ટ્રાન્સફર કરી દીધો હતો.

આ છેતરપિંડીની જાણ થતા જ અરજદાર પરસોત્તમભાઈ પંખણીયાએ આ ગેરકાયદેસર ગિફ્ટ ડીડને પડકારતી દીવાની અપીલ સ્થાનિક ટ્રાયલ કોર્ટમાં દાખલ કરી હતી. જો કે, ટ્રાયલ કોર્ટમાંથી તેમને કોઈ કાનૂની રાહત ન મળતા, આખરે તેમણે ન્યાયની આશા સાથે ગુજરાત હાઈકોર્ટના દ્વાર ખખડાવ્યા હતા.

હાઈકોર્ટમાં ચાલેલી ધારદાર સુનાવણી દરમિયાન અરજદાર પરસોત્તમભાઈ વતી ઉપસ્થિત રહેલા જાણીતા એડવોકેટ શાર્વિલ પી. મજમુદારે અદાલત સમક્ષ સચોટ કાનૂની દલીલો રજૂ કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, પાવર ઓફ એટર્ની આપનાર મૂળ વ્યક્તિના મૃત્યુ પછી એજન્ટ તેનો લેશમાત્ર પણ ઉપયોગ કરી શકે નહીં અને તે કાયદાની દ્રષ્ટિએ રદબાતલ ગણાય. આ ઉપરાંત, તેમણે કોર્ટનું ધ્યાન દોર્યું હતું કે મૂળ પાવર ઓફ એટર્નીના દસ્તાવેજમાં ક્યાંય પણ મિલકતનું ગિફ્ટ ડીડ (બક્ષિસ) કરવાની કોઈ સત્તા કે કલમ એજન્ટને આપવામાં આવી જ ન હતી, છતાં સત્તાનો દુરુપયોગ કરવામાં આવ્યો છે.

ગુજરાત હાઈકોર્ટની ખંડપીઠે અરજદારના વકીલની આ તમામ વજનદાર દલીલો અને કાયદાના પ્રબંધોને સંપૂર્ણપણે ગ્રાહ્ય રાખ્યા હતા.

હાઈકોર્ટે ટ્રાયલ કોર્ટના અગાઉના આદેશને તાત્કાલિક અસરથી રદ કર્યો હતો અને પાવરના આધારે બનેલા વિવાદિત ગિફ્ટ ડીડને પણ સંપૂર્ણપણે ગેરકાયદેસર અને રદબાતલ (Null and Void) જાહેર કરતો હુકમ કર્યો હતો. કાનૂની નિષ્ણાતોના મતે, હાઈકોર્ટનો આ ચુકાદો ભવિષ્યમાં મિલકતના વિવાદો ઉકેલવા અને પાવર ઓફ એટર્નીના થતા વ્યાપક દુરુપયોગ તથા છેતરપિંડીના બનાવોને અટકાવવા માટે એક અત્યંત મહત્વપૂર્ણ અને સીમાચિહ્નરૂપ કાનૂની નમૂનો (Precedent) સાબિત થશે.

# મનપાની કાલની સામાન્ય સભા તોફાની બનવાના એંધાણ

## આજી રિવરફ્રન્ટ અને જંગલેશ્વર ડિમોલિશન મુદ્દે કોંગ્રેસ શાસકોને ઘેરશે : મેયરે સવાલ-જવાબ માટેની ૧ કલાકની સમયમર્યાદા હટાવી લેતા કોર્પોરેટરોને મળશે 'અનલિમિટેડ ટોકટાઈમ': ભાજપ-કોંગ્રેસના સભ્યોએ પૂછ્યા કુલ ૬૩ પ્રશ્નો

રાજકોટ, તા.૧૮

રાજકોટ મહાનગરપાલિકાની હવે દ્વિમાસિકમાંથી માસિક બનેલી આગામી સામાન્ય સભા આગામી સોમવાર એટલે કે તા. ૨૦ ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે મેયર ડો. નેહલ શુક્લના અધ્યક્ષસ્થાને શરૂ થવા જઈ રહી છે. ગત વખતનું જનરલ બોર્ડ સવારથી સાંજ સુધી ચાલ્યું હતું અને આ વખતે પણ પૂરો દિવસ કોર્પોરેટરોના પ્રશ્નોની ઉગ્ર ચર્ચા થાય તેવા સ્પષ્ટ એંધાણ વર્તાઈ રહ્યા છે. અલગ-અલગ જટિલ પ્રશ્નો પર અધિકારીઓ પાસે લાંબા જવાબો લેવાય તેવી પૂરી શક્યતા છે. આ બેઠકમાં વિપક્ષ કોંગ્રેસના ૫ કોર્પોરેટરોએ આજી રિવરફ્રન્ટ યોજનાથી માંડીને જંગલેશ્વર ડિમોલિશનના ખર્ચ, રેટ કોન્ટ્રાક્ટ અને ભંગાર વેચાણ સહિતની સંવેદનશીલ માહિતી માંગી હોવાથી ફરી એકવાર બોર્ડમાં જંગલેશ્વર ડિમોલિશન કાંડ ભારે ગાજશે તેવું મનાઈ રહ્યું છે.

સોમવારે સવારે પ્રશ્નોત્તરી કાળમાં ચર્ચાનો પ્રારંભ શાસક પક્ષ ભાજપના હાઉસિંગ સમિતિના ચેરમેન દિલીપભાઈ લુણાગરિયાના ટીપી (ઝડ) વિભાગના પ્રશ્નથી થશે. તેમણે કોર્પોરેશનના જુદા-જુદા હેતુના પ્લોટોની વર્તમાન સ્થિતિ, ભાડાની મિલકતો અને દબાણો સહિતની વિગતો માંગી છે. તો બીજી તરફ, કોંગ્રેસના કુલ ૭ કોર્પોરેટરોમાંથી ૫ કોર્પોરેટરોએ અત્યંત મહત્વના અને ચર્ચાસ્પદ મુદ્દાઓ પર શાસકો સામે સવાલો ઉઠાવ્યા છે. જેમાં પ્રશ્નોત્તરીના ત્રીજા ક્રમ પર વોર્ડ નં. ૧૫ ના કોંગ્રેસના નગરસેવક મકબુલ દાઉદાણીએ આજી રિવરફ્રન્ટ યોજનાની પ્રગતિ અંગે હિસાબ માંગ્યો છે. તેમણે લેખિતમાં પૂર્વ મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીના શાસનકાળમાં જાહેર કરાયેલા આજી રિવરફ્રન્ટ પ્રોજેક્ટની હાલની સ્થિતિ અંગે સવાલ કર્યા છે કે, પ્રોજેક્ટ માટે મંજૂર થયેલી રૂપિયા ૭૫૦ કરોડની મંજૂર ગ્રાન્ટમાંથી અત્યાર સુધી કેટલું કામ થયું? બજેટમાં વર્ષવાર કેટલી જોગવાઈ કરવામાં આવી અને કેટલો વાસ્તવિક ખર્ચ થયો તેનો વિગતવાર હિસાબ આપો. આ સાથે જ તમામ વિભાગોના વાર્ષિક રેટ કોન્ટ્રાક્ટ અને મહાપાલિકાની ભંગાર વેચાણની નીતિ અંગે પણ તેમણે ઝીણવટભરી માહિતી માંગતા મનપાના અધિકારીઓ વિગતો એકઠી કરવામાં ઊંધે માથે થયા છે.


રૂ. ૭૫૦ કરોડના રિવરફ્રન્ટ પ્રોજેક્ટનો હિસાબ અને વાર્ષિક રેટ કોન્ટ્રાક્ટ સહિતની વિગતો માંગતા વિપક્ષના ૫ નગરસેવકો

જ્યારે પ્રશ્નોત્તરીના ચોથા ક્રમ પર આ જ વોર્ડના કોર્પોરેટર મનીષાબેન રોજાસરાએ મહાપાલિકામાં વર્ગ-૧ અને ૨ ની ખાલી પડેલી અધિકારીઓની જગ્યાઓ, ઇન્ચાર્જ અધિકારીઓની સંખ્યા, વોર્ડ-૧૫ માં મેયરના લોકદરબારમાં રજૂ થયેલા પ્રશ્નોનો નિકાલ અને પ્રિ-મોન્સૂન કામગીરીની પોલ ખોલતી માહિતી માંગી છે. આ ઉપરાંત, વોર્ડ નં. ૧૬ ના મહિલા કોર્પોરેટર દીપીબેન સોલંકીએ જંગલેશ્વર ડિમોલિશન પાછળ મનપા દ્વારા કરવામાં આવેલા કુલ ખર્ચ, કોન્ટ્રાક્ટરોના બાકી ચૂકવણાં અને રેટ કોન્ટ્રાક્ટની વિગતો તેમજ ડિમોલિશન દરમિયાન તોડી પાડવામાં આવેલા ૫ સુલભ શૌચાલયના બદલામાં કયો વૈકલ્પિક પ્રબંધ કરાયો અને ચાલુ ચોમાસામાં શહેરના કેટલા રસ્તાઓ ધોવાઈ ગયા તેની ગંભીર વિગતો પૂછી છે.

વોર્ડ નં. ૧૬ ના જ કોર્પોરેટર અર્જુનભાઈ ચૌહાણે જંગલેશ્વર ડિમોલિશનના મંજૂર થયેલા બિલોની વિગતો, વર્ષ ૨૦૧૭ થી વર્ષ ૨૦૨૬ સુધીના મહાપાલિકાના બાકી બિલોની લેણદેણ તથા વોર્ડ-૧૮ માં થયેલી પ્રિ-મોન્સૂન કામગીરી અંગે તીખા સવાલો પૂછ્યા છે. તો કોંગ્રેસના ઈબ્રાહીમભાઈ સોરાએ વોર્ડ-૧૬ માં આજી રિવરફ્રન્ટના પ્રોજેક્ટ અંતર્ગત નદી કાંઠે અત્યાર સુધી કેટલા ડિમોલિશન કરવામાં આવ્યા અને ઘરવિહોણા બનેલા અસરગ્રસ્તોને ભાડા સહાય સહિત કઈ વૈકલ્પિક વ્યવસ્થા પૂરી પાડવામાં આવી તેની સત્તાવાર વિગતો માંગી છે. અગાઉના બોર્ડમાં કોંગ્રેસના પ્રશ્નોની ચર્ચા ક્યારેક જ સમયના અભાવે થતી હતી, પરંતુ હવે નવી ટર્મથી તમામ કોર્પોરેટરોને પૂરેપૂરો સમય અપાતો હોવાથી વિપક્ષ આજી રિવરફ્રન્ટ અને ડિમોલિશનના ખર્ચના મુદ્દાને બરાબરનો ચગાવશે તે નક્કી છે.

સવાલ-જવાબ કરવા કોર્પોરેટરોને મળશે અનલિમિટેડ ટોકટાઇમ મહાપાલિકાની સોમવારની સામાન્ય સભા સવારે ૧૧:૦૦ વાગ્યાથી શરૂ થઈને મોડી સાંજ સુધી ચાલશે તે નિશ્ચિત છે. મેયર નેહલ શુક્લએ નવી ટર્મથી સામાન્ય સભામાં સવાલ-જવાબની જે ૧ કલાકની જૂની સમયમર્યાદા હતી તે હટાવી દીધી છે. આ નિયમ બદલાતા હવે અધિકારીઓ અને ચૂંટાયેલા સભ્યો પાસે ચર્ચા માટે પૂરો સમય રહેશે. ખાસ કરીને કોંગ્રેસના કોર્પોરેટરોને પણ હવે પોતાનો વારો નથી આવતો તેવી ફરિયાદ કરવાની કોઈ તક મળવાની નથી. કોર્પોરેટરોને માત્ર આંટો મારીને બોર્ડમાંથી નીકળી જવાની જુની આદત પણ મેયરે બદલાવી નાખી છે. આ બેઠકમાં ભાજપ અને કોંગ્રેસના કોર્પોરેટરોએ કુલ ૬૩ જેટલા પ્રશ્નો રજૂ કર્યા છે અને સમય મર્યાદા ન હોવાથી તમામ ૬૩ પ્રશ્નોની વિગતવાર ચર્ચા થશે. પ્રશ્નોત્તરી સિવાય આ બેઠકમાં પોપટપરા પાસેની નવી આવાસ યોજનાને જનકભાઈ કોટક અને ગોધુમલભાઈ આહુજા નામ આપવાની તેમજ જામનગર રોડના નવનિર્મિત ફ્લાય ઓવર બ્રિજને ડો. શ્યામાપ્રસાદ મુખર્જીનું નામકરણ કરવા સહિતની ૪ મહત્વની દરખાસ્તો અને અધ્યક્ષ સ્થાનેથી રજૂ થઈ શકે તેવી અન્ય દરખાસ્તો એજન્ડા પર લેવામાં આવી છે.

---

### ચાંદીપુરા વાયરસના નિવારણ માટે

# રાજકોટ મનપા - તબીબી એસોસિએશનો મેદાને


રાજકોટ,તા.૧૮

રાજકોટ શહેરમાં ચાંદીપુરા વાયરસ (CHPV) ના સંભવિત ખતરાને ખાળવા, જનજાગૃતિ ફેલાવવા અને બાળકોમાં જોવા મળતા એક્યુટ એન્સેફેલાઈટિસ સિન્ડ્રોમ (અઊજ) નું સમયસર નિદાન અને સચોટ સારવાર મળી રહે તે માટે તબીબી આલમ સક્રિય બની છે. આરોગ્ય શાખા-રાજકોટ મહાનગરપાલિકા, ઈન્ડિયન મેડિકલ એસોસિએશન (IMA), ઈન્ડિયન એકેડેમી ઓફ પીડિયાટ્રિક્સ (IAP), ફિઝિશિયન એસોસિએશન રાજકોટ અને પી.ડી.યુ. મેડિકલ કોલેજના સંયુક્ત ઉપક્રમે ગત તા. ૧૭-૦૭-૨૦૨૬ ના રોજ રૈયા રોડ પર આવેલા પૂજ્ય પ્રમુખ સ્વામી ઓડિટોરિયમ ખાતે ચાંદીપુરા વાયરસ નિવારણ અંગે એક મહત્વપૂર્ણ સતત તબીબી શિક્ષણ (CME) કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ સેમિનારમાં રાજકોટ મહાનગરપાલિકાના આરોગ્ય અધિકારીઓ, નાયબ આરોગ્ય અધિકારીઓ, તમામ વોર્ડના મેડિકલ ઓફિસરો તેમજ રાજકોટ શહેરના ખાનગી બાળરોગ નિષ્ણાત (પીડિયાટ્રિશિયન) તબીબોએ મોટી સંખ્યામાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કાર્યક્રમ દરમિયાન ચાંદીપુરા વાયરસ (CHPV) અંગેની સરકારની તાજેતરની માર્ગદર્શિકા (ગાઈડલાઈન) અને તેનાથી બચવા માટેના નિવારક પગલાં અંગે તબીબો વચ્ચે વિસ્તૃત વૈજ્ઞાનિક ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી.

કાર્યક્રમ દરમિયાન ડ઼ઉઞ મેડિકલ કોલેજના તજજ્ઞો ડો. મનાલી વીરપરિયા, ડો. મધુલિકા મિસ્ત્રી અને ડો. ભાવેશ કાનાબાર દ્વારા ચાંદીપુરા વાયરસ અંગે જનજાગૃતિ લાવવા, રોગના લક્ષણોની વહેલી ઓળખ કરવા, કટોકટીના સમયે સમયસર પેશન્ટ રિફરલ સિસ્ટમ ગોઠવવા અને અસરકારક સર્વેલન્સ માટેનું સચોટ માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. આ ઉપરાંત ગ્રામ્ય અને શહેરી સમુદાય સ્તરે કયા પ્રકારના નિવારક પગલાં તાત્કાલિક અપનાવવા જોઈએ તે અંગે તબીબોને પ્રશિક્ષિત કરવામાં આવ્યા હતા.

આ મેડિકલ કોન્ફરન્સમાં આઈ.એમ.એ. રાજકોટના પ્રેસિડેન્ટ ડો. તેજસ કરમટા, સેક્રેટરી ડો. બીરજુ મોરી, આઈ.એ.પી. રાજકોટના પ્રેસિડેન્ટ ડો. કુણાલ આહિયા, સેક્રેટરી ડો. સાવન વામજા તેમજ



પૂજ્ય પ્રમુખ સ્વામી ઓડિટોરિયમ ખાતે યોજાયો વિશેષ 'CME' કાર્યક્રમ: મનપાના હેલ્થ ઓફિસરો અને પ્રાઈવેટ પેડિયાટ્રિશિયનો વચ્ચે સંકલન મજબૂત કરાશે

એસોસિએશન ઓફ ફિઝિશિયન્સના સેક્રેટરી ડો. ધ્રુવ કોટેચા સહિતના તબીબી જગતના અગ્રણી હોદ્દેદારો ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

તમામ મહાનુભાવોએ એકસૂરે સ્વીકાર્યું હતું કે ચાંદીપુરા વાયરસ સામેની લડાઈ જીતવા માટે સરકારી આરોગ્ય વિભાગ અને ખાનગી બાળરોગ નિષ્ણાતો વચ્ચેનું સંકલન (કો-ઓર્ડિનેશન) વધુ લોખંડી બનાવવું અનિવાર્ય છે. કાર્યક્રમના અંતે રાજકોટ મનપાના મુખ્ય આરોગ્ય અધિકારી ડો. જયેશ વકાણી દ્વારા ઉપસ્થિત તમામ તબીબોને અપીલ કરવામાં આવી હતી કે, તેઓ પોતાના ક્લિનિક કે હોસ્પિટલમાં આવતા CHPV ના કોઈપણ શંકાસ્પદ કેસની મનપાને તાત્કાલિક જાણ કરે, સમયસર સારવાર આપે અને અસરકારક સર્વેલન્સમાં સક્રિય સહભાગી બનીને શહેરીજનોની સુરક્ષા સુનિશ્ચિત કરે.

---

# કૃષ્ણપરા મટન માર્કેટના ૬ ધંધાર્થીઓ દંડાયા

## અનહાઈજેનિક અને અનસ્ટેમ્પ્ડ માંસ-ચિકનનું વેચાણ કરીને જન આરોગ્ય સાથે ચેડાં કરનારા વેપારીઓ સામે જિલ્લા તંત્રની લાલ આંખ

રાજકોટ, ૧૮

રાજકોટ શહેર અને જિલ્લામાં ખાદ્ય પદાર્થોમાં ભેળસેળ કરી તેમજ આરોગ્યપ્રદ નિયમોનું સરેઆમ ઉલ્લંઘન કરીને જનતાના સ્વાસ્થ્ય સાથે ગંભીર ચેડાં કરતા અસામાજિક ધંધાર્થીઓ સામે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા કડક હાથે દંડનીય કાર્યવાહીનો સપાટો શરૂ કરવામાં આવ્યો છે. તંત્રની સતત કાર્યવાહી છતાં પણ કેટલાક નફાખોર ધંધાર્થીઓએ ખાદ્યપદાર્થોમાં મિલાવટ અને ગંદકીનો દૌર સતત ચાલુ રાખ્યો છે, જેને ડામવા માટે કોર્ટે આકરો દંડ ફટકાર્યો છે. રાજકોટ જિલ્લા કલેક્ટર કચેરી ખાતે અધિક કલેક્ટરની કોર્ટમાં ફૂડ સેફ્ટી એક્ટ હેઠળના ૬ ગંભીર કેસો ચાલી જતાં, અદાલતે શહેરના પરાબજાર વિસ્તારમાં આવેલી કૃષ્ણપરા મટન માર્કેટના ૬ ધંધાર્થીઓને અનહાઈજેનિક (અસ્વચ્છ) પરિસ્થિતિમાં અને કાયદેસરના સિક્કા વગરના એટલે કે અનસ્ટેમ્પ્ડ માંસ તથા ચિકનનું વેચાણ કરવા સબબ કસૂરવાર ઠેરવ્યા છે. કોર્ટે પ્રત્યેક વેપારીને રૂપિયા ૧૦-૧૦ હજાર મળી કુલ રૂપિયા ૬૦ હજારનો આકરો દંડ ફટકારતો કડક આદેશ કર્યો છે.

અહીં એ બાબત ખાસ ઉલ્લેખનીય છે કે, રાજકોટ શહેરના નગરજનોને શુદ્ધ, સાત્વિક અને ગુણવત્તાયુક્ત ખાદ્ય પદાર્થો મળી રહે અને લોકો રોગચાળાનો ભોગ ન બને તે માટે રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન (છખઈ) ના ફૂડ સેફ્ટી વિભાગની ટીમો દ્વારા સમગ્ર શહેરમાં ધંધાર્થીઓને ત્યાં અવારનવાર ઓચિંતું ચેકિંગ અને સ્પેશિયલ ચેકિંગ ડ્રાઈવ સતત શરૂ રાખવામાં આવે છે. આ ઝુંબેશના ભાગરૂપે અગાઉ ફૂડ સેફ્ટી વિભાગના અધિકારીઓની એક ઉચ્ચ સ્તરીય ટીમે પરાબજાર ખાતે આવેલી કૃષ્ણપરા મટન માર્કેટમાં ઓચિંતો દરોડો પાડીને વ્યાપક તપાસણી હાથ ધરી હતી. આ સર્ચ ઓપરેશન દરમિયાન અધિકારીઓ પણ ચોંકી ઉઠ્યા હતા, કારણ કે લાયસન્સ વગર કે નિયમોના ઉલ્લંઘન સાથે વેચાણ કરતા આ વેપારીઓને ત્યાં અત્યંત દુર્ગંધયુક્ત અને ભયંકર ગંદકીનું સામ્રાજ્ય જોવા મળ્યું હતું, જે જાહેર આરોગ્ય માટે અત્યંત જોખમી હતું. આ ઓચિંતી તપાસ દરમિયાન ફૂડ ઈન્સ્પેક્ટરો દ્વારા જે-તે સ્થળ પરથી મટન અને ચિકનના શંકાસ્પદ સેમ્પલો (નમૂના) કાયદેસરની પ્રક્રિયા કરીને મેળવવામાં આવ્યા હતા. આ તમામ સેમ્પલોને વડોદરા કે સ્થાનિક સરકારી પબ્લિક હેલ્થ લેબોરેટરીમાં ઝીણવટભરી તપાસણી અર્થે મોકલવામાં આવ્યા હતા. લેબોરેટરીના ઓફિશિયલ રિપોર્ટમાં આ તમામ નમૂનાઓ સબ-સ્ટાન્ડર્ડ અને આરોગ્ય માટે હાનિકારક જાહેર થતાં એટલે કે સેમ્પલ ફેઈલ થતાં ફૂડ વિભાગ દ્વારા કાયદેસરના કેસો દાખલ કરવામાં આવ્યા હતા. આ ફૂડ સેફ્ટીના જૂના કેસો રાજકોટ જિલ્લા અધિક કલેક્ટર (અઉખ) બારોટ સાહેબની લાયસન્સિંગ અને જ્યુડિશિયલ કોર્ટમાં બોર્ડ પર આવ્યા હતા. જ્યાં સરકારી વકીલોની રજૂઆતો અને લેબોરેટરીના


વસીલા, શાલીમાર, એ-વન ફ્રેશ મીટ, તકદીર, ફરીદ અને જીએન ચિકનના સંચાલકોને માથે રૂા. ૧૦-૧૦ હજારનો દંડ: કલેકટર કચેરી ખાતે અધિક કલેકટર બારોટની કોર્ટનો સપાટો

ફેઈલ થયેલા રિપોર્ટના મજબૂત પુરાવાઓને ધ્યાને રાખીને અધિક કલેકટર બારોટે તમામ ૬ ધંધાર્થીઓને કસૂરવાર ઠરાવીને કુલ રૂપિયા ૬૦,૦૦૦ નો દંડ ફટકાર્યો હતો.

અદાલત દ્વારા જે ૬ પેઢીઓ અને તેના માલિકોને આકરો દંડ ફટકારવામાં આવ્યો છે તેની સત્તાવાર યાદી નીચે મુજબ છે: ૧. નાસીર હુસેન માંડલીયા (સંચાલક, વસીલા મટન શોપ) - રૂા. ૧૦,૦૦૦ નો દંડ ૨. જાકીર યુસુફભાઈ ચૌહાણ (સંચાલક, શાલીમાર મટન શોપ) - રૂા. ૧૦,૦૦૦ નો દંડ ૩. સલીમ કરીમભાઈ માંડલીયા (સંચાલક, એ-વન ફ્રેશ મીટ) - રૂા. ૧૦,૦૦૦ નો દંડ ૪. મહેબુબ આમદભાઈ માંડલીયા (સંચાલક, તકસીર મટન) - રૂા. ૧૦,૦૦૦ નો દંડ ૫. ફરીદભાઈ તૈયમભાઈ સીકારા (સંચાલક, ફરીદ ચિકન) - રૂા. ૧૦,૦૦૦ નો દંડ ૬. ફીરોજભાઈ મેમણ (સંચાલક, જી.એન. ચિકન) - રૂા. ૧૦,૦૦૦ નો દંડ

જિલ્લા વહીવટી તંત્ર અને એ.ડી.એમ. કોર્ટના આ આકરા વલણથી લલચામણી જાહેરાતો કરીને કે સસ્તામાં વાસી-ગંદુ માંસ વેચીને લોકોના જીવ જોખમમાં મૂકતા માંસ માર્કેટના અન્ય વેપારીઓમાં પણ ભારે ફફડાટ વ્યાપી ગયો છે. ફૂડ વિભાગના અધિકારીઓએ પણ સ્પષ્ટ કર્યું છે કે આગામી દિવસોમાં આ ચેકિંગ ડ્રાઈવ વધુ કડક બનાવવામાં આવશે અને કાયદાનું ઉલ્લંઘન કરનારાઓની દુકાનો સીલ કરવા સુધીના પગલાં લેવામાં સહેજ પણ ખચકાટ રાખવામાં આવશે નહીં.તેવી તાકીદ કરાઈ છે.

---

# ભક્તિનગર રેલવે સ્ટેશનનું આધુનિકીકરણ

## વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના હસ્તે ભક્તિનગર સ્ટેશન સહિત ૭૫ પુનઃ વિકસિત રેલવે સ્ટેશનનું વર્ચ્યુઅલી ઉદઘાટન


દેશમાં રેલવે સહિતના ક્ષેત્રોની દશા અને દિશા બદલવાનો સકારાત્મક પ્રારંભ : રાજ્યમંત્રી ત્રિકમ છાંગા

રાજકોટ તા. ૧૮

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના હસ્તે આજ રોજ 'અમૃત ભારત સ્ટેશન યોજના' હેઠળ ૨૦ રાજ્યોમાં આવેલા ૭૫ પુનઃ વિકસિત રેલવે સ્ટેશનનું વર્ચ્યુઅલી ઉદઘાટન કરવામાં આવ્યું હતું. જે અન્વયે રાજકોટ શહેરમાં રૂ. ૨૬.૮૦ કરોડના ખર્ચે પુનઃ વિકસિત ભક્તિનગર સ્ટેશન ખાતે યોજાયેલા કાર્યક્રમમાં રાજ્યકક્ષાના મંત્રી ત્રિકમભાઈ છાંગાની અધ્યક્ષતામાં ભક્તિનગર સ્ટેશનનું લોકાર્પણ તથા તક્તી અનાવરણ કરાયું હતું.

આ અવસરે ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ રાજ્યમંત્રી ત્રિકમભાઈ છાંગાએ જણાવ્યું હતું કે, ''ઐતિહાસિક રેલવે સ્ટેશનો પૈકી એક એવા ભક્તિનગર રેલવે સ્ટેશનનું આધુનિકીકરણ થતા પ્રવાસીઓની યાત્રા વધુ સુખદ, આરામદાયક અને સુરક્ષિત બની શકશે, જે રાજકોટ અને સમગ્ર ગુજરાત માટે ગૌરવની બાબત છે. વર્ષ ૨૦૧૪ પછી સમગ્ર દેશમાં રેલવે સહિતના ક્ષેત્રોની દશા અને દિશા બદલવાનો સકારાત્મક પ્રારંભ થયો છે, જેનાથી દેશના વિકાસને ગતિ મળી છે. આજે ટેક્નોલોજીના ઉપયોગને કારણે અનેક નવી અત્યાધુનિક ટ્રેનો દોડવાની શરૂઆત થઈ છે અને મુસાફરોની સગવડોમાં પણ વધારો થયો છે. ડબલ એન્જિનની સરકારના નેતૃત્વમાં આપણું રાજ્ય અવિરત પ્રગતિ કરી રહ્યું છે.'' મંત્રીએ આગામી સમયમાં આપણો દેશ અને ગુજરાત વિકાસની નવી ઊંચાઈઓ સર કરશે, તેમ જણાવી ૨૦૪૭માં વિકસિત ભારતના વિઝનને સાકાર કરવા માટે દરેક નાગરિકને સહયોગ આપવા અનુરોધ કર્યો હતો.

''આજે જ્યારે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં રેલવે સ્ટેશન વર્લ્ડ ક્લાસ બની રહ્યા છે, ત્યારે સ્ટેશનની સુંદરતાને જાળવી રાખવા માટે આપણે એક નાનો પણ મક્કમ સંકલ્પ લેવો જોઈએ - સ્ટેશન કે જાહેરમાં ક્યાંય પણ કચરો ન ફેંકવો. કાગળની ચિઠ્ઠી હોય કે વેસ્ટ રેપર, તેને કચરાપેટી કે ખિસ્સા કે બેગમાં રાખીએ, પણ જાહેરમાં ન નાખીએ. ત્યારે આપણા રાજકોટને હજી વધુ વિકસિત બનાવવા અને સમગ્ર ગુજરાત વિશ્વકક્ષાએ એક ડેવલપ સ્ટેટ તરીકે ઉભરી આવે, તે માટે સ્વચ્છતાના સંકલ્પને વધાવીએ.'' તેવું મેયર નેહલભાઈ શુક્લે જણાવ્યું છે.

''આજે આપણા દેશમાં રેલવે ક્ષેત્રે અનોખો વિકાસ અને વિશ્વાસ પ્રસ્થાપિત થયો છે. વર્ષ ૨૦૧૪માં નરેન્દ્રભાઈ મોદી વડાપ્રધાન પદે શોભાયમાન થયા, ત્યારથી રેલવે વ્યવસ્થામાં આમૂલ પરિવર્તન આવ્યું છે. વડાપ્રધાનના નેતૃત્વમાં દેશને વંદે ભારત, મેટ્રો અને બુલેટ ટ્રેન જેવી અત્યંત આધુનિક ટ્રેનો, વિશ્વસ્તરીય ઈન્ફ્રાસ્ટ્રક્ચર ધરાવતા સ્ટેશનો મળ્યા છે. ત્યારે એવું કહી શકાય કે સાચો વિકાસ એ જ છે, જેનો સીધો લાભ સામાન્ય લોકોને મળે છે.'' તેવું ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહે જણાવ્યું હતું.

''આજે દેશભરના ૭૫થી વધુ રેલવે સ્ટેશનોનું લોકાર્પણ થઈ રહ્યું છે, જે વિકસિત ભારતના રોડમેપને સાકાર કરે છે. વડાપ્રધાનએ દેશના વિકાસ માટે આધુનિક સુવિધાઓ આપીને રેલવે ક્ષેત્રે ક્રાંતિ લાવી છે. માસ ટ્રાન્સપોર્ટેશનનો ઉપયોગ કરવો એ આજના સમયની માંગ છે ત્યારે આપણે સૌએ પબ્લિક ટ્રાન્સપોર્ટનો વધુમાં વધુ ઉપયોગ કરવો જોઈએ. રેલવેની મુસાફરી આર્થિક રીતે ફાયદાકારક હોવાની સાથે સુરક્ષાની દ્રષ્ટિએ પણ ઉત્તમ છે. સૌરાષ્ટ્રના પાટનગર એવા રાજકોટના સર્વાંગી વિકાસ માટે કેન્દ્ર અને ગુજરાત સરકાર સતત આગળ વધી રહી છે, ત્યારે આપણે સૌ સાથે મળીને વડાપ્રધાનના 'વિકસિત ભારત'ના સંકલ્પમાં સહભાગી બનીએ તેમ ધારાસભ્ય રમેશભાઈ ટીલાળાએ જણાવ્યું હતું.

પશ્ચિમ રેલવે, રાજકોટ ડિવિઝન દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં ડી.આર.એમ. ગિરિરાજકુમાર મીનાએ શાબ્દિક સ્વાગત અને જનસંપર્ક નિરીક્ષક વિવેકભાઈ તિવારીએ સંચાલન કર્યું હતું. યુવાનોએ ગણેશ સ્તુતિ નૃત્ય, રાસ, હર હર ગંગે ગીત પ્રસ્તુત કર્યા હતાં. આ કાર્યક્રમના અનુસંધાને ગત તા. ૧૨થી તા. ૧૫ દરમિયાન આયોજિત વિકસિત રેલવે વિષયક ચિત્ર, નિબંધ અને સેલ્ફી સ્પર્ધાઓમાં ભાગ લેનારી દરેક શાળાના પ્રથમ ત્રણ વિજેતા વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર આપીને પ્રોત્સાહિત કરાયા હતાં. આ પ્રસંગે ઉપસ્થિતોએ વીડિયો કોન્ફરન્સના માધ્યમથી પ્રધાનમંત્રીની અધ્યક્ષતામાં યોજાયેલ કાર્યક્રમ તથા અમૃત ભારત સ્ટેશન યોજનાની શોર્ટ ફિલ્મ નિહાળી હતી.

આ તકે સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર સુનિલકુમાર મીના, પી.આર.ઓ. હેમરાજ મીના, ચીફ કોમર્શિયલ મેનેજર (યાત્રી સેવા) સ્વપિનલ વાલીંજકર, માધવભાઈ દવે સહિત અગ્રણીઓ, રેલ્વે સ્ટાફ અને મુસાફરો ઉપસ્થિત રહ્યાં હતાં.

રાજકોટ મિરર તંત્રીની કલમે

# ૫,૫૦૦ કિલો ઝેર

## ૨૦ દિવસમાં ૫.૫ ટન અખાદ્ય ખોરાકનો નાશઃ અતિ ગંભીર સ્થિતિ



રાજકોટ શહેરમાં છેલ્લા ૨૦ દિવસ દરમિયાન મહાપાલિકાના તંત્ર દ્વારા ૫,૫૦૦ કિલો એટલે કે ૫.૫ ટન અખાદ્ય ખોરાકનો નાશ કરવામાં આવ્યો છે. આ આંકડો કોઈ સામાન્ય આંકડો નથી, પરંતુ તે શહેરની ગંભીર અને ચિંતાજનક સ્થિતિનું પ્રતિબિંબ છે. બજારમાં લોકોના સ્વાસ્થ્ય સાથે સીધો ખીલવાડ થઈ રહ્યો છે. જે ખોરાક પકડાયો છે તે માત્ર હિમશિલાની ટોચ હશે, વાસ્તવમાં આના કરતા અનેકગણો ઝેરી ખોરાક અત્યારે પણ લોકોના પેટમાં જઈ રહ્યો છે.

રાજકોટની આ સ્થિતિ સમગ્ર ગુજરાતની બદતર પરિસ્થિતિનું પ્રમાણ છે. જાહેર આરોગ્ય સાથે આટલા મોટા ચેડાં થતા હોવા છતાં, સમાજ અને તંત્ર બંને જાણે ગાઢ નિદ્રામાં છે. નાની ઉંમરે ગંભીર અને જીવલેણ રોગોનો ભોગ બનતા લોકોની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. આ પાછળનું મુખ્ય કારણ ભેળસેળિયો અને ઝેરી ખોરાક છે. સ્વાદના ચક્કરમાં લોકો અજાણતા જ મોતને આમંત્રણ આપી રહ્યા છે.

સૌથી વધુ આશ્ચર્યજનક વાત એ છે કે, આટલી ગંભીર સ્થિતિ હોવા છતાં સરકાર કે પ્રજામાં જોઈએ તેવી જાગૃતિ નથી. ઝેરી ખોરાક બનાવનારાઓ સામે જે કાયદા છે તે અત્યંત સામાન્ય છે. વળી, તેનો અમલ પણ ખૂબ જ મનસ્વી અને ઢીલો થાય છે. જ્યારે સજાનો ડર ન હોય ત્યારે ગુનેગારો વધુ બેફામ બને છે. જેને આપણે જાગૃત ગુજરાત કહીએ છીએ, તે આ બાબતમાં સાવ પાછળ અને નિષ્ક્રિય સાબિત થઈ રહ્યું છે.

કથિત રીતે પ્રતિષ્ઠિત અને મોંઘી ફૂડ બ્રાન્ડ્સના આઉટલેટ્સમાં પણ અખાદ્ય અને સડેલો ખોરાક મળી આવ્યો છે. ગ્રાહકો જે બ્રાન્ડ પર વિશ્વાસ મૂકે છે, ત્યાં જ તેમની સાથે દગો થઈ રહ્યો છે. આજે રાજકોટ સ્વાદિષ્ટ વાનગીઓના નામે સ્વાદિષ્ટ મોત આરોગી રહ્યું છે. જો હવે પણ જાગૃતિ નહીં આવે, તો આવનારો સમય વધુ ભયાનક હશે. સરકારે કાયદો કડક બનાવવો પડશે અને તેનો કડક અમલ કરવો પડશે. નાગરિકોએ પણ પોતાના સ્વાસ્થ્ય પ્રત્યે અત્યંત સજાગ બનવું પડશે. યાદ રાખો, તમારા સ્વાસ્થ્યની રક્ષા તમારા જ હાથમાં છે. હવે જો તમે નહીં જાગો, તો પરિણામ ખૂબ જ ઘાતક આવશે. સાવધાન રહેવું એ જ આજની તાતી જરૂરિયાત છે.

# ભારતનું પહેલું ખાનગી ઓર્બિટલ રોકેટ લોન્ચઃલો અર્થ ઓર્બિટમાં પહોંચ્યું

## રોકેટ ૮૯.૫ કિમીની ઊંચાઈ સુધી ગયું હતું. હવે 'વિક્રમ-૧' ૪૫૦ કિમીની પૃથ્વીની નીચલી કક્ષા (લો અર્થ ઓર્બિટ) સુધી જશે








શ્રીહરિકોટા,તા.૧૮

હૈદરાબાદની સ્કાયરૂટ એરોસ્પેસ આજે શનિવાર, ૧૮ જુલાઈના રોજ ભારતનું પ્રથમ પ્રાઈવેટ ઓર્બિટલ રોકેટ 'વિક્રમ-૧'નું લોન્ચ કર્યું છે. રોકેટને ૧૨:૦૫ વાગ્યે લોન્ચ કરવામાં આવ્યું. આ લોન્ચિંગ આંધ્ર પ્રદેશના શ્રીહરિકોટાથી સવારે ૧૧:૩૦ વાગ્યે થવાનું હતું, પરંતુ લોન્ચના ૫ મિનિટ પહેલા કાઉન્ટડાઉનને રોકી દેવામાં આવ્યું હતું થોડી વાર હોલ્ડ કર્યા બાદ તેને ફરીથી શરૂ કરવામાં આવ્યું.

કંપનીએ ૨૦૨૨માં પવિક્રમ-જ્ય સબઓર્બિટલ રોકેટ લોન્ચ કર્યું હતું, જે ૮૯.૫ કિમીની ઊંચાઈ સુધી ગયું હતું. હવે 'વિક્રમ-૧' ૪૫૦ કિમીની પૃથ્વીની નીચલી કક્ષા (લો અર્થ ઓર્બિટ) સુધી જશે. ફઆ લોન્ચિંગને પમિશન આગમનપ નામ આપવામાં આવ્યું છે. આ અંતર્ગત પવિક્રમ-૧થ રોકેટ પોતાની સાથે ટેકનોલોજીથી લઈને કલા સાથે જોડાયેલા પેલોડ્સ અવકાશમાં લઈ જઈ રહ્યું છે. વડાપ્રધાન મોદીએ શુભેચ્છાઓ પાઠવી છે. કોસ્મોસ ડાયમંડ્સની કલાકૃતિ પકોસ્મિક બ્લૂમથ અને એક ખાસ માઈક્રો-આર્ટ પીસ પણ રોકેટમાં મોકલવામાં આવી રહ્યો છે. આ માઈક્રો-આર્ટ પીસ ૧૮ કેરેટ સોનાથી બનેલો નાનો રોકેટ છે. તેના પર વૈજ્ઞાનિક સર સી વી રમણ, ડો. વિક્રમ સારાભાઈ અને ડો. કલામની સૂક્ષ્મ મૂર્તિઓ કોતરવામાં આવી છે.વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હાથથી લખેલો એક પોસ્ટકાર્ડ પણ રોકેટમાં જશે, જેના પર પવંદે માતરમથ શબ્દ અંકિત છે.

પવિક્રમ-૧થ સંપૂર્ણપણે હળવા અને મજબૂત કાર્બન-કમ્પોઝિટ સ્ટ્રક્ચરથી બનેલું પ્રથમ ઓર્બિટલ રોકેટ છે. કાર્બન ફાઈબર સ્ટીલની સરખામણીમાં પાંચ ગણું હળવું હોય છે. આનાથી રોકેટનું વજન ઓછું થાય છે, જેનાથી તેની ઇંધણ કાર્યક્ષમતા વધે છે. રોકેટને ઊર્જા આપવા માટે તેમાં ત્રણ સોલિડ-ફ્યુઅલ સ્ટેજ અને એક લિક્વિડ ઓર્બિટલ એડજસ્ટમેન્ટ મોડ્યુલ આપવામાં આવ્યું છે.

રોકેટની નીચે લાગેલા ત્રણ અત્યંત શક્તિશાળી પબૂસ્ટર્સથની જેમ સમજી શકો છો, જેમાં ઘન ઈંધણ જેમ કે દારૂગોળા જેવું ઘન કેમિકલ ભરેલું હોય છે. રોકેટને જમીન પરથી ઉઠાવીને આકાશ તરફ ધકેલવા માટે શરૂઆતમાં ખૂબ જ ભારે તાકાતની જરૂર પડે છે. આ ત્રણેય સોલિડ સ્ટેજ એક પછી એક સળગે છે અને રોકેટને શરૂઆતનો ધક્કો આપીને અવકાશની સીમા લો અર્થ ઓર્બિટની નજીક પહોંચાડી દે છે. લિક્વિડ ઓર્બિટલ એડજસ્ટમેન્ટ મોડ્યુલ. આ રોકેટના ઉપરના ભાગમાં લાગેલો એક અત્યંત બારીક અને સ્માર્ટ પ્રવાહી ઈંધણવાળો નાનો એન્જિન હોય છે. જ્યારે રોકેટ અવકાશમાં પહોંચી જાય છે, ત્યારે ત્યાં ઘન ઈંધણ કામ આવતું નથી કારણ કે તેને પોતાની મરજીથી ચાલુ કે બંધ કરી શકાતું નથી. અહીં પલિક્વિડ મોડ્યુલથ કામ આવે છે. અવકાશમાં સેટેલાઈટને સાચી દિશા આપવા, રોકેટની ગતિ ઓછી-વધતી કરવા અને સેટેલાઈટને તેની નિર્ધારિત કક્ષામાં પએડજસ્ટથ એટલે કે સ્થાપિત કરવાનું કામ કરે છે.

પસ્કાયરૂટ એરોસ્પેસથની શરૂઆત ક્યારે અને કયા ઉદ્દેશ્યથી થઈ હતી? તે અંગે જોઈએ તો સ્કાયરૂટની શરૂઆત લગભગ ૮ વર્ષ પહેલા ૨૦૧૮માં થઈ હતી. તેને શરૂ કરવાનો મુખ્ય ઉદ્દેશ્ય ભારતમાં જ અત્યંત સસ્તું અને ભરોસાપાત્ર રોકેટ્સનું નિર્માણ કરવાનો છે, જેથી દુનિયાભરના સેટેલાઈટ ઓપરેટર્સને ઓન-ડિમાન્ડ અને બજેટ-ફ્રેન્ડલી લોન્ચિંગ સોલ્યુશન્સ આપી શકાય. આ રોકેટનું નામ પવિક્રમ-૧થ શા માટે રાખવામાં આવ્યું છે અને તેનું શું મહત્વ જાણીએ તો ભારતીય અવકાશ કાર્યક્રમના જનક ડો. વિક્રમ સારાભાઈના સન્માનમાં પવિક્રમ-૧થ રાખવામાં આવ્યું છે. ડો. સારાભાઈએ જ દેશના સ્પેસ સેક્ટરનો મજબૂત પાયો નાખ્યો હતો. સ્કાયરૂટ તેના તમામ રોકેટ્સના નામ તેમના સન્માનમાં આ જ શ્રેણી પર રાખે છે. વર્ષ ૨૦૨૨માં લોન્ચ કરવામાં આવેલ પ્રથમ સબઓર્બિટલ રોકેટ પવિક્રમ-એસથ પણ આ જ સન્માન શૃંખલાનો ભાગ હતો.લોન્ચિંગથી ભારતના સ્પેસ સેક્ટરને શું ફાયદા થશે? તે વિષે જોઈએ તો ભારતના પ્રાઈવેટ સ્પેસ સેક્ટર માટે ગેમ ચેન્જર સાબિત થઈ શકે છે. અત્યાર સુધી સેટેલાઈટ લોન્ચ કરવાનું કામ માત્ર સરકારી એજન્સી પઈસરોથ જ કરતી હતી, પરંતુ હવે ખાનગી કંપનીઓ પણ તેમાં ભાગીદાર બની રહી છે.સ્કાયરૂટ જેવી સ્થાનિક ખાનગી કંપનીઓના આગમનથી વિદેશી સેટેલાઈટ કંપનીઓને ભારતમાં અત્યંત સસ્તા, ભરોસાપાત્ર અને ઓન-ડિમાન્ડ લોન્ચિંગ વિકલ્પો મળશે.આનાથી દેશની સ્પેસ ઈકોનોમી મજબૂત થશે.

નવા સ્ટાર્ટઅપ્સને પ્રોત્સાહન મળશે અને સ્પેસ સેક્ટરમાં મોટા પાયે રોકાણ અને રોજગારીની તકો ઊભી થશે. જ્યારે સ્કાયરૂટના સ્થાપકો કોણ છે અને તેમનું શું કહેવું છે ? તે જોઈએ તો સ્કાયરૂટ એરોસ્પેસની સ્થાપના પવન કુમાર ચંદના (સ્થાપક અને સીઈઓ) અને નાગા ભરત ડાકા (સહ-સ્થાપક અને સીઓઓ) એ સાથે મળીને કરી છે. સીઈઓ પવન કુમાર ચંદનાએ કહ્યું કે, પઆ અમારી પ્રથમ ટેસ્ટ ફ્લાઈટ છે અને તેનાથી અમને અવકાશની કક્ષામાં રોકેટના વર્તનનો અત્યંત કિંમતી ડેટા મળશે.થસીઓઓ નાગા ભરત ડાકાએ કહ્યું કે, પઅમારો અને અમારી આખી ટીમનો આઠ વર્ષનો કઠોર પ્રયાસ આજે આ ઐતિહાસિક સીમાચિહ્નરૂપે સાકાર થઈ રહ્યો છે. સ્કાયરૂટની શરૂઆત ૨૦૧૮માં પવન કુમાર ચંદના અને નાગા ભરત ડાકાએ કરી હતી. ૨૦૨૨ માં લોન્ચ થયેલા પવિક્રમ-એસથ અને આ નવા પવિક્રમ-૧થ રોકેટમાં શું તફાવત છે? બંને રોકેટમાં ટેકનોલોજી અને ક્ષમતાના સ્તરે મોટો તફાવત છે. વિક્રમ-એસઃ આ વર્ષ ૨૦૨૨માં લોન્ચ થયેલ દેશનું પ્રથમ પ્રાઈવેટ સબઓર્બિટલ રોકેટ હતું. તે ફક્ત ૮૯.૫ કિમીની ઊંચાઈ સુધી ગયું અને પાછું આવી ગયું. તે પૃથ્વીની કક્ષામાં ચક્કર લગાવવા માટે બન્યું ન હતું, ફક્ત ટેસ્ટિંગ માટે હતું.

# કોઈ તાકાત વિદ્યાર્થીઓને રોકી નહીં શકે

## સોનમ વાંગચુકના આંદોલન પર રાહુલ ગાંધીની પ્રથમ પ્રતિક્રિયા

નવી દિલ્હી, તા.૧૮

સોનમ વાંગચુકને ધરણા પ્રદર્શન પરથી હટાવ્યા બાદ દિલ્હી પોલીસે તેમને સફદરજંગ હોસ્પિટલમાં એડમિટ કર્યા છે. આ કાર્યવાહીને લઈને સરકાર વિપક્ષના નિશાના પર આવી ગઈ છે. હવે કોંગ્રેસ નેતા અને લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ એક્સ (ડ) પર એક પોસ્ટ શેર કરી છે, જેમાં તેમણે પીએમ મોદી પર આકરા પ્રહારો કર્યા છે. રાહુલ ગાંધીએ જણાવ્યું કે, પમોદી સરકારનો મુખ્ય સિદ્ધાંત અસત્ય અને હિંસા છે. સોનમ વાંગચુકજી જ્યારે એક અહિંસક ભૂખ હડતાળ પર બેઠા હતા, ત્યારે તેમને જંતર-મંતર પરથી હટાવવા તે તદ્દન ખોટું છે. પેપર લીક, શિક્ષણનો વધતો ખર્ચ અને વિદ્યાર્થીઓના સુસાઈડ એ ભારતના ભવિષ્ય માટે ગંભીર મુદ્દાઓ છે. પરાહુલ ગાંધીએ વધુમાં ઉમેર્યું કે, પકોઈપણ તાકાત



ભારતના વિદ્યાર્થીઓને અને અમારામાંથી જે લોકો તેમના પર વિશ્વાસ રાખે છે, અને તેમને પ્રેમ કરે છે, તેમને આ મુદ્દાઓ ઉઠાવતા રોકી શકશે નહીં.થ

૧૮ જુલાઈની સવારે અનિશ્ચિત મુદ્દતની ભૂખ હડતાળ પર બેઠેલા સોનમ વાંગચુકના ઉપવાસના ૨૧માં દિવસે તબિયત લથડતા દિલ્હી પોલીસે તેમને સફદરજંગ હોસ્પિટલમાં એડમિટ કર્યા છે. પોલીસે પોતાના નિવેદનમાં જણાવ્યું છે કે, આ કાર્યવાહી મેડિકલ એક્સપર્ટ્સની સલાહ અને દિલ્હી હાઈકોર્ટના નિર્દેશોના આધારે કરવામાં આવી છે. લાંબા સમય સુધી ભૂખ હડતાળ અને શરીરમાં પાણીની અછત (ડીહાઈડ્રેશન) થવાના કારણે તેમની હાલત ખૂબ જ નબળી પડી ગઈ હતી.

બીજી તરફ, સોનમ વાંગચુક સફદરજંગ હોસ્પિટલમાં દાખલ થયા બાદ, હોસ્પિટલ પરિસર અને તેની આસપાસના વિસ્તારોમાં સુરક્ષા વ્યવસ્થા ચુસ્ત કરી દેવામાં આવી છે. આ દરમિયાન દિલ્હી પોલીસ અને અર્ધલશ્કરી દળો (પેરામિલિટ્રી ફોર્સ) તૈનાત કરવામાં આવ્યા છે. તેમજ કાયદો અને વ્યવસ્થા જાળવી રાખવા માટે ઘણી જગ્યાએ બેરિકેડિંગ પણ લગાવવામાં આવ્યા છે.

# LOC પર ભારત-પાક. વચ્ચે ગોળીબાર

## PoJK ની બગડતી સ્થિતિ પરથી ધ્યાન ભટકાવવા પાકિસ્તાનનો પેંતરોઃ આતંકીઓને ઘૂસણખોરી કરાવવા પાક. સેનાનું અંધાધૂંધ કવર ફાયરિંગ

નવી દિલ્હી/જમ્મુ, ૧૮ જુલાઈઃ પાકિસ્તાન ઓક્યુપાઈડ જમ્મુ-કાશ્મીર (PoJK)માં સતત બગડતી આંતરિક પરિસ્થિતિ અને જનતાના ઉગ્ર વિરોધ પ્રદર્શનથી દેશ અને દુનિયાનું ધ્યાન ભટકાવવા માટે પાકિસ્તાની સેનાએ ફરી એકવાર સરહદ પર નાપાક પેંતરો રચ્યો છે. ગઈકાલે મોડી રાત્રે જમ્મુ-કાશ્મીરના રાજૌરી જિલ્લામાં લાઈન ઓફ કંટ્રોલ (LOC) પર પાકિસ્તાન તરફથી અચાનક ભારે ફાયરિંગ કરવામાં આવ્યું હતું. ભારતીય સેનાએ પણ આ ઉશ્કેરણીજનક ગોળીબારનો સામનો કરતા પાકિસ્તાનને તેની જ ભાષામાં જડબાતોડ વળતો જવાબ આપ્યો છે. ગયા વર્ષે સરહદ પર થયેલા ઐતિહાસિક પઓપરેશન સિંદૂરથ બાદ આ પહેલીવાર છે જ્યારે બંને દેશો વચ્ચે આટલી ભારે



માત્રામાં આમને-સામને ગોળીબાર થયો હોય. સૈન્ય સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, ગઈકાલે રાત્રે આશરે ૧૦ થી ૧૧ વાગ્યાની આસપાસ રાજૌરી જિલ્લાના તરકુંડી ફોરવર્ડ એરિયામાં પાકિસ્તાની સેના દ્વારા નાના હથિયારોથી અચાનક ભારે ગોળીબાર શરૂ કરી દેવામાં આવ્યો હતો. શરૂઆતમાં ભારતીય સેનાએ તેને માત્ર એક ઉશ્કેરણીજનક પ્રવૃત્તિ ગણીને ભારે સંયમ જાળવ્યો હતો. પરંતુ જ્યારે સરહદ પારથી ફાયરિંગ વધુ તેજ થયું, ત્યારે ભારતીય જવાનોએ પણ મોરચો સંભાળી લીધો અને પાકિસ્તાની ચોકીઓ પર જોરદાર પ્રહાર કર્યો હતો. સૈન્ય અધિકારીઓના જણાવ્યા અનુસાર, બોર્ડર પર તહેનાત ભારતીય જવાનોએ રાત્રિના સમયે સરહદ પારથી કેટલાક શંકાસ્પદ આતંકીઓની હિલચાલ જોઈ હતી. આતંકીઓ ભારતીય સરહદમાં ઘૂસણખોરી કરવાનો પ્રયાસ કરી રહ્યા હોવાની આશંકા જણાતા જ સેનાએ તાબડતોબ ફાયરિંગ શરૂ કર્યું હતું. ત્યારબાદ પાકિસ્તાની સેનાએ આ આતંકીઓને કવર ફાયર આપવા માટે પોતાના તરફથી નાના હથિયારો વડે બ્લાઈન્ડ ફાયરિંગ શરૂ કરી દીધું હતું. આ ગોળીબાર મોડી રાત સુધી અટકતા-અટકતા ચાલુ રહ્યો હતો. જો કે, આ ઘટનામાં કોઈ જાનહાનિના અહેવાલ નથી અને શનિવારે સવારથી જ સમગ્ર વિસ્તારમાં મોટા પાયે સર્ચ ઓપરેશન શરૂ કરી દેવામાં આવ્યું છે. ડોડામાં રાઈફલ છીનવી લેવાના પ્રયાસમાં યુવકનું મોત, ત્રણ જવાનો ઘાયલ બીજી તરફ, જમ્મુ અને કાશ્મીરના ડોડા જિલ્લાના જય વિસ્તારમાં સેનાની સર્વિસ રાઈફલ છીનવી લેવાના કથિત પ્રયાસ બાદ થયેલી ગોળીબારની એક ગંભીર ઘટનામાં ૩૦ વર્ષીય વ્યક્તિનું મોત થયું હતું અને સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG) ના ત્રણ કર્મચારીઓ ઘાયલ થયા હતા. વરિષ્ઠ પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર, ઊંચાઈવાળા વિસ્તારમાં શંકાસ્પદ હિલચાલના અહેવાલોને પગલે SOG ટીમે જય-ગંડોહ રોડ પર ઓચિંતો હુમલો (એમ્બુશ) ગોઠવ્યો હતો. ગુરુવારે રાત્રે લગભગ ૧૧.૩૦ વાગ્યે, SOG પાર્ટીએ એક યુવકને અટકાવ્યો હતો, જેણે કથિત રીતે સુરક્ષા કર્મચારીઓ પર હુમલો કર્યો અને તેમની સર્વિસ રાઈફલ છીનવી લેવાનો પ્રયાસ કર્યો હતો.

ત્યારબાદ થયેલી ઉગ્ર ઝપાઝપી અને સ્વબચાવમાં SOG જવાનોએ ગોળીબાર કરતા આ યુવાનને ગોળી વાગી હતી, જેનું પાછળથી મૃત્યુ થયું હતું. મૃતક યુવકની ઓળખ આરીફ હુસેન તરીકે થઈ છે. આ ઘટનાને પગલે ભાદરવાહ વિસ્તારમાં વ્યાપક વિરોધ પ્રદર્શનો શરૂ થયા છે, જેમાં સેંકડો લોકો રસ્તા પર ઉતરી આવી આ ઘટનાની સીબીઆઈ (CBI) તપાસની માંગણી કરી રહ્યા છે. કાયદો અને વ્યવસ્થા જાળવી રાખવા માટે અધિકારીઓએ ચેનાબ ખીણના કેટલાક સંવેદનશીલ ભાગોમાં ઈન્ટરનેટ સેવાઓ તાત્કાલિક અસરથી સ્થગિત કરી દીધી છે અને સાવચેતીના પગલા તરીકે સુરક્ષા વ્યવસ્થા લોખંડી બનાવી દેવામાં આવી છે.

શબ્દ બ્રહ્મ

સદગુરૂ કૃપા હી કેવલમ્...

# સમાજ દર્શન

## ધ તાજ સ્ટોરી! એમાં જે ''સનાતન એક સોચ'' એટલે કે સનાતનનાં વિચારને કંઈ રીતે મૂલવીશું?



આજે રવિવાર એટલે સમાજ દર્શન અથવા વાંચન વિશેષ કે જેમાં હપ્તા ભરનાં સમચાર કે કોઈ સ્પેશ્યલ દિવસ પરનો સંદર્ભ લઈને લેખ લખાય છે. એ રીતે જોઈએ તો આ તા ૨૩ જૂલાઈ બાળ ગંગાધર તિલક જયંતી, તા ૨૬ જૂલાઈ કારગિલ વિજય દિવસ આવે છે!; બાજપાઈજી વડાપ્રધાન હતાં ત્યારે કારગિલથી નિરાશ્રિતો અને આતંકવાદીઓને અટકાવવા આ યુદ્ધ થયું હતું, જે ૧૯૯૯ ૫ મેં થી ૨૬ જૂલાઈ સુધી ચાલ્યું હતું, અને ઓપરેશન કોડ નેમ ''સફેદ સાગર'' ના નામે થયેલ, આ યુદ્ધમાં આપણો વિજય થયો હતો. જીત વિશે લખવું કોને ન ગમે! પણ યુદ્ધ એટલે યુદ્ધ! એમાં બંને પક્ષની સચ્ચાઈ મુકવી પડે, અને હિંસાત્મક ભાવ તો ખરો જ! તા ૨૮ હિપેટાઈટિસ દિવસ એ એક ચેપી બિમારી તરફ જાગૃતિ માટે છે, તા ૨૯ વાઘ દિવસ છે, જેમાં વાઘ સિંહ જેવા લુપ્ત થતાં જતાં વન્ય પ્રાણીઓને આરક્ષણ આપવાનો હેતુ સમાયો છે. પણ શુક્રવારે રાત્રે ઓટીટી પર'' ધ તાજ સ્ટોરી'' ફિલ્મ જોઈ! ફિલ્મ જોયા પછી તાજમહેલ નજરે જોયાંનો એક અહોભાવ હતો, એ ખત્મ થઈ ગયો! કારણકે તાજમહેલને દુનિયાનાં આઠ અજુબામાં સામેલ કરવામાં આવે છે! પણ હકીકતમાં શું એ તાજમહેલ શાહજહાંની દેન છે? કે પછી આપણી સંસ્કૃતિ અને ઔદાર્યનું કારણ, જે એક રહસ્ય છે ! અને જેની અમુક સચ્ચાઈમાં ઘણું હાર્દ સમાયું છે, તો થયું કે આ વખતે એની પર જ લેખ લખું. 'ધ તાજ સ્ટોરી' એ ૨૦૨૫ ની એક વિવાદાસ્પદ ભારતીય હિન્દી ભાષાની કોર્ટરૂમ ડ્રામા ફિલ્મ છે.

દિગ્દર્શક અને નિર્માતાઃ તુષાર અમરીશ ગોયલ દ્વારા લિખિત અને દિગ્દર્શિત છે, અને સીએ સુરેશ ઝા દ્વારા નિર્મિત છે. જે ફિલ્મમાં પીઢ અભિનેતા પરેશ રાવલ મુખ્ય ભૂમિકામાં જોવા મળે છે. આ ઉપરાંત ફિલ્મમાં ઝાકીર હુસૈન, અમૃતા ખાનવિલકર, નમિત દાસ અને સ્નેહા વાઘ જેવા જાણીતા કલાકારોએ કામ કર્યું છે.

ઈતિહાસની દ્રષ્ટીએ જોઈએ તો વાર્તાનો વિષય ઘણો રસપ્રદ છે! કે આ ફિલ્મ તાજમહેલનાં ઈતિહાસ અને તે મંદિરની જગ્યાએ બનાવવામાં આવ્યો હોવાના દાવાઓ પર આધારિત છે. આ વિષયને લઈને ફિલ્મ ભારે વિવાદોમાં સપડાઈ હતી અને તેની રિલીઝ પહેલા કાનૂની વિવાદો પણ થયા હતા. 'ધ તાજ સ્ટોરી' ફિલ્મ થિયેટરોમાં ૩૧ઓક્ટોબર ૨૦૨૫ ના રોજ રિલીઝ થઈ હતી.થિયેટર બાદ, આ ફિલ્મ ઘઝઝ પ્લેટફોર્મ પર ૧૩ માર્ચ ૨૦૨૬ ના રોજ રિલીઝ કરવામાં આવી હતી. ફિલ્મનો સમયગાળો આશરે ૨ કલાક અને ૪૫ મિનિટ એટલે કે ૧૬૫ મિનિટ લાંબી છે.

ફિલ્મ જોતાં જ એવું લાગ્યું કે, જો આ સ્ટોરીમાં સચ્ચાઈ હોય તો એની પર ચોક્કસ વિરોધ થયો હશે, અને ફિલ્મના અંતમાં એ બધું દર્શાવામાં આવ્યું છે. ધ તાજ સ્ટોરી' ફિલ્મ તેની રિલીઝ પહેલા અને પછી ભારે કાનૂની વિવાદો અને કોર્ટ કેસમાં સપડાઈ હતી.

દિલ્હી હાઈકોર્ટમાં જાહેર હિતની અરજી ડ્ઢઁક થઈ હતી, અને અરજીકર્તા વકીલ શકીલ અબ્બાસનો દાવો હતો કે ફિલ્મમાં ઈતિહાસને ખોટી રીતે રજૂ કરાયો છે અને તે 'કોમી પ્રચાર' ફેલાવે છે.

એક અરજીમાં સેન્ટ્રલ બોર્ડ ઓફ ફિલ્મ સર્ટિફિકેશનનાં સર્ટિફિકેટને પડકારવામાં આવ્યું હતું, અને ફિલ્મની રિલીઝ પર સ્ટે લગાવવાની માંગ થઈ હતી. પરંતુ ઓક્ટોબર ૨૦૨૫ માં, મુખ્ય ન્યાયાધીશ દેવેન્દ્ર કુમાર ઉપાધ્યાયની બેન્ચે આ અરજીને ફગાવી દીધી હતી અને ફિલ્મની રિલીઝ પર રોક લગાવવાનો ઈનકાર કર્યો હતો. અન્ય એક કાનૂની નોટિસ દ્વારા પ્રતિબંધની માંગ થઈ જેમાં અયોધ્યાના ભાજપ નેતા રજનીશ સિંહની ફરિયાદ હતી કે આ ફિલ્મ ૨૦૨૨ માં તાજમહેલના ૨૨ બંધ રૂમો ખોલવા માટે તેમણે અલ્હાબાદ હાઈકોર્ટમાં દાખલ કરેલી અરજી અને તેમના સંશોધન પર આધારિત છે. નિર્માતાઓએ તેમની પરવાનગી લીધા વિના અથવા ક્રેડિટ આપ્યા વિના આ વિષયનો ઉપયોગ કર્યો છે, એટલે કે કોપીરાઈટ ભંગ થયો છે. આ તમામ કાનૂની અવરોધો છતાં, કોર્ટે ફિલ્મ પર પ્રતિબંધ મૂકાયો નહીં અને નિર્ધારિત સમયે જ રિલીઝ થઈ શકી હતી. ફિલ્મની શરૂઆતમાં પરેશ રાવલ કે જે વિષ્ણુ દાસ છે, તે તાજમહેલ સામે બેઠેલ છે. ફિલ્મનું પોસ્ટર ઘણુ ચર્ચાસ્પદ રહ્યું! કારણકે વિષ્ણુ દાસ તાજમહેલના ગુંબજને ખોલે છે, અને અંદરથી શંકરની મૂર્તિ દેખાય છે. ફિલ્મ તાજમહેલ જોવાં આવેલાં ટુરિસ્ટો અને ગાઈડનાં સંવાદથી થાય છે. ડોક્યુમેન્ટરી ફિલ્મ માટે આવેલી હર્ષા પટેલ, વિષ્ણુ દાસની સંવેદનાને જગાડે છે, અને એ દારુનાં નશામાં સત્ય બોલી જાય છે કે, આપણે જૂઠને ક્યાં સુધી પ્રમોટ કરીશું? તાજમહેલ શાહજહાં એ એની બેગમ મુમતાઝની યાદમાં બનાવ્યો છે એ સત્ય નથી! અને દુનિયાને આ સત્યની ખબર હોવી જોઈએ! અને એ વિડિયો વાયરલ થઇ જાય છે! અને પછી વિષ્ણુ દાસ કે જેના પિતા મહેન્દ્ર દાસનો પણ આ જ વ્યવસાય હતો! અને એની પર ઈતિહાસ સાથે છેડખાની કરવાનો ખોટો આરોપ થયો, અને એમણે આત્મહત્યા કરી! વિષ્ણુ દાસ અને એનાં દિકરાને પણ સસ્પેન્ડ કરવામાં આવે છે. વિષ્ણુ દાસ ડ્ઢઁક એટલે આમ પબ્લિક દ્વારા ઈતિહાસની સત્યતા અંગે તપાસની માંગ! કરે છે, અને પછી રિસર્ચ દ્વારા મળેલા ડોક્યુમેન્ટનાં પૂરાવા પર આખી ફિલ્મ બની છે.

ફિલ્મની સચ્ચાઈ જે હોય તે, એમાં આપણે જવું નથી! એટલે કે એ મહેલ હિન્દુ રાજા માનસિંહ અને એનાં પુત્ર જયસિંહ પાસેથી લીધેલ હતો કે નહીં! અહીં પહેલાં શિવજીનું તેજોમય મંદિર હતું કે નહીં? કે પછી બંધ ૨૨ ઓરડામાં શું છે? એ એકેયમાં આપણે જવું નથી! પરંતુ ફિલ્મની માવજત ખૂબ સુંદર રીતે કરવામાં આવી છે, અને કોર્ટમાં પણ પોઈન્ટ ટુ પોઈન્ટ! કોઈ એક્સ્ટ્રા ડ્રામા નહીં! કેસ હારી જવાની બીકે ! કે પછી ઈતિહાસનાં પાનાંમાંથી મુગલ સમ્રાટની બાદબાકી થશે! એ ભયથી થોડુંક કંઈક થયું! પણ એ પણ એક્સટ્રીમ નહીં! અને પરેશ રાવલનો અભિનય તો જોરદાર છે જ, પણ અન્ય વકીલ અને જજ પણ કાબિલે તારીફ! પરંતુ આપણે વાત કરવાની છે ફિલ્મમાં બોલાયેલ બે ડાયલોગની! જે બંને ડાયલોગ વિષ્ણુ દાસ જ બોલે છે કે, વાત અહીં સનાતનની છે! સનાતન કોઈ ધર્મ નથી, એક સોચ એટલે કે વિચાર છે! એમાં આગળ નથી! પરંતુ ક્યો વિચાર? તો સનાતન એટલે જીવ એ જ શિવ અને એ રીતે માનવતા એ જ પરમ ધર્મ! સનાતન એટલે સત્ય એ જ ઈશ્વર! પણ કયું સત્ય? રાજા પ્રજા ના ભેદ વગર સૌનો સ્વીકાર કરે એ જ ઈશ્વર! સનાતન એટલે વસુધૈવ કુટુંબનો વિચાર! સનાતન એટલે પંચમહાભૂત રુપે પંચદેવની પૂજા! સનાતન એટલે જ્ઞાનનું ઔદાર્ય, શોર્ય, વૈશ્ય, અને સેવકાઈનો મહિમા, સનાતન એટલે વેદોની વાણી!; અને ગંગાનાં પાણીની નિર્મળતા, સનાતન એટલે હિમાલય જેટલી ઉંચી સિદ્ધિ પણ છતાં શિષ્યની સહજતા આવું તો કેટલુંય... બીજો ડાયલોગ છે કે એજ્યુકેશન માફિયા દ્વારા પાઠ્યપુસ્તકો તૈયાર કરવામાં આવે છે, એમાં આપણી સનાતનતાનો ઉલ્લેખ જ નથી! અને જે ખરેખર વિચારવા જેવો મુદ્દો છે! કે ક્યાં સુધી વિદ્યાર્થીઓને યુદ્ધનો જ ઈતિહાસ ભણાવીશું! અને એ પણ એવા નવાબો કે સમ્રાટો નો કે જેને માત્ર આપણી સંસ્કૃતિના વિનાશમાં જ રસ હતો! અંગ્રેજોએ આપણી પર ૨૦૦ વર્ષ રાજ કર્યું! પરંતુ એમણે એકપણ મંદિર તોડીને ગિરજાઘર બનાવ્યું નથી! તો આ મુદ્દે જરુર વિચાર થવો જોઈએ કારણકે અન્ય દેશોમાં હવે રામાયણ મહાભારતના પાઠો ભણાવવા આવે છે, અને આપણે હજી.... જય હિન્દ.

**લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)**

વાહન અકસ્માતની ઘાત ત્રણ પરિવારના સદસ્યોની જિંદગી ખતમ કરી ગઇ


# જુદા જુદા ત્રણ અકસ્માતે લીધો ત્રણનો ભોગ

## રિક્ષા પલ્ટી જતાં ત્રણ વર્ષના બાળકનો, રસ્તો ઓળંગતી વખતે કારની ઠોકરે ચડતાં આઠ વર્ષના બાળકનો જીવ ગયોઃ હળવદ અને પડધરીની ઘટનામાં બાળકોએ રાજકોટમાં લીધા અંતિમશ્વાસ

રાજકોટ,તા.૧૮

રોજબરોજ બની રહેલા વાહન અકસ્માતના બનાવોમાં અનેક લોકો નાની મોટી ઈજાઓ સાથે હોસ્પિટલના ખાટલે પહોંચતા હોય છે. ઘણા બનાવમાં જે તે ભોગ બનનારનું મૃત્યુ પણ થતું હોય છે. વાહન અકસ્માતની ઘાત આ વખતે બે માસુમ બાળકોને નડી ગઇ હતી. જેમાં એક બનાવમાં પિતા સાથે રિક્ષામાં બેસી બજારે જવા નીકળેલા ત્રણ વર્ષના બાળકનું રિક્ષા પલ્ટી મારી જતાં મોત થયું હતું. તો બીજી ઘટનામાં રસ્તો ઓળંગી રહેલા આઠ વર્ષના બાળકનું કારની ઠોકરે ચડી જવાથી મોત થયું હતું. હળવદ અને રાજકોટના પડધરીમાં આ ઘટનાઓ બની હતી. ત્રીજા બનાવમાં પોરબંદરમાં એક સિનીયર એડવોકેટનું હીટ એન્ડ રનના બનાવમાં મૃત્યુ થયું હતું. આ ત્રણેયના મૃતદેહોના રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે પોસ્ટમોર્ટમ કરાવવામાં આવ્યા હતાં.





પોરબંદરમાં હિટ એન્ડ રનમાં સિનીયર એડવોકેટનું ગંભીર ઈજા થવાથી મૃત્યુ

વિગતો પર નજર કરીએ તો હળવદમાં રિક્ષા પલ્ટી મારી જતાં રિક્ષાચાલક યુવાનની સાથે તેમાં બેઠેલા તેના ૩ વર્ષના પુત્રનું ગંભીર ઈજા થવાથી મોત થતાં પરિવારમાં અરેરાટી વ્યાપી ગઇ હતી. વધુ માહિતી અનુસાર હળવદમાં માર્કેટ યાર્ડ પાસે રહેતો જયદેવભાઇ રાણેવાડીયા નામનો યુવાન પોતાની રિક્ષામાં ત્રણ વર્ષના પુત્ર આનંદને બેસાડીને ઘરેથી બજારમાં ચીજવસ્તુ લેવા જતો હતો ત્યારે ચાર રસ્તા નજીક જોગણી માતાના મંદિર પાસે રિક્ષા એકાએક પલ્ટી મારી જતાં પાછળ બેઠેલા પુત્ર આનંદને ઈજાઓ થતાં હળવદ સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો.

પરંતુ અહિ રાત્રીના મૃત્યુ થતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે હળવદ પોલીસને જાણ કરી હતી. મૃત્યુ પામનાર આનંદ બે ભાઇમાં મોટો હતો. તેના સગાના કહેવા મુજબ પિતા-દિકરો રિક્ષામાં બજારે જતાં હતાં ત્યારે ખરાબ રસ્તાને કારણે રિક્ષા પલ્ટી મારી ગઇ હતી. જેમાં પિતાનો બચાવ થયો હતો, જ્યારે સાથે બેઠેલા ત્રણ વર્ષના દિકરાને ગંભીર ઈજા થતાં મૃત્યુ થયું હતું. હળવદ પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.

બીજી કરૂણ જીવલેણ વાહન અકસ્માતની ઘટના જોઇએ તો પડધરીમાં હાઇવે પર રવેચી હોટેલ પાસે રસ્તો ઓળંગતી વખતે એમપીના પરિવારનો ૮ વર્ષનો બાળક અજાણી કારની ઠોકરે ચડી જતાં ગંભીર ઇજા થતાં મોત થયું હતું. આ બાળક સાથે તેનો ભાઇ પણ હતો. સદ્નસિબે તેનો બચાવ થયો હતો. વધુ વિગત અનુસાર મધ્યપ્રદેશમાં રહેતાં અને છુટક મજુરી કરતાં મધ્યપ્રદેશના થાવરીયાભાઇ ખરાડીનો પુત્ર વિશાલ કે જે આઠ વર્ષનો હતો તે તેના ભાઇ સાથે રવેચી હોટલ નજીક ભંગારનો ધંધો કરતાં મામાના ડેલે ગયો હતો.

ત્યાંથી બંને ભાઇઓ સામેના રોડ પર જઇ પુઠા લઇને પરત આવતાં હતાં ત્યારે રસ્તો ઓળંગતી વખતે વિશાલ એક કારની ઠોકરે ચડી જતાં ગંભીર ઇજા થઇ હતી. સારવાર દરમિયાન તેનું મૃત્યુ થતાં મજુર પરિવારમાં શોક છવાઇ ગયો હતો.મૃત્યુ પામનાર વિશાલ બે ભાઇ અને બે બહેનમાં નાનો હતો. મૃતકના પિતા થવારીયાભાઇના ભાણેજ જમાઇને ત્યાં પડધરીમાં દિકરાનો જન્મ થયો હોઇ તેને રમાડવા માટે આ પરિવારજનો એમપીથી અહિ આવ્યા હતાં. પડધરી પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.

ત્રીજી એક ઘટના જોઇએ તો પોરબંદરમાં છાંયા પ્લોટ મેઇન રોડ પર રહેતાં બોંતેર વર્ષના વિજયભાઇ કનૈયાલાલ પંડ્યા નામના એડવોકેટ તા. બારમી જુલાઇના રોજ કોર્ટ ખાતેથી પોતાનું ઇલેક્ટ્રીક ટુવ્હીલર હંકારી બપોરે ઘરે જવા નીકળ્યા ત્યારે કમલાબાગ નજીક એ.ડી. સાયન્સ કોલેજ પાસે પહોંચ્યા તે વખતે કોઇ રિક્ષાનો ચાલક તેમને ઠોકરે લઇ ભાગી ગયો હતો. આ અકસ્માતમાં તેમને ગંભીર ઇજા થતાં પોરબંદર હોસ્પિટલમાં અને ત્યાંથી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. અહિ સારવારમાં મૃત્યુ થતાં કમલાબાગ પોલીસને જાણ કરવામાં આવી હતી. વિજયભાઇ પરિવારના એકના એક મોભી હતાં. તેઓ સિનીયર એડવોકેટ હતાં. તેમને સંતાનમાં એક દિકરો રૂષીભાઇ છે. તે પણ વકિલાત કરે છે. બનાવ અંગે હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં કમલાબાગ પોલીસે અકસ્માત સર્જી ભાગેલા રિક્ષાચાલકને શોધવા કાર્યવાહી કરી હતી. આમ ત્રણ ઘટનામાં વાહન અકસ્માતની ઘાત બે બાળકો અને એક પરિવારના મોભીનો ભોગ લઇ જતાં અરેરાટી વ્યાપી ગઇ હતી.

---

ખેતીકામની સાથે રસોઇનું કામ પણ કરતાંઃ પ્રસંગમાં ગાંઠીયા બનાવવા ગયા ત્યારે એકાદ કલાક કોઇ સાથે ફોનમાં વાત કર્યા પછી પગલુ

# દિકરાને ફોન કર્યા બાદ પિતાએ તળાવ કાંઠે ઝેર પી જીવ દીધો

**ફોન કોનો હતો? શું વાત થઇ? તે સહિતના સવાલોના જવાબ શોધવા આપઘાતનું કારણ જાણવા પડધરી પોલીસ દ્વારા તપાસઃ બીજી ઘટનામાં વૃધ્ધનું હૃદય બેસી જવાને કારણે મૃત્યુ થયું**

રાજકોટ,તા.૧૮

અલગ અલગ કારણોસર આપઘાત કરી લેવાની ઘટનાઓ વચ્ચે વધુ એક કિસ્સો બન્યો છે. જેમાં એક પરિવારના મોભી ખેડુત કે જેઓ રસોઇયા તરીકે પણ કામ કરતાં હતાં તેણે પડધરી ગામના તળાવ કાંઠે જઇ પોતાના દિકરાને ફોન કર્યા બાદ ઝેર પી આપઘાત કરી લેતાં ચકચાર જાગી છે. આ પગલુ ભર્યા પહેલા તેઓ એક માઠા પ્રસંગમાં દાડો હોઇ ત્યાં ગાંઠીયા બનાવવા માટે ગયા હતાં. એ સ્થળે તેમણે એકાદ કલાક સુધી કોઇ સાથે ફોનમાં વાત કરી હતી. બાદમાં આ પગલુ ભરી લીધુ હતું. આ ઘટનામાં પરિવારજનો કારણ જાણતાં ન હોઇ પોલીસે તપાસ યથાવત રાખી હતી. એક કલાક સુધી આ ખેડુત સાથે કોણે શું વાત કરી? આ વાતચીત બાદ જ તેમણે અંતિમ પગલુ ભરી લીધુ હોઇ ફોન કોનો હતો? શું વાત થઇ? તે સહિતની તપાસ શરૂ કરવામાં આવી હતી.

વિગતો પર નજર કરીએ તો રાજકોટ જીલ્લાના પડધરીના મોવૈયામાં રહેતાં અને ખેતી કરવાની સાથે સાથે રસોઇ કામ પણ કરતાં પ્રૌઢે ગામના તળાવ કાંઠે જઇ ઝેરી દવા પી આપઘાત કરી લેતાં પરિવારમાં અરેરાટી વ્યાપી ગઇ છે. આ પગલુ ભરતાં પહેલાં તેમણે કોઇ સાથે એકાદ કલાક ફોન પર વાત કરી હતી. એ પછી દિકરાને ફોન કરીને પોતે જિંદગીથી કંટાળી ગયાનું અને તળાવ કાંઠે દવા પી લીધાનું કહ્યું હતું. દિકરાએ ત્યાં પહોંચી સારવાર માટે ખસેડ્યા હતાં.

પરંતુ જીવ બચ્યો નહોતો. મોવૈયામાં રહેતાં કાંતિલાલ લાધાભાઇ સુદાણી નામના અઠાવન વર્ષના ખેડુત મોવૈયા ગામના તળાવના કાંઠે ઝેરી દવા પી લેતાં ખાનગી હોસ્પિટલમાં સારવાર અપાવાયા બાદ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ સારવાર દરમિયાન દમ તોડી દેતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. બનાવની જાણ હોસ્પિટલ ચોકીના સ્ટાફે પડધરી પોલીસને કરી હતી. આપઘાત કરનારા કાંતિલાલ પરિવારના એકના એક મોભી હતી. તેમને સંતાનમાં એક દિકરો છે.



તેણે જણાવ્યું હતું કે મારા પિતાજી ખેતી કરવાની સાથે સાથે સગા મિત્રોના પ્રસંગમાં રસોઇનું કામ કરવા પણ જતાં હતાં. ગઇકાલે એક માઠા પ્રસંગમાં ગાંઠીયા બનાવવા માટે ગયા હતાં. ત્યાં કોઇ સાથે ફોનમાં એકાદ કલાક વાત કરી હતી. એ પછી તેઓ તળાવ કાંઠે ગયા હતાં અને ત્યાંથી મને ફોન કરીને પોતે જિંદગીથી કંટાળી ગયા છે અને તળાવ કાંઠે દવા પી લીધી છે તેવી વાત કરતાં હું ત્યાં ગયો હતો. ત્યારે તેઓ બેભાન જેવા મળ્યા હતાં. અમે તેમને સારવાર માટે ખસેડ્યા હતાં. પરંતુ જીવ બચ્યો નહોતો. અમને આશંકા છે કે તેઓ કોઇનામાં જામીન પડ્યા હોઇ પૈસા લેનાર નાણા ચુકવતા ન હોઇ મારા પિતાને લેણદાર તરફથી ફોન આવતાં હતાં. જો કે આ અંગે પોલીસ તપાસ બાદ સાચી વિગતો બહાર આવશે. હાલ તો આ બનાવે નાના એવા ગામમાં શોક ફેલાવી દેવા સાથે ચર્ચા પણ જગાવી છે. ફોન કોનો હતો? શું વાત થઇ હતી? તે અંગે પોલીસ તપાસ કરી રહી છે.

અપમૃત્યુના બીજા એક બનાવમાં ઉપલેટામાં રહેતાં વૃધ્ધનું હૃદય રોગના હુમલાથી મૃત્યુ થયું હતું. ઉપલેટામાં નવી કોલેજ નજીક અર્જુન સોસાયટીમાં રહેતાં લક્ષમણભાઇ અમરાભાઇ કટારા નામના અઠસઠ વર્ષના વૃધ્ધ અગાઉ જુન મહિનામાં ઉપલેટા બસ સ્ટેશન પાસે બાઇકની કીક મારતી વખતે પડી જતાં સાથળમાં ઈજા થઇ હતી. બાદમાં ઉપલેટા ખાનગી હોસ્પિટલમાં ઓપરેશન કરાવાયું હતું. ત્યારબાદ રજા અપાતાં ઘરે લઇ જવાયા પછી ફરીથી તબીયત બગડતાં ગત ૧૬મીએ ફરી ઉપલેટાની હોસ્પિટલમાં દાખલ કરાયા હતાં. ત્યાંથી વધુ સારવાર માટે રાજકોટ સિવિલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. તેમને સંતાનમાં એક દિકરી અને બે દિકરા છે. સગાના કહેવા મુજબ પોસ્ટમોર્ટમ થતાં હાર્ટએટેક આવી ગયાનું ખુલ્યું હતું. હોસ્પિટલ ચોકીના સ્ટાફે ઉપલેટા પોલીસને જાણ કરી હતી. પોલીસે મોતનું ચોક્કસ કારણ જાણવા મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું.

---

વધુ એક સગીરા શિકાર બની ગઇઃ લેભાગુએ બીછાવેલી જાળમાં ફસાઇ

# પરણેલા વિધર્મીએ સગીરાને લગ્નની લાલચ આપી દેહ પીંખ્યો

**વારંવાર દુષ્કર્મ આચરતાં ગર્ભ રહી ગયોઃ પરણેલો હોવાની ખબર પડતાં તલ્લાક દઇ દેશે તેવુ કહી શોષણ કરતો રહ્યોઃ ગાંધીગ્રામ પોલીસમાં દાખલ થઇ ફરિયાદ**

રાજકોટ,તા.૧૮

વધુ એક વખત એક સગીરા પરણેલા વિધર્મી ઢગાની જાળમાં ફસાઇ જતાં જિંદગી બગડી હતી. રાજકોટની સગીરાને જામનગરના શખ્સે પ્રેમજાળમાં ફસાવી વારંવાર દેહ પીંખી ગર્ભ રાખી દીધો હતો.

પછી પોતે પરણેલો છે એ ભાંડો ફુટતાં પોતે તલ્લાક લઇ લગ્ન કરશે તેમ કહી ગોળી પીવડાવી સગીરાને રહેલો ગર્ભ પડાવી નાંખ્યો હતો અને લગ્નની ના પાડી દીધી હતી.

વિગતો જોઇએ તો શહેરમાં દૂષ્કર્મની વધુ એક ઘટના પોલીસ ચોપડે નોંધાઇ છે. એક સગીરાને જામનગરના વિધર્મી શખ્સે ઓળખ છુપાવી ફસાવી લગ્નની લાલચ આપી અવાર-નવાર દુષ્કર્મ આચરી લેતાં અને બાદમાં સગીરાને આ શખ્સ પરણેલો હોવાની ખબર પડતાં ત્યારે પણ પોતે પત્નિને તલ્લાક આપીને લગ્ન કરશે તેવુ ખોટુ બોલી શોષણ કર્યુ હતું. સગીરાએ ગાંધીગ્રામ પોલીસમાં ફરિયાદ દાખલ કરાવતાં આ શખ્સની ધરપકડના ચક્રો ગતિમાન કરાયા હતાં.

આ બનાવમાં ગાંધીગ્રામ પોલીસે ભોગ બનનાર સગીરાની ફરિયાદ પરથી જામનગર ગુલાબનગરના વતની અને હાલ જામનગર રોડ પર પરાપળીપળીયા એકતા સોસાયટીમાં રહેતાં શાહરૂખ બસીરભાઇ જામ વિરૂધ્ધ દૂષ્કર્મ, પોક્સો હેઠળ ગુનો નોંધ્યો હતો.

ભોગ બનનાર આજથી ત્રણ વર્ષ પહેલા સગીર હતી ત્યારે આરોપી શાહરૂખે પોતાની ઓળખ છુપાવી તેણીને પ્રેમની જાળમાં ફસાવી હતી. બાદમાં સગીરાના ઘરે તેમજ જામનગર લઇ જઇ અને હોટેલમાં લઇ જઇ અવાર-નવાર શરીર સંબંધ બાંધી લીધો હતો. અવાર-નવાર લગ્નની લાલચ આપી શાહરૂખે શરીર સંબંધ બાંધી લેતાં તેણી સગર્ભા થઇ ગઇ હતી. આ વખતે જ તેણીને જાણ થઇ હતી કે શાહરૂખ પરણેલો છે. આથી બંને વચ્ચે માથાકુટ થઇ હતી. આ વખતે શાહરૂખે પોતે પોતાની પત્નિને તલ્લાક આપીને લગ્ન કરી લેશે તેમ કહી ભોળવી મેડીકલમાંથી ગર્ભપાતની દવા લાવીને પીવડાવી ગર્ભપાત કરાવી નાંખ્યો હતો.

ત્યારબાદ પણ લગ્નના નામે શોષણ કરી છેલ્લે લગ્ન કરાવની ના પાડી દીધી હતી. પોતાની સાથે ખોટુ થયાનું જણાવતાં સગીરા ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં પહોંચી હતી. ઇન્સપેક્ટર એચ. પી. ગઢવી સહિતની ટીમે ગુનો દાખલ કરી શાહરૂખને પકડી લેવા તપાસ આગળ ધપાવી હતી.

---

તમને સ્કૂલવેન વાળાને અહિથી નીકળવાની ના પાડી તો'ય કેમ સમજતાં નથી


# સ્કૂલવેન ચાલક બંધુને ટાંટીયા ભાંગવાની ધમકી

## ગાંધીગ્રામ પોલીસ સ્ટેશન નજીક જ્ઞાનજીવન સોસાયટીમાં રહેતાં શખ્સે પોતાના દિકરા-દિકરી સાથે મળી દાદાગીરી કરીઃ ગાંધીગ્રામ પોલીસે FIR દાખલ કરી

રાજકોટ,તા.૧૮

શહેરમાં અમુક લોકો નાની નાની વાતે ડખ્ખા કરી મોટુ સ્વરૂપ આપી દેતાં હોય છે અને ઘણીવાર તો એવી દાદાગીરી કરી લેતાં હોય છે કે જે તે ભોગ બનનારને ના છુટકે પોલીસ ફરિયાદ કરવા જવું પડતું હોય છે. આવી જ એક ઘટના ગાંધીગ્રામ પોલીસ સ્ટેશન નજીક બની હતી. અહિ બાજુમાં જ આવેલી મોદી સ્કૂલ ખાતેથી બાળકોને ઈકો ગાડીમાં બેસાડી ઘરે મુકવા જઇ રહેલા સ્કૂલવેન ચાલકને સ્કૂથી આશરે બસ્સો મીટર દુર આવેલી જ્ઞાનજીવન સોસાયટીમાં રહેતાં શખ્સ અને તેના દિકરા-દિકરીએ મળી તમને સ્કૂલ વેનવાળાને અહિથી નીકળવાની ના પાડી તો પણ કેમ નીકળો છો તેવુ કહી ગાળો દઇ ઝાપટો, ઢીકાપાટુનો માર મારતાં આ યુવાનનો ભાઇ વચ્ચે પડતાં તેને પણ ધોલધપાટ કરી લેવામાં આવી હતી.

વિગતો પર નજર કરીએ તો આ ઘટનામાં ગાંધીગ્રામ પોલીસે રામાપીર ચોકડી ૧૫૦ રીંગ રોડ પર રાજશક્તિ સોસાયટી બ્લોક નં. ૨માં રહેતાં ચોત્રીસ વર્ષના ધવલભા હરસુરભા ઠાકરીયા-ગઢવી નામના યુવાનની ફરિયાદ પરથી રૈયા રોડ કનૈયા ચોકમાં રહેતાં રાજુ ગોસ્વામી, તેનો દિકરો પપ્પુ ઉર્ફે વિવેકગીરી ગોસ્વામી અને રાજુ ગોસ્વામીની દિકરી મેઘાબેન વિરૂધ્ધ ગુનો નોંધ્યો હતો. ધવલભા ઠાકરીયા પરિવાર સાથે રહે છે અને મોદી સ્કૂલ તથા સેન્ટમેરી સ્કૂલના છાત્રોને તેડવા-મુકવા માટે સ્કૂલવેન હંકારી ગુજરાન ચલાવે છે. ધવલભાએ ફરિયાદમાં જણાવ્યું છે ગત આઠમીના બપોરે સાડાબારેક વાગ્યે હું ઇકો ગાડીમાં મોદી સ્કૂલ ખાતેથી વિદ્યાર્થીઓને બેસાડી તેમના ઘરે મુકવા જવા નીકળ્યો ત્યારે પોણા એક આસપાસ મોદી સ્કૂલથી બસ્સો મીટર આગળ જ્ઞાનજીવન સોસાયટી-૩ પાસે પહોંચ્યો ત્યારે રોડ પર મોદી સ્કૂલની એક વિદ્યાર્થીની બાજુની શેરીમાંથી સાઇકલ લઇને નીકળી ત્યારે મારી સ્કૂલવેનમાં ડ્રાઇવર સાઇડના મીરરમાં ભટાઇજતાં મેં મારી ગાડી ઉભી રાખી દીધી હતી. આ વખતે એ છોકરીએ મને સોરી



અંકલ મારી સાઇકલને બ્રેક ન લાગી એટલે હું ભટકાઇ ગઇ તેમ કહ્યું હતું અને જતી રહી હતી. તેને જરાય ઇજા પણ થઇ નહોતી. આ પછી હું મારી ઈકો ગાડી ચાલુ કરતો હતો ત્યાં શેરીમાંથી એક ભાઇ મોપેડ લઇને આવેલ અને મારી કાર પાસે આવી ઉભુ રાખતાં હું નીચે ઉતરતાં એ શખ્સે ઉશ્કેરાઇ જઇ-તમને સ્કૂલના ઇકોવાળાને આ રસ્તેથી નીકળવાની ના નથી પાડી, આ કોઇ મોદી સ્કૂલનો રોડ નથી તેમ કહી માથાકુટ કરતાં મેં તેને કહેલું કે હું છેલ્લા દસ-બાર વર્ષથી આ રસ્તેથી જ ચાલુ છું. આ સાંભળી તેણે ગાળાગાળી કરી મને ઝાપટો મારી દીધી હતી.

ત્યારે તેણે પોતાનું નામ રાજુ ગોસ્વામી હોવાનું કહી હવે પછી ઇકો લઇને નીકળતો નહિ તેમ કહી ધમકી દીધી હતી. બાદમા અન્ય એક લાંબા વાળવાળો શખ્સ આવ્યો હતો તેણે પણ ઝઘડો કરી કહેલું કે- મારા પપ્પાએ તમને ઇકોવાળાને અહિથી નીકળવાની અગાઉ પણ ના પાડી હતી છતાં કેમ નીકળો છો કહી ગાળો દઇ મને ઢીકાપાટુ માર્યા હતાં. ત્યાં મારા મોટા ભાઇ ચિરાગભાઇ પણ મોદી સ્કૂલમાં વેન ચલાવતાં હોઇ તે નીકળતાં મને જોઇ જતાં તે ઉભા રહી ગયા હતાં અને મને છોડાવ્યો હતો. ત્યાં એક બહેને આવી મારા ભાઇ ચિરાગભાઇને તમે કેમ મારા પપ્પા અને ભાઇ સાથે લપ કરો છો કહી માર માર્યો હતો.

બાદમાં ફરીથી રાજુ ગોસ્વામીએ જો હવે બીજીવાર અહિથી ઈકોલ ઇને નીકળીશ તો ટાંટીયા ભાંગી નાંખીશ તેવી ધમકી દીધી હતી. વેનમાં સ્કૂલના બાળકો બેઠા હોઇ મોટો ઝઘડો થાય તો ગાડીની બદનામી થાય અને વાલીઓ તેમના બાળકોને અમારી વેનમાં મોકલતાં બંધ કરી દે એ કારણે અમે ત્યાંથી નીકળી ગયા હતાં. ત્યાર પછી મને જાણવા મળેલુ કે મારી સાથે ઝઘડો કરનાર રાજુ ગોસ્વામી સાથે તેનો દિકરો પપ્પુ ઉર્ફે વિવેકગીરી અને તેની દિકરી મેઘાબેન હતાં. આ લોકોને તેમની શેરીમાંથી સ્કૂલ વેન નીકળતી હોઇ તે ગમતું ન હોઇ તેનો ખાર રાખી મને ઝાપટો અને ઢીકાપાટુનો માર મારી તેમજ મારા ભાઇને પણ ગાળો દઇ મારકુટ કરી હતી. તેમ વધુમાં ધવલભાએ જણાવતાં આસી. સબ ઇન્સ. વી. વી. જાડેજાએ એફઆઇઆર દાખલ કરી હતી.

ઘરકામ સહિતની વાતે દેવપરા અને પરસાણાનગરની પરિણીતાઓને ત્રાસ

# અપને પરાયેઃ બે પરિણીતા પર પતિ-સાસરિયાઓનો સિતમ

## એક પરિણીતાએ દિકરાની ફીના પૈસા માંગતા પતિએ કહી દીધું-મારા માટે તમે મરી ગ્યાઃ સાસુ, દિયરે છુટાછેડા માટે દબાણ કર્યુ

રાજકોટ,તા.૧૮

અલગ અલગ બે કિસ્સામાં પરિણીતાઓ પતિ-સાસરીયાના ત્રાસનો ભોગ બનતાં પોલીસે એફઆઈઆર દાખલ કરી હતી. શાપર વેરાવળ ખાતે પતિ, બાળકો સાથે રહેતી અને હાલ રાજકોટ દેવપરામાં માવતરને ત્યાં રહેતી મહિલાએ મુળ ગોંડલના પતિ, સાસુ, દિયર વિરૂધ્ધ ત્રાસની ફરિયાદ દાખલ કરાવી હતી. પતિ પાસે દિકરાની સ્કૂલ ફીના પૈસા માંગતા પતિએ હું બાયડી છોકરાવ માટે મરી ગ્યો, અને મારા માટે તમે મરી ગયા કહી જે કરવું હોય તે કરી લેવાનું કહ્યું હતું. સાસુ, દિયરે પણ આવીને છુટુ કરી દેવાય જેવા શબ્દો કહી ગાળો દઈ મારકુટ કરી ત્રાસ ગુજાર્યો હતો. બીજી ઘટનામાં પરસાણાનગરમાં સાસરૂ ધરાવતી અને હાલ ભગવતીપરામાં માવતરે રહેતી સગર્ભાએ પતિ, સાસુ, સસરા, જેઠ, જેઠાણી વિરૂધ્ધ ફરિયાદ કરી છે. સાસઅુ વહૂ અને બાળક ભલે મરી જાય તેવા વેણ કહ્યાનું અને પતિએ લગ્નના બીજા જ દિવસથી ત્રાસ આપવાનું અને બીજી યુવતિ સાથે લફરા કર્યાનો આરોપ મુકાયો હતો.

વિગતો પર નજર કરીએ તો પ્રથમ ઘટનામાં ભક્તિનગર પોલીસે શાપર વેરાવળના પાળ પીપળીયામાં આદર્શ રેસીડેન્સી વીંગ-૧૦૫-એ ખાતે રહેતાં બીમલબેન રવિન્દ્રભાઇ કારેલીયા નામના મહિલાની ફરિયાદ પરથી ગોંડલ ભવનાથ-૨ શેરી નં. ૫માં રહેતાં તેણીના પતિ રવિન્દ્ર જેન્તીભાઇ કારેલીયા, સાસુ અરૂણાબેન જેન્તીભાઇ કારેલીયા અને દિયર લખન જેન્તીભાઇ કારેલીયા વિરૂધ્ધ ગુનો નોંધ્યો હતો. બીમલબેને ફરિયાદમાં જણાવ્યું હતું કે હું એકાદ મહિનાથી હાલ મારા પિતાના ઘરે દેવપરા વિવેકાનંદનગર-૮માં રહુ છું. મારા લગ્ન ૨૦૦૯માં રવિન્દ્ર કારેલીયા સાથે થયા છે અને અમારે ત્રણ સંતાન છે. લગ્ન થયા ત્યારે હું પતિ, સાસુ, સસરા, દિયર સાથે ગોંડલમાં રહેતી હતી.

તે વખતે પતિ ફેબ્રીકેશનનું કામ કરતાં હતાં. લગ્ન બાદ છએક વર્ષ સાથે રહ્યા પછી હું અને મારા પતિ તથા બાળકો ભાડેથી શાપર ખાતે અલગ રહેવા ગયા હતાં. બે વર્ષ ભાડેથી રહ્યા બાદ મારા પતિએ ઘરનું મકાન લીધુ હતું. જેની લોન મારા નામે કરાવી હતી. એ લોન ભરી દીધી હતી. બાદમાં આજથી દોઢેક વર્ષ પહેલા આ મકાન ઉપર મોર્ગેજ લોન લીધી હતી. આ રકમથી શાપરમાં ખોડીયાર હોટેલ નજીક ફૂડ પ્રોડક્ટ-પોપચીપ્સનું કારખાનુ ચાલુ કર્યુ હતું. જેમાં પ્રોપરાઈટર હું છું. દરમિયાન ૨૬/૪/૨૬ના રોજ હું રસોઇ બનાતવી હતી અને ટીવી ચાલુ હતું ત્યારે પતિએ ઘરકામ બાબતે મારા પર ગુસ્સે થઇ ઝઘડો કરી મને માર માર્યો હતો. બાદમાં તે ઘરેથી જતાં રહ્યાં હતાં. આથી મેં અમારા સમાજમાં વાત કરી હતી. બાદમાં ૧૮ દિવસ પછી પતિ પાછા આવ્યા હતાં. આ પછી તે અવાર-નવાર બોલાચાલી ઝઘડો કરતાં હતાં.

તેણીએ આગળ જણાવ્યું હતું કે હું, મારી દિકરી અને દિકરો કારખાનામાં કામ કરતાં હતાં ત્યારે પતિ બહાર ગયા હોઇ દિકરાનો ડાબા હાથનો અંગુઠો મશીનમાં આવી જતાં તેને રાજકોટ સિવિલ



બીજી ઘટનામાં લગ્નના બીજા જ દિવસથી પતિનો ત્રાસઃ સાસુએ કહ્યું-ભલે વહુ અને તેનું બાળક મરી જાયઃ સગર્ભાની પોલીસ ફરિયાદ

હોસ્પિટલમાં ખસેડ્યો હતો. સારવાર બાદ ૧૨/૬ના રોજ રજા અપાતાં મારા પતિને લેવા આવાવ ફોનક રતાં તેણે ફોન ન ઉપાડતાં હું દિકરાને લઇ ઘરે ગઇ હતી. બાદમાં રાતે આઠ વાગ્યે પતિ ઘરે આવેલ અને તેના કપડા થેલામાં ભરવા લાગ્યા હતા. પછી મેં રસોઇ બનાવી તેને જમવા બોલાવતાં તેણે મારે તારા જેવી સાથે રહવું નથી, તું મને રોકતી નહિ, નહિતર અહિ ભવાડો થશે તેમ કહી ઝઘડો કર્યો હતો. મેં તેને જમી લ્યો આપણે ઝઘડો નથી કરવો તેમ કહેતાં તેણે ઉશ્કેરાઇ જઇ મને ઢીકા-કોણીથી માર માર્યો હતો. બાળકો વચ્ચે પડતાં તેને પણ ધક્કો દઇ પછાડી દીધા હતાં.

અગાઉ તા. ૨/૬/૨૬ના રોજ દિકરાની સારવાર માટે રાજકોટ સિવિલમાં હતી ત્યારે મારા સાસુએ ફોન કરી બોલાવતાં હું ગોંડલ ગઇ હતી. ત્યારે સાસુ અરૂણાબેન, દિયર લખન તેની સાથે કોઇ ભુવાજીને તેડી આવ્યા હતાં. એ વખતે ભુવાજીએ જોવાનું કામ કર્યુ હતું. પછી મારા દિયર ભુવાજીને મુકવા જતાં હતાં ત્યારે મને ગાળો દઇ કહેલું કે-આવીને છુટુ દઇ દેવાય, આવીની સાથે રહેવાય નહિ. આ પછી તે જતાં રહ્યા હતાં. ભુવાજી ગયા બાદ મારા સાસુએ મને ઘરમાં બોલાવી બારણું બંધ કરી કહેલું કે-મારા દિકરાને છુટુ આપશો કે હું છુટુ કરાવું? તેમ કહી મારો હાથ મરડી નાંખી મને લાફા મારી લીધા હતાં અને તે સમાજમાં ાવત કરી અમારી આબરૂ કાઢી છે કહી વધુ માર માર્યો હતો.

તેમજ મારા પતિએ મારા નામે મકાન ઉપર મોર્ગેજ લોન લઇ એજેકે ફૂડ પ્રોડક્ટમાં મને પ્રોપરાઇટર રાખી હોઇ તે બેંકમાં લોન ભરતાં ન હોઇ તેમજ દિકરાની સ્કૂલ ફી ભરતાં ન હોઇ આ બાબતે પતિને કહેતાં તેણે ફી તો આજેય નહિ ભરાય ને કાલેય નહિ ભરાય, તારે જે કરવું હોય તે કર. હું બાયડી છોકરા માટે મરી ગયો, અને મારા માટે તમે મરી ગયા તેમ કહી દીધુ હતું. આ વાત મેં મારા પિતા મુકેશભાઇ પરમારને કરી હતી. પતિ ઘરકામ પ્રેં વારંવાર ઝઘડો કરી મારકુટ કરતો હોઇ તેમજ તારા જેવી સાથે રહવું નથી તેમ કહેતો હોઇ અને સાસુ પણ છુટુ કરવાનું કહી હાથ મરડી મારકુટ કરી હોઇ અને તેમજ દિયરે પણ ગાળો દઇ આવીની સાથે રહેવાય નહિ સહિતના વેણ કહ્યા હોઇ મારે ફરિયાદ કરવી પડી હતી. તેમ વધુમાં પરિણીતાએ જણાવતાં ભક્તિનગરના પીએસઆઇ વી. એલ. રાઠોડે તપાસ હાથ ધરી હતી.

બીજી ઘટનામાં હાલ ભગવતીપરા સુખસાગર સોસાયટી-૪માં રહેતી પૂજાબેન ભાવીન ઝાલાની ફરિયાદ પરથી જામનગર રોડ અમરનાથ પાર્ક અયપ્પા મંદિર પાસે બ્લોક નં. ૧૦માં રહેતાં પતિ ભાવીન, સાસુ ધનુબેન, સસરા રાજેશભાઇ સુરાભાઇ ઝાલા, જેઠ પંકજભાઇ, મોટા જેઠાણી રેખાબેન મહુલભાઇ ઝાલા વિરૂધ્ધ મહિલા પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરાયો હતો. હાલ ચાર મહિનાથી માવતરે રહેતી પૂજાબેનના લગ્ન૨૦૨૧માં ભાવિન ઝાલા સાથે જ્ઞાતિના રીતરિવાજ મુજબ થયા છે. લગ્ન બાદ તેઓ સંયુક્ત પરિવારમાં રહેતા હતા. તેણીના નાના જેઠ પંકજભાઇના લગ્ન થયા નથી. પુજાબેને ફરિયાદમાં આક્ષેપ કર્યો છે કે લગ્નના બીજા જ દિવસથી પતિ ભાવિને ઝઘડા શરૂ કર્યા હતા.

તેણીએ આગળ જણાવ્યું છે કે એક દિવસ મારા જેઠ પંકજભાઇની પ્રેમિકા અમારા ઘરે આવી હતી.

તે મારા પતિને વ્હો્ટસએપ, ઈન્સ્ટાગ્રામથી મેસેજ કરતી હતી. જેથી મેં પતિને આ બાબતે પુછતાં તેણે મારે આની સાથે કંઇ નથી, પંકજભાઇની તે ગર્લફ્રેન્ડ છે એટલે મેસેજ કરે છે એવુ કહી દીધુ હતું. બાદમાં મારી સાથે ઝઘડો કર્યો હતો. ત્યારબાદ લગ્નના એકાદ મહિના પછી પતિ ફરીથી કોઇ છોકરી સાથે વાત કરતાં હોવાની ખબર પડી હતી. તેણે 'આપણે કાલે મળીએ', 'લવ' જેવા મેસેજ કોઇ છોકરીને કર્યા હતાં. જેની મને જાણ થઇ જતાં બોલાચાલી થઇ હતી. પછી પતિએ મારી ભુલ થઇ, હવે પછી આવુ નહિ કરુ કહી માફી માંગી હતી. પણ પંદર દિવસ પછી ફરીથી તેણે ઈન્સ્ટાગ્રામમાં છોકરી સાથે વાત ચાલુ કરી હતી.

બાદમાં મારા જેઠ જેઓ ગરબા ક્લાસીસ ગ્રુપ ચલાવતાં હોઇ તેમાં મારા પતિની ગર્લફ્રેન્ડ પણ ગરબા શીખવા આવતી હોઇ મારા પતિને તે ગ્રુપમાં ગરબા રમવા જવાની ના પાડતાં ઝઘડો કરી પતિએ પોતાના હાથની નસ કાપવાની કોશિષ કરી હતી. પછી મારો દુપટ્ટો લઇ ફાંસો ખાઇ લેશે તેવી ધમકી આપી હતી તેમજ ઝઘડો કરી મને માર માર્યો હતો. જેથી હું ડરીને માવતરે જતી રહી હતી. આ પછી મારા જેઠાણી રેખાબેન એવી વાતો કરવા માંડેલા કે પૂજા અને ભાવીન છુટાછેડા લેવાના છે. જેથી મારા પિતાએ મારા જેઠાણીને સમજાવ્યા હતાં. એ પછી તે મારા પતિને કાન ભંભેરણી કરતાં હતાં. ત્યારબાદ સાસુ ધનુબેન મારે બાળકો થતાં નથી તેવા મેણા મારતાં હતાં. એક દિવસ પુજાબેન જ્યારે પિયરમાં ધાર્મિક પ્રસંગમાં ગયા હતા ત્યારે પણ પતિએ ફોન પર ઝઘડો કર્યો હતો અને ધમકી આપી હતી કે-મારા ઘરનું પગથિયું ચડતી નહીં, નહીં તર હું મરી જઈશ.

આ દરમિયાન પુજાબેનને પાંચ માસનો ગર્ભ હોવાની જાણ થતાં તેમણે પતિને ફોન કર્યો હતો. ત્યારે પતિએ-મારે બાળક જોઈતું નથી, તું દવા લઈને કઢાવી નાખ તેમ કહી દીધુ હતું. આટલું ઓછું હોય તેમ સાસુ ધનુબેનને સિમંત-ખોળો ભરવાની વાત કરી ત્યારે સાસુએ ઝઘડો કરીને કહ્યુંકે- પુજા અને બાળક બંને ભલે મરે, અમારે કાંઈ કરવું નથી. સગર્ભા અવસ્થામાં હાલ માવતરે રહેતી પરિણીતાએ અંતે પતિ, સાસુ, સસરા, જેઠ, જેઠાણી વિરૂધ્ધ ગુનો દાખલ કરાવતાં મહિલા પોલીસ સ્ટેશનના એએસઆઇ દિલીપસિંહ જેસંગભાએ ફરિયાદ દાખલ કરી હતી.

# લાખના બંગલા પાસે દૂકાનમાં થયેલી ચોરીનો ભેદ ખૂલ્યો

## બીજી તરફ ભક્તિનગર સોસાયટીમાં બાંધકામની સાઈટ પરથી આડત્રીસ હજારનો કેબલ ચોરાઇ ગયો

રાજકોટ,તા.૧૮

પોલીસ ચોરીના ગુનાઓમાં એક ભેદ ઉકેલે ત્યાં બીજો બનાવ હાજર જ હોય છે. ગાંધીગ્રામ લાખના બંગલાવાળા રોડ પર સમર્પણ કોમ્પલેક્ષમાં પહેલા માળે આવેલી ઇશ્વર મોબાઇલ નામની દુકાનનો કાચનો દરવાજો તોડી અંદર પ્રવેશી કોઇ મોબાઇલ ફોન, ડેટા કેબલ, એડેપ્ટર સહિત ૪૫૫૦૦ની માલમત્તા ચોરી ગયું હતુ. આ ગુનાનો ભેદ ગાંધીગ્રામ પોલીસે ઉકેલી માધાપર ચોકડી પાસે રહેતાં એક શખ્સ અને સગીરને પકડી લઇ મુદ્દામાલ કબ્જે કર્યો હતો. જો કે બીજી તરફ ભક્તિનગર સોસાયટીમાં બાંધાકામની સાઇટ પરથી ચોરી થઇ ગઇ હતી.

વિગત જોઇએ તો ગાંધીગમ પોલીસમાં ચોરીનો ગુનો દાખલ થતાં ગાંધીગ્રામ ડી. સ્ટાફની ટીમે તપાસ શરૂ કરી હતી. એ દરમિયાન હેડકોન્સ. રવિભાઇ ગઢવી, રોહીતદાન ગઢવી, શબ્બીરખાન મલેકને મળેલી બાતમી પરથી છોટુનગર મેઇન રોડ પરથી અનિલ રામાભાઇ રાઠોડ (રહે. માધાપર ચોકડી, સોમનાથ પંપ સામે પૂલ નીચે, મુળ દેવીપુજકવાસ, શંખેશ્વર પાટણ) અને તેની સાથેના સગીરને પકડી



લીધા હતાં. આ બંને પાસેથી ચોરાઉ મોબાઇલ, એડેપ્ટર, કેબલ મળી આવ્યા હતાં. અનિલ પાટણથી હાલ રાજકોટ રહેવા આવ્યો છે અને છુટક મજૂરી કરે છે. બપોરના સમયે દુકાનદાર ઘરે જમવા ગયા ત્યારે રેઢી દૂકાનનો કાચનો સ્લાઇડીંગ ડોર તોડીને આ બંનેએ ચોરી કરી હતી. છોટુનગર પાસે ગુજરી ભરાતી હોઇ ત્યાં મોબાઇલ વેંચવા માટે આ બંને જતાં બાતમી પરથી પકડી લેવાયા હતાં. ડીસીપી રાકેશ દેસાઇ, એસીપી આર. એસ. બારીયાની સુચના અંતર્ગત પીઆઇ એચ. પી. ગઢવીની રાહબરીમાં પીએસઆઇ એસ. વી. ગોહિલ, એએસઆઇ ચેતનસિંહ ગોહિલ, હેડકોન્સ. રવિભાઇ ગઢવી, રોહિતદાન ગઢવી, શબ્બીરખાન મલેક, કોન્સ. રઘુવીરસિંહ જાડેજા, વિપુલભાઇ ગઢવી, જયદેવસિંહ પરમાર, પ્રશાંતભાઇ ગજેરા, કૌશિકભાઇ ડાંગરે આ કામગીરી કરી હતી.

બીજી તરફ ભક્તિનગર સોસાયટી-૧૫માં ધારેશ્વર મંદિર પાછળ કન્સ્ટ્રકશની સાઇટ પરથી કોઇ ૩૮૫૩૦ની ચીજવસ્તુ ચોરી જતાં પોલીસને જાણ કરવામાં આવી હતી. આ બનાવ અંગે પોલીસે ઢેબર રોડ ગુરૂકુળ નજીક શ્રમજીવી સોસાયટી-૧માં રહેતાં દિવ્યાંગભાઇ લલીતભાઇ ચોટલીયાની ફરિયાદ નોંધી છે. દિવ્યાંગભાઇના બંગલાનું કામ હાલમાં ભક્તિનગર સોસાયટી-૧૫માં ચાલુ છે. અહિ ગ્રાઉન્ડ ફ્લોરમાં સીડી નીચે રાખેલા અલગ અલગ કેબલ વાયરના બંડલો રૂા. ૩૮૫૩૦ના કોઇ ચોરી ગયું હતું. આ બનાવ ૧૪મીએ સવારે ચારથી સવા ચાર વચ્ચે બન્યો હતો. સીસીટીવી ચેક કરતાં અજાણી સ્ત્રી અને પુરૂષ જોવા મળ્યા હતાં. પીએસઆઇ એસ. એચ. ગોહિલ અને ટીમે તપાસ હાથ ધરી હતી. ભેદ ઉકેલાઇ જવાની પોલીસને આશા છે.

## સરધાર પાસે કાર્યવાહીઃ ૧.૬૬ લાખનો દારૂ મળ્યોઃ ૧૦ લાખની થાર મુકી ભાગેલા બે શખ્સની શોધખોળ

# ફિલ્મી ચેઈઝ બાદ DCBની ટીમે દારૂ ભરેલી થાર પકડી લીધી

રાજકોટ,તા.૧૮

ક્રાઈમ બ્રાંચની ટીમે વધુ એક વખત દારૂની હેરાફેરી નિષ્ફળ બનાવી હતી. જો કે પોલીસના હાથમાં દારૂનો જથ્થો તો આવ્યો હતો પણ હેરફેર કરી રહેલા બે શખ્સ ફિલ્મી ચેઝ બાદ દારૂ ભરેલી થાર મુકીને ભાગી ગયા હતાં.

વિગતો પર નજર કરીએ તો રાજકોટ-ભાવનગર હાઈવે પર રાજસમઢીયાળાથી સરધાર તરફના રસ્તે હાઈવે પરથી ડીસીબીની ટીમે ફિલ્મી ઢબે પીછો કરી વિદેશી દારૂ ભરેલી થાર કાર પકડી લીધી હતી. જો કે અંદર બેઠેલો ચાલક અને અજાણ્યો શખ્સ ભાગી ગયા હતાં. થારમાંથી રૂા. ૧,૬૬,૩૨૦ના દારૂના ૧૮૦ એમએલના ૧૦૦૮ ચપલા મળી આવતાં તે તથા ૧૦ લાખની ગાડી કબ્જે કરાયા હતાં.ડીસીબીની ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે જયરાજસિંહ કોટીલા, ધારાભાઇ વાનરીયા સહિતને બાતમી મળી હતી કે સરધાર તરફથી રાજકોટ તરફસફેદ રંગની કાળા હુડવાળી થાર આવી રહી છે. તેના આધારે વોચ રાખતાં બાતમી મુજબની કાર જીજે૦૩પીજે-૯૪૨૩ આવી હતી.

આથી તેના ચાલકને ઈશારો કરી કાર ઉભી રાખવાનું જણાવ્યું હતું. પણ ચાલકે કાર ભગાવી મુકી હતી. તેની બાજુમાં અન્ય એક શખ્સ પણ બેઠો હતો. પોલીસે પીછો કરતાં છેલ્લે ભાવનગર હાઈવે કાળીપાટના પાટીયા પાસે યુ ટર્ન



મારી રાજકોટ તરફથી આ કાર ફરી સરધાર તરફ ભાગવા માંડી હતી. પીછો ચાલુ રખાતાં તક જોઇ ચાલક અને સાથેનો શખ્સ કાર મુકી ભાગી ગયા હતાં.કારમાંથી દારૂનો જથ્થો મળતાં તે અને કાર મળી કુલ રૂા. ૧૧,૬૬,૩૨૦નો મુદ્દામાલ કબ્જે કરાયો હતો. પીઆઇ એ. એસ. ચાવડાના માર્ગદર્શનમાં આ કામગીરી કરી હતી.

ચોમાસાની સીઝન રાજકોટમાં ખીલે કે ન ખીલે, જૂગારની મોસમ પુરબહારે

# ત્રણ દરોડામાં બે મહિલા સહિત ૧૫ પત્તાપ્રેમી પકડાયા

## ડીસીબીની શીવશક્તિ સોસાયટીમાં ઘરમાં, એલસીબી ઝોન-૨ ટીમનો પરસાણાનગરમાં ઘરમાં દરોડોઃ બી-ડિવીઝન પોલીસે લાલપરીમાં પટમાં બેઠેલા છને પકડ્યા

રાજકોટ,તા.૧૮

રંગીલા રાજકોટમાં ચોમાસાની સીઝન ખીલે કે ન ખીલે પણ જૂગારની મોસમ ધીમે ધીમે પુરબહારે ખીલી રહી છે. જૂગારના વધુ ત્રણ દરોડામાં પંદર પત્તાપ્રેમીઓને પકડી લવાયા હતાં. બે દરોડા અલગ અલગ ઘરોમાં પાડવામાં આવ્યા હતાં અને એક દરોડો જાહેરમાં પાડવામાં આવ્યો હતો. જે પકડાયા તેમાં બે મહિલાઓ પણ સામેલ છે. ડીસીબી, એલસીબી ઝોન-૨ અને બી-ડિવીઝન પોલીસની ટીમોએ આ દરોડા પાડ્યા હતાં.

વિગતો પર નજર કરીએ તો યુનિવર્સિટી રોડ પર ભગતસિંહજી ગાર્ડન નજીક શિવશક્તિ સોસાયટી ચામુંડા ડેરીની સામે નેશનલ પંજાબી ચાઈનીઝ હોટલ પાછળ રહેતાં મિલન અરવિંદભાઇ ચોથાણીના ઘરમાં ડીસીબીની ટીમે દરોડો પાડી તેના સહિત ૭ને જૂગાર રમતાં ઝડપી લીધા છે. આ શખ્સો પાસેથી રૂા. ૫૬૫૦૦ની રોકડ કબ્જે કરવામાં આવી હતી. ડીસીબીની ટીમ દારૂ જૂગારની પ્રવૃતિ ડામવા પેટ્રોલીંગમાં હતી ત્યારે તુલસીભાઇ ચુડાસમા, વિજયરાજસિંહ જાડેજા, રણજીતસિંહ પઢારીયા, સંજયભાઇ ખોખરીયાને બાતમી મળતાં મિલન ચોથાણીના ઘરમાં દરોડો પાડ્યો હતો.

પોલીસે ઘરધણી મિલન તેમજ કૌશિક મનસુખભાઇ ગેલાણી (રહે. ક્રિષ્ના બંગ્લોઝ-૨, માધવ ગેઇટ મવડી), મિતુલ સુરેશભાઇ ગીનોયા (રહે. આકાશદીપ સોસાયટી-૨, મવડી), રાહુલ પરષોત્તમભાઇ તાળા (રહે. નાગબાઇ શેરી-૧, મવડી), સુભાષ મોહનભાઇ ગઢીયા (રહે. માટેલ પાર્ક-૨, સ્વાતિ રોડ,



કોઠારીયા), ધ્રુપેશ ભીખાભાઇ ગાજીપરા (રહે. વૃજભુમિ-૧, મવડી બાયપાસ) અને સાગર જયંતિભાઇ સવાણી (રહે. શીવ કોમ્પલેક્ષ, માધવ ગેઇટ આગળ)ને પકડી લઇ ગંજીપાના તથા રૂા. ૫૬૫૦૦ કબ્જે લેવાયા હતાં. પીઆઇ એ. એસ. ચાવડાની રાહબરીમાં પીએસઆઇ એસ. એમ. રાણા અને ટીમે આ કામગીરી કરી હતી.

જ્યારે બીજા દરોડામાં એલસીબી ઝોન-૨ ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે બાતમી મળી હતી કે જામનગર રોડ પર પરસાણાનગર-૭માં બિપીન રમેશભાઇ પરમાર પોતાના ઘરમાં જૂગાર રમાડી રહ્યો છે. આ બાતમી પરથી ટીમે દરોડો પાડતાં બિપીન તેમજ વિપુલ રાજુભાઇ મેરાણ (રહે. પરસાણાનગર-૬) અને પ્રજ્ઞેશ અનિલભાઇ જેઠવા (રહે. પરસાણાનગર-૭) ીતનપત્તીનો જૂગાર રમતાં હોઇ પકડી લઇ રૂા. ૩૪૫૦૦ની રોકડ અને ૩ મોબાઇલ ફોન સહિત રૂા. ૫૫૫૦૦નો મુદ્દામાલ કબ્જે કરાયો હતો. પોલીસ ડીસીપી રાકેશ દેસાઇની સુચના અંગર્ગત પીએસઆઇ એસ. વી. ચુડાસમા, એએસઆઇ જયંતિભાઇ ગોહિલ, હરપાલસિંહ જાડેજા, રાજેશભાઇ મિંયાત્રા, હેડકોન્સ. ધર્મરાજસિંહ ઝાલા, હેમેન્દ્રભાઇ વાઘીયા, શક્તિસિંહ ગોહિલ, સત્યજીતસિંહ જાડેજા, સહદેવસિંહ જાડેજા, અનુજભાઇ ડાંગર, કોન્સ. કુલદીપસિંહ રાણા, મૈસુરભાઇ કુંભારવાડીયા, શીવભદ્રસિંહ ગોહિલે આ કામગીરી કરી હતી.

જૂગારના ત્રીજા દરોડામાં લાલપરી વિસ્તાર હનુમાનજીના મંદિરવાળી શેરીમાં બે મહિલા સહિત છ લોકો જાહેરમાં જૂગાર રમતાં હોઇ બી-ડિવીઝન પોલીસે પકડી લીધા હતાં. પોલીસે અબ્બાસ ઈસ્માઇલભાઇ રાઉમા (રહે. હુશેની ચોક, ગ્રીનલેન્ડ ચોકડી), ધીરૂ ગાંડુભાઇ તલસાણીયા (રહે. લાલપરી-૩), મનસુખ તુલસીભાઇ બાબરીયા (રહે. લાલપરી-૬), નીતીન અમરશીભાઇ સેલાણી (રહે. નાકરાવાડી ગામ), ગૌરીબેન સવજીભાઇ લગવાડીયા (રહે. શીતલ પાર્ક-૩, મેલડી માતાના મંદિર પાસે) અને વિજ્યાબેન ગોરધનભાઇ શેલાણીયા (રહે. બેડી ગામ)ને પકડી લઇ રૂા. ૧૦૪૯૦ અને ગંજીપાના કબ્જે કર્યા હતાં. એન. પી. ચાવડા, ક્રિપાલસિંહ જાડજા, દિલીપભાઇ ખાંભરા સહિતે આ દરોડો પાડ્યો હતો. આમ ત્રણ દરોડામાં બે મહિલા સહિત પંદર પત્તાપ્રેમીઓની મજા પોલીસે બગાડી પોલીસ સ્ટેશનની હવા ખવડાવી હતી.

### ગમે તેમ કરીને ફસાવી લેતાં લેભાગુઓથી બચજોઃ વધુ એક લાલબત્તી સમાન કિસ્સો

# પરિણીતાને ફસાવી વારંવાર દૂષ્કર્મઃ વેપારી થયો જેલભેગો


## બે વખત ધાકધમકી દઈ ગર્ભપાત કરાવડાવ્યોઃ પછી પણ પીછો છોડતો ન હોઈ મહિલાએ પોલીસને જાણ કરતાં કરવામાં આવી તુરંત કાર્યવાહી

રાજકોટ,તા.૧૮

દૂષ્કર્મ બળજબરીના બનાવો અવાર-નવાર સામે આવતાં રહે છે. અમુક કિસ્સામાં તો આબરૂ જવાની બીકે કે પછી ધાક ધમકીને કારણે જે તે ભોગ બનનાર પોલીસ ફરિયાદ કરવાથી પણ દુર રહે છે. દરમિયાન વધુ એક આવો બળજબરીનો કિસ્સો પોલીસ સુધી પહોંચ્યો છે. જેમાં એક પરિણીતાને ટેક્સટાઇલના વેપારીએ હવસખોરીનો શિકાર બનાવી ગર્ભ રાખી દીધો હતો. પછી ડરાવી ધમકાવી ગોળી પીવડાવી ગર્ભપાત કરાડવાવી નાંખ્યો હતો. આ પછી પણ તેનો ત્રાસ બંધ ન થતાં અંતે પરિણીતાએ પોલીસને જાણ કરતાં પોલીસ તુરંત હરકતમાં આવી હતી અને આરોપીને પકડી લીધો હતો.

વિગતો પર નજર કરીએ તો સુરત શહેરના સિંગણપોર-ડભોલી વિસ્તારમા આ ઘટના બની છે. ડભોલી વિસ્તારમાં રહેતી એક સંતાનની માતા એવી ચોત્રીસ વર્ષીય પરિણીતાને ડરાવી-ધમકાવીને એક ટેક્સટાઈલ વેપારીએ પોતાની હવસનો શિકાર બનાવી હોવાની ફરિયાદ નોંધાઈ હતી. નરાધમ વેપારી પરિણીતાને અવાવરૂ જગ્યાએ કારમાં લઈ જઈ બળાત્કાર ગુજારતો હતો અને તેની પાસે પરાણે મુખ મૈથુન પણ કરાવતો હતો. આ સતત શારીરિક શોષણને કારણે પરિણીતા બે વાર ગર્ભવતી બનતા વેપારીએ જબરજસ્તી દવા ખવડાવી ગર્ભપાત કરાવ્યો હોવાનો પણ ઘટસ્ફોટ થયો હતો.

આ મામલે સિંગણપોર પોલીસે આ મામલે ગુનો નોંધી ગણતરીના કલાકોમાં જ આરોપી વેપારીની ધરપકડ કરી વિશેષ કાર્યવાહી હાથ ધરી હતી. આ ઘટના બારામાં પોલીસ સુત્રોએ માહિતી આપતાં કહ્યું કે ડભોલી વિસ્તારમાં રહેતો પાંત્રીસ વર્ષીય આરોપી પ્રિતેશ બાબુભાઈ ભુંગળીયા વ્યવસાયે ટેક્સટાઈલ વેપારી



છે અને પોતે બે બાળકોનો પિતા છે. પ્રિતેશ છેલ્લા છ મહિનાથી તેના જ વિસ્તારમાં રહેતી પરિણીતા પર દાનત બગાડી રહ્યો હતો. આ દરમિયાન આરોપીએ પરિણીતાને પોતાની જાળમાં ફસાવી હતી. તે પરિણીતાને ડભોલી રોડ પર આવેલી એક ખુલ્લી અવાવરૂ જગ્યાએ પોતાની ફોરવ્હીલ કારમાં લઈ ગયો હતો.

બાદમાં ત્યાં કાર ભી રાખી ભય બતાવીને જબરજસ્તીપુર્વક અડપલાં કર્યા હતા. હવસખોર પ્રિતેશ એટલાથી જ ન અટકતા, તે પરિણીતાને કારની અંદર તેમજ જમીન પર સુવડાવીને અવારનવાર બળાત્કાર ગુજારતો હતો. પરિણીતા પ્રતિકાર કરે તો તેને ડરાવી-ધમકાવીને ચૂપ કરી દેતો હતો. આ ઉપરાંત આરોપીએ તમામ હદો પાર કરીને કારની અંદર પરિણીતા પાસે બળજબરીપૂર્વક મુખમૈથુન પણ કરાવ્યું હતું. બદનામી અને ડરના માર્યા પરિણીતા લાંબા સમય સુધી આ શારીરિક અને માનસિક ત્રાસ મૂંગા મોઢે સહન કરતી રહી હતી.

આ રીતે સતત શારીરિક શોષણના કારણે ભોગ બનનાર પરિણીતા આ સમયગાળા દરમિયાન બે વખત ગર્ભવતી બની ગઈ હતી. પરિણીતા ગર્ભવતી થતાં જ આરોપી ન્તિેશના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી. પોતાનું પાપ છાપરે ચડીને પોકારે અને સમાજમાં ભાંડો ફૂટી જશે તેવા ડરથી આરોપી જાતે જ બજારમાંથી ગર્ભપાતની દવાઓ ખરીદી લાવ્યો હતો. તેણે પરિણીતાને આ દવાઓ ખાવા માટે મજબૂર કરી હતી, જેના કારણે પરિણીતાનો ગર્ભ પડી ગયો હતો. આમ, આરોપીએ બે-બે વખત પરિણીતાનો ગર્ભપાત કરાવી ગુનાહિત કૃત્ય આચર્યું હતું. આ પછી પણ સતત મળતા શારીરિક-માનસિક ત્રાસ અને ગર્ભપાતની દવાઓના કારણે પરિણીતાની સ્થિતિ અત્યંત દયનીય બની ગઈ હતી. આખરે આરોપીના ત્રાસથી કંટાળીને પરિણીતાએ હિંમત એકઠી કરી સિંગણપોર પોલીસ સ્ટેશનનો સંપર્ક સાધ્યો હતો અને આપવીતી જણાવી હતી. પોલીસે ભોગ બનનારની ફરિયાદના આધારે તાત્કાલિક ગુનો નોંધી અલગ-અલગ ટીમો બનાવી હતી. પોલીસે ગણતરીના કલાકોમાં જ ટેક્સટાઈલ વેપારી પ્રિતેશ ભુંગળીયાને દબોચી લીધો હતો અને તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી જેલના સળિયા પાછળ ધકેલી દેવાની તજવીજ કરી હતી.

હાલના સમયમાં સોશિયલ મિડીયાથી કે પછી પીછો કરીને આ રીતે સગીરાઓ, યુવતિઓ, વિદ્યાર્થીનીઓ કે પછી પરિણીતાઓ અને ક્યારેક વિધવા કે ત્યકતાને લેભાગુઓ ફસાવતાં હોય છે. મિત્રતાની જાળ બીછાવી પછી પ્રેમના નામે ખેલ ખેલી આવા હવસખોરો જિંદગી દોજખ બનાવી દેતાં હોય છે. આ કિસ્સામાં પણ પરિણીતાને ગમે તેમ કરીને ફસાવી તેની સાથે વારંવાર હવસખોરી આચરી હતી. જો કે આ કૃત્યને કારણે હવે ટેક્સટાઈલના વેપારીને જેલની હવા ખાવાનો વારો આવ્યો હતો.

### બે સગીરાઓનું શોષણ કરવાની વધુ બે ચોંકાવનારી ઘટના પોલીસ ચોપડે ચડી

# સગીરા સાથે સગીરનું દૂષ્કર્મ માથે જતાં ખૂનની ધમકી

રાજકોટ,તા.૧૮

સગીરાઓને કોઈપણ રીતે ફસાવી તેની સાથે બળજબરી આચરી લેવાના કિસ્સાઓ અવાર-નવાર બનતા રહે છે. વધુ એક આવો કિસ્સો સામે આવ્યો છે જેમાં એક બાળ કુદરતી હાજતે ગઇ ત્યારે એક સગીરે તેણીની સાથે બળજબરી આચરી લીધાનો બનાવ પોલીસ સુધી પહોંચતા આ સગીર વિરૂધ્ધ પોક્સો સહિતનો કલમો હેઠળ કાર્યવાહી કરવામાં આવી હતી. બીજી એક ઘટનામાં સગીરાને ઓનલાઇન ખોટી ઓળખ આપી તેની પાસે અશ્લીલ માંગણી કરી જાતીષ શોષણ કરવામાં આવ્યું હતું. પોલીસે આ મામલે તુરંત કાર્યવાહી કરી આરોપીને છેક એમપીથી પકડી લીધો હતો.



બીજી ઘટનામાં ખોટુ નામ ધારણ કરી સગીરાને ફસાવીઃ શરીર સંબંધ બાંધવા સતત દબાણ કરી ધમકીઃ પોલીસે લેભાગુને એમપીથી પકડી કાયદો સમજાવ્યો

પ્રથમ ઘટના જોઈએ તો અમરેલી જિલ્લાના રાજુલા પોલીસ સ્ટેશન વિસ્તારમાં સગીરા પર દુષ્કર્મ અને ધમકી આપ્યાનો ગંભીર ગુનો નોંધાયો હતો. પોલીસ ફરિયાદ મુજબ સગીરા ગામ નજીક બાવળની કાંટમાં કુદરતી હાજતે ગઈ હતી ત્યારે કાયદાના સંઘર્ષમાં આવેલ એક કિશોરે તેની મરજી વિરુદ્ધ બળજબરીપૂર્વક શારીરિક સંબંધ બાંધી દુષ્કર્મ આચર્યું હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો. ફરિયાદમાં વધુમાં જણાવાયુ હતું કે આરોપી કિશોર અગાઉ પણ આવા પ્રકારના ગુનામાં કાયદાના સંઘર્ષમાં આવ્યો હોવાનું કહેવાય છે. તેણીએ બાળા સાથે બળજબરી આચરી લીધા પછી જો કોઈને જાણ કરશે તો જાનથી મારી નાખવાની ધમકી આપીને સગીરાને ડરાવી પણ હતી. પોલીસે આ મામલે તપાસ શરૂ કરી હતી.

બીજી ઘટના જોઈએ તો કણભા પોલીસે સત્તર વર્ષીય સગીરાના કથિત ઓનલાઈન જાતીય શોષણના ગંભીર કેસમાં આરોપીને ઝડપી પાડ્યો હતો. કણભા પોલીસ અને એલસીબીની સંયુક્ત ટીમે ગણતરીના કલાકોમાં મધ્યપ્રદેશથી આરોપીની ધરપકડ કરી હતી. સગીરા કણભા પોલીસ સ્ટેશન વિસ્તારની રહેવાસી છે અને અભ્યાસ માટે હોસ્ટેલમાં રહે છે. પોલીસ ફરિયાદ અનુસાર દરમિયાન સગીરાનો સોશિયલ મીડિયા મેસેજિંગ એપ્લિકેશન મારફતે એક અજાણ્યા વ્યક્તિ સાથે સંપર્ક થયો હતો. આરોપીએ એપ્લિકેશન પર પોતાનું નામ સોનુ હોવાનું અને પોતે ત્રેવીસ વર્ષનો તેમજ કુંવારો હોવાનું જણાવી ખોટી ઓળખ આપી હતી. બાદમાં તેણે સગીરાનો મોબાઈલ નંબર મેળવી વોટ્સએપ પર વાતચીત શરૂ કરી હતી. ફરિયાદમાં જણાવ્યા અનુસાર, છેલ્લા બે મહિનાથી આરોપી સગીરાને અશ્લીલ વીડિયો કોલ કરવા અને રૂબરૂ મળી શારીરિક સંબંધ બાંધવા માટે દબાણ કરતો હતો.

સગીરાએ ઇનકાર કરતાં આરોપીએ તેના અંગત ફોટા સોશિયલ મીડિયામાં વાયરલ કરી બદનામ કરવાની ધમકી આપી હતી. તેણે સગીરાના જી-મેઈલ અને ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટના પાસવર્ડ મેળવી તેના પર નજર રાખી પોતાના કહ્યા મુજબ વર્તવા મજબૂર કરી હતી. પોલીસ તપાસમાં સામે આવ્યું કે, આરોપીએ પોતાની વાસ્તવિક ઓળખ અને વૈવાહિક સ્થિતિ છુપાવી સોનુ નામથી ખોટી ઓળખ આપી સગીરાનો વિશ્વાસ મેળવ્યો હતો. સગીરાએ આ સમગ્ર ઘટનાની જાણ તેની માતાને કરતા, માતાએ કણભા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. આ મામલે પોલીસ મહાનિરીક્ષક રાઘવેન્દ્ર વત્સ અને જિલ્લા પોલીસ અધિક્ષક ઓમપ્રકાશ જાટના માર્ગદર્શન હેઠળ નાયબ પોલીસ અધિક્ષક નિલમ ગોસ્વામીએ સીધું સુકાન સંભાળ્યું હતું.

ત્યારબાદ પીઆઈ સી. બી. જાડેજા અને પીએસઆઈ એ.જે. સાધુના નેતૃત્વમાં એલસીબી અને કણભા પોલીસની સંયુક્ત ટીમે ટેકનિકલ સર્વેલન્સ અને સાયબર એનાલિસિસના આધારે આરોપીનું લોકેશન શોધી કાઢ્યું. પોલીસે મધ્યપ્રદેશના ગ્વાલિયરના રહેવાસી બીટ્ટુખાન ઉર્ફે સોનુ રહીશખાન નામના પચ્ચીસ વર્ષના શખ્સને ગણતરીના કલાકોમાં ઝડપી લીધો હતો. કણભા પોલીસ સ્ટેશનમાં પોક્સો એક્ટ અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. આ સમગ્ર મામલે પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી હતી.

### સોશિયલ મિડીયા માધ્યમથી વધુ એક વખત ગઠીયાઓને થયો મસમોટો ધનલાભ

# ઈન્સ્ટાગ્રામ એડ પરની ક્લીક સિત્તેર લાખમાં પડી!

રાજકોટ,તા.૧૮

શેર બજારમાં રોકાણ કરીને લોકો કમાણી કરતાં હોય છે, આ રીતે કમાણી કરવી એમાં ખોટુ પણ નથી. પરંતુ અહિ જો લાલચમાં આવીને ટુંકા ગાળામાં મોટો નફો લઇ લેવાના અભરખા રાખવામાં આવે તો લાખો કરોડોનો ચૂનો આવી જાય છે. સાયબર ગઠીયાઓ વારંવાર આ રીતે ઠગાઇ કરી રહ્યા છે. વધુ એક વખતે એક મહિલા અધધધ ઓગણસિત્તેર લાખ ત્રેસઠ હજાર શેર બજારમાં કમાવવા જતાં ગુમાવી દીધા હતાં. ગઠીયાઓએ ઈન્સ્ટાગ્રામના માધ્યમથી તેણીને ફસાવ્યા હતાં અને પ્રી આઈપીઓ એલોટમેન્ટના નામે ફ્રોડ આચર્યુ હતું.




વિગતો પર નજર કરીએ તો ગાંધીનગરના સરગાસણમાં આ ઘટના બની હતી. જેમાં આઈપીઓ એલોટમેન્ટના નામે ચા વળતરની લાલચ આપી સાયબર ગઠિયાઓએ ગાંધીનગર સિવિલમાં ફરજ બજાવતા મહિલા લેબ ટેકનિશિયન સાથે અંદાજ રૂપિયા ઓગણસિત્તેર લાખ ત્રેસઠ હજારની ઓનલાઈન છેતરપિંડી આચરી હતી. ઈન્સ્ટાગ્રામ પર આવેલી એક લોભામણી જાહેરાત પર ક્લિક કર્યા બાદ મહિલા તબક્કાવાર છેતરપિંડીનો ભોગ બની હતી. આ અંગે ગાંધીનગર રેન્જના સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનમાં અજાણ્યા ઠગો વિરૂધ્ધ ગુનો દાખલ કરાયો હતો. પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, મૂળ મહેસાણાના અને હાલ ગાંધીનગરના સરગાસણમાં પ્રમુખ પરીસર સોસાયટીમાં રહેતા રોશનીબેન જીગ્નેશભાઈ પ્રજાપતિ ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં માઇક્રોબાયોલોજી ડિપાર્ટમેન્ટમાં લેબ ટેકનિશિયન તરીકે નોકરી કરે છે. તેઓ ઘરે હાજર હતા ત્યારે તેમના ઈન્સ્ટાગ્રામ આઈડી પર ટ્રાઇડ ઓફ ઝીરો એલોટમેન્ટ? નામની એક જાહેરાત આવી હતી. આ જાહેરાત પર ક્લિક કરીને રોશનીબેને પોતાનું નામ અને પાનકાર્ડની વિગતો સબમિટ કરી હતી. આ માહિતી ભર્યાના ટૂંક જ સમયમાં સાયબર ગઠિયાઓએ રોશનીબેનના મોબાઇલ નંબરને આઇઆઇએફએલ વે૯થ મેનેજમેન્ટ-ફાઇવ નામના એક વોટ્સએપ ગ્રૂપમાં જોઈન કરી દીધો હતો. આ ગ્રૂપમાં પ્રી-આઇપીઓ કેવી રીતે મેળવવો અને તેમાં રોકાણથી થતા ફાયદા અંગેની ચેટ થતી હતી. ત્યારબાદ ગ્રૂપમાં સક્રિય યતીન શાહ નામના વ્યક્તિએ રોશનીબેનનો સંપર્ક કર્યો હતો અને ભ્ઝ્ઝ ફાઇલ તેમજ એક શંકાસ્પદ લિંક મોકલી આપી હતી. આ લિંક પર મહિલા પાસે એગ્રીમેન્ટ અને નોમિની ફોર્મ ભરાવીને સહી-સિક્કા કરી પરત મોકલી તેમનો વિશ્વાસ જીતી લેવામાં આવ્યો હતો અને બાદમાં એક યુઝરનેમ-પાસવર્ડ જનરેટ કરી અપાયો હતો. ઠગ ટોળકીએ રોશનીબેનને શરૂઆતમાં ઉત્કર્ષ સ્મોલ ફાઈનાન્સ બેંકના ખાતામાં ૨ લાખ ટ્રાન્સફર કરવા જણાવ્યું હતું. આ રોકાણ સામે એપ્લિકેશનમાં મોટો પ્રોફિટ બતાવી ગઠિયાઓએ રોશનીબેનને અડસઠ વિડ્રો કરવા દીધા હતા. આમ પ્રથમ પ્રયાસે પૈસા પરત મળતા મહિલાને સ્કીમ સાચી હોવાનો પૂરો ભરોસો બેસી ગયો હતો. જેનો લાભ ઉઠાવી યતીન શાહ નામના ભેજાબાજે પૂર્વ આયોજિત કાવતરું રચી રોશનીબેન પાસેથી અલગ-અલગ તારીખે એક્સિસ બેંક, બંધન બેંક અને આઈડીબીઆઈ બેંકના જુદા-જુદા ખાતાઓમાં ૭૦,૩૧,૫૮૨ પડાવી લીધા હતા.

ત્યારબાદ આ રોકાણ બાદ એપ્લિકેશનમાં રોશનીબેનનો પ્રોફિટ વધીને ૧.૦૨ કરોડથી વધુનો બતાવતો હતો. આ નફાનો આંકડો જોઇ રોશનીબેન રાજી રાજી થઇ ગયા હતાં. પરંતુ તેમની આ ખુશી ક્ષણિક જ હતી. કારણ કે જ્યારે તેમણે પોતાના રૂપિયા પરત માંગ્યા ત્યારે ગઠિયાઓએ પ્રોફિટના દસ ટકા લેખે બીજા ૧૦,૨૬,૨૬૯ ભરાવી લીધા હતા. આમ છતાં એક પણ રૂપિયો ખાતામાં ન આવતા અને ગઠિયાઓએ વધુ નાણાંની માંગણી ચાલુ રાખતા આખરે મહિલાને પોતાની સાથે સાયબર ફ્રોડ થયું હોવાનો અહેસાસ થયો હતો. આખરે ભોગ બનનાર મહિલાએ તાત્કાલિક સાયબર હેલ્પલાઇન નંબર ૧૯૩૦ પર કોલ કરીને ઓનલાઇન ફરિયાદ નોંધાવી હતી. ત્યારબાદ આ મામલે ગાંધીનગર સાયબર ક્રાઇમ પોલીસ મથકે વિધિવત ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી હતી. આમ વધુ એક વખત સોશિયલ મિડીયાનો ફ્રોડ માટે ઉપયોગ કરાયો હતો.

**મહિલાએ ટ્રાઇટ ઓફ ઝીરો એલોટમેન્ટની જાહેરાત જોઈ ક્લીક કરતાં વ્હોટ્સએપ ગ્રુપમાં એડ કરાયાઃ આઈપીઓમાં રોકાણ પર પહેલા ત્રેસઠ હજાર નફો ઉપાડવા દીધોઃ પછી રોકાણ પર એક કરોડથી વધુની રકમ નફા તરીકે દેખાઈઃ પણ એક રૂપિયોય ઉપાડી ન શક્યા**

### સતત બની રહી છે આ પ્રકારની ઘટનાઓ છતાં લોકો નથી થઇ રહ્યા જાગૃત

# વિઝાના નામે ત્રણ યુવાનોને ગઠીયાએ છેતરી લીધા

## એક જણાના પિસ્તાલીસ હજાર લેખે નાણા વસુલી લીધા પછી બતાવી દીધો ઠેંગોઃ બીજી તરફ સવા બે કરોડની ક્રિપ્ટોના નામે ઠગાઈમાં આરોપી આવ્યો પોલીસના હાથમાં

રાજકોટ,તા.૧૮

વિદેશ જવા ઇચ્છુક હોય તેવા અનેક યુવાનો, પરિવારો લેભાગુ અને કહેવાતા વિઝા એજન્ટોના હાથે છેતરાઇ ચુક્યાના અસંખ્ય કિસ્સા પોલીસ ચોપડે મોજુદ છે. જો કે અવાર-નવાર રાજ્યમાં કોઈને કોઇ ગામ કે શહેરમાં આ રીતે વર્ક પરમીટ વિઝાના નામે ઠગાઇ થઇ રહી હોવા છતાં વિદેશ જવા ઇચ્છુકો આવા કિસ્સાઓ પરથી ધડો લેતાં નથી અને આ કારણે ગમે તેવા એજન્ટોને નાણા ધરી દઇ પછી પસ્તાવોક રતાં હોય છે. આવી જ વધુ એક ઠગાઇમાં ત્રણ યુવાનો સાથે છેતરપીંડી થઇ હતી. આ યુવાનોને સાઉથ આફ્રિકાના વિઝાના નામે છેતરી લેવાયા હતાં.

વિગતો જોઇએ તો વિદેશ જવાના સપના જોતા યુવાનોને નિશાન બનાવી છેતરપિંડી કરવાના કિસ્સા વધી રહ્યા છે, ત્યારે આ વખતે ભુજમાં વધુ એક આવો બનાવ પ્રકાશમાં આવ્યો હતો. ભુજના ત્રણ યુવાનોને સાઉથ આફ્રિકાના વિઝા કાઢી આપવાની લાલચ આપીને રાજકોટના શખ્સે તેમની પાસેથી રૂપિયા પડાવી વિશ્વાસઘાત કર્યો હોવાની ફરિયાદ ભુજ એ ડિવિઝન પોલીસમાં નોંધાઈ હતી. વધુ માહિતી અનુસાર ભુજની જૂની રાવલવાડીમાં રહેતા અને કડિયા કામ કરતા બાબુભાઈ મુરજીભાઈ મેઘવાળ દ્વારા આ અંગે ફરિયાદ નોંધાવાઈ છે. આરોપી તરીકે રાજકોટના માધાપર ચોકડી પાસે રહેતા હાર્દિક જીતેન્દ્રભાઈ વાંકાણીનું નામ સામે આવ્યું હતું.

પોલીસ સુત્રોના કહેવા મુજબ ફરિયાદી અને તેમના ફળિયામાં રહેતા અન્ય બે મિત્રો, શિવજીભાઈ ગોવિંદભાઈ પાયણ અને બુધાભાઈ તાલાભાઈ બુચીયાને રોજગારી અર્થે સાઉથ આફ્રિકા જવું હતું. તેઓનો સંપર્ક રાજકોટના હાર્દિક વાકાણી સાથે થયો હતો, જેણે અગાઉ ઘણા લોકોને વિદેશ મોકલ્યા હોવાનું જણાવી વિઝા




કઢાવી આપવાની ખાતરી આપી હતી. શરૂઆતમાં આરોપીએ વિઝાના ૮૦ હજાર કહ્યા હતા, પરંતુ બાદમાં રકઝકના અંતે રૂ. ૪૫ હજાર નક્કી કરાયા હતા. પૈસા ચૂકવ્યાને લાંબો સમય વીતી જવા છતાં આરોપીએ વિઝા આપ્યા ન હતા અને વારંવાર ખોટા વાયદા કર્યા હતા. જ્યારે ભોગ બનનારાએ પૈસા પરત માંગ્યા હતા.

બાદમાં આ યુવાનોએ આરોપીના કહેવાથી પોતાના તમામ ડોક્યુમેન્ટ્સ વોટ્સએપ પર અને અસલ પાસપોર્ટ કુરિયર મારફતે તેના રાજકોટના સરનામે મોકલી આપ્યા હતા. ત્યારબાદ ફરિયાદી અને શિવજીભાઈએ આરોપીની બહેનના કોટક બેન્કના ખાતામાં રૂ. ૩૦ હજાર જમા કરાવ્યા હતા. બાદમાં બુધાભાઈએ પણ તે જ ખાતામાં રૂ. ત્રીસ હજાર નાખ્યા હતા. આ ઉપરાંત ત્રણેય જણાએ ગુગલ-પે મારફતે આરોપીના મોબાઈલ નંબર પર અલગથી ૧૫-૧૫ હજાર ટ્રાન્સફર કર્યા હતા. આમ, દરેક વ્યક્તિએ રૂ. ૪૫,૦૦૦ ચૂકવ્યા હતા. જો કે આ ત્રણેયને વિઝાના નામે બાદમાં ઠેંગો બતાવી દેવાયો હતો. જેથી ફ્રોડની ફરિયાદ દાખલ કરાવવી પડી હતી. પોલીસ હવે ગઠીયાગીરી કરનારને શોધવા તપાસ શરૂ કરાઇ હતી.

બીજી તરફ વડોદરાના પાદરા પોલીસ સ્ટેશન દ્વારો રૂા.૨,૧૬,૨૬,૪૫૫ની છેતરપિંડી અને વિશ્વાસઘાતના ગુનામાં છેલ્લા છ મહિનાથી નાસતા ફરતા મુખ્ય આરોપીને કર્ણાટક રાજ્યના બેંગલોરના હેન્નુર સિટી વિસ્તારમાંથી ઝડપી લીધો હતો. આરોપીને ટ્રાન્ઝિટ વોરંટના આધારે ગુજરાત લાવી પાદરા કોર્ટમાંથી પોલીસ રિમાન્ડ મેળવી સઘન પૂછપરછ હાથ ધરવામાં આવી હતી. પાદરા ઇન્ચાર્જ પીઆઇ પી.વી. ગોહિલના માર્ગદર્શન હેઠળ પોલીસે આરોપીની શોધખોળ શરૂ કરી હતી. તપાસ દરમિયાન આરોપી અવારનવાર પોતાનું રહેઠાણ બદલતો હોવાથી કોલ ડિટેલ રેકોર્ડ, ટ્રેકિંગ, બેંક ટ્રાન્ઝેકશન એનાલિસિસ સહિતના સાઇબર ફોરેન્સિક સોટવેરનો ઉપયોગ કરાયો હતો. ત્યારબાદ એલસીબી વડોદરા ગ્રામ્યની મદદથી આરોપીની હિલચાલનું વિશ્લેષણ કરી તેને બેંગલોરના હેન્નુર સિટી વિસ્તારમાંથી ઝડપી પાડ્યો હતો.

આ પછી આરોપીને બેંગલોરની એસીજેએમ કોર્ટમાંથી ટ્રાન્ઝિટ વોરંટ મેળવી ગુજરાત લવાયો હતો. પાદરા કોર્ટમાંથી પાંચ દિવસના રિમાન્ડ દરમિયાન પૂછપરછમાં આરોપીએ પાદરા ઉપરાંત વાઘોડિયા, ફતેગંજ, મકરપુરા, સોનગઢ (વ્યારા), કડી-કલોલ, ગાંધીનગર અને વડોદરાના અન્ય વિસ્તારોમાં પણ સમાન-કારની છેતરપિંડી કર્યાની કબૂલાત કરી હતી. તપાસ દરમિયાન આરોપીના મોબાઇલ ફોનની ડિજિટલ ફોરેન્સિક તપાસમાં વિવિધ પ્લેટફોર્મના કુલ ૩૬ ક્રિપ્ટો વોલેટ એડ્રેસ મળી આવ્યા છે. જે થકી થયેલા નાણાકીય વ્યવહારો અંગે પોલીસ વધુ તપાસ કરી રહી છે. પકડાયેલ આરોપીની ઓળખ જોસેફ સેમ્યુલભાઈ પરમાર તરીકે થઈ છે. તે હાલ બેંગલોર ખાતે રહેતો હતો જ્યારે મૂળ વડોદરાના તરસાલીનો છે

## ‘ભૂતિયા સ્કૂલો’નું મોટું રેકેટ?

# શિક્ષણ જગતમાં સનસનાટી !

### શિક્ષણના નામે માસૂમોના ભવિષ્ય સાથે ખુલેઆમ ચેડાં! : ફાયર NOC અને BU સર્ટિફિકેટના કારણે સીલ કરાયેલી સ્કૂલ બાદ, મંજૂરી વગર રહેણાંક મકાનમાં શાળા ધમધમતી હોવાનો દાવો




રાજકોટ , તા. ૧૮

ઝઝ્ઝ ગેમઝોન અગ્નિકાંડ બાદ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ફાયર એનઓસી અને બિલ્ડિંગ યુઝ પરમિશનના અભાવે જે શાળાઓને સીલ કરવામાં આવી હતી, તેમાંની એક પેડક રોડ સ્થિત ન્યૂ ફ્લોરા ઇંગ્લિશ મિડિયમ સ્કૂલ ફરી એકવાર વિવાદોના ઘેરામાં આવી છે. અગાઉ છ્ઝઉ હેઠળ ભણતી વિદ્યાર્થીનીઓ પાસેથી ગેરકાયદેસર ફી માંગવા અને ભેદભાવ રાખવાના આક્ષેપો બાદ હવે આ શાળા સામે શિક્ષણ વિભાગની મંજૂરી વગર જ અન્ય સ્થળે ગેરકાયદેસર રીતે ધમધમતી હોવાનો ગંભીર મુદ્દો સામે આવ્યો છે.

કોંગ્રેસના વિદ્યાર્થીનેતા રોહિતસિંહ રાજપૂતે જિલ્લા શિક્ષણ અધિકારી (DEO)ને પુરાવા સાથે લેખિત રજૂઆત કરી છે કે, મહાનગરપાલિકા દ્વારા સીલ કરાયેલી મૂળ બિલ્ડિંગના સંચાલકોએ શિક્ષણ વિભાગ પાસેથી સ્થળફેરની કોઈ જ પૂર્વ મંજૂરી લીધા વિના, એક સામાન્ય રહેણાંક મકાનમાં શાળા ટ્રાન્સફર કરીને શૈક્ષણિક કાર્ય શરૂ કરી દીધું છે. નિયમ મુજબ પૂર્વ મંજૂરી વિના અન્ય સ્થળે શાળા ચલાવવી એ માન્યતાની શરતોનો ગંભીર ભંગ છે અને આવા કિસ્સામાં શાળાની માન્યતા રદ કરવા સહિત ફોજદારી ગુનો નોંધવાની પણ જોગવાઈ છે.

રાજકોટ શહેરમાં શિક્ષણના નામે ચાલતી કાળી બજાર અને વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે થતા ગંભીર ચેડાંનો વધુ એક સનસનાટીપૂર્ણ પર્દાફાશ થયો છે. કાગળ પર મંજૂરી એક સ્થળની હોય અને વાસ્તવિકતામાં શાળા બીજા જ સ્થળે ધમધમતી હોય તેવા ભૂતિયા સ્કૂલો ના મોટા રેકેટનો કોંગ્રેસના વિદ્યાર્થીનેતા રોહિતસિંહ રાજપૂતે પર્દાફાશ કર્યો છે. રાજકોટના શિક્ષણ જગતને હચમચાવી દેતા આ કૌભાંડ અંગે જિલ્લા શિક્ષણ અધિકારી (DEO)ને સતત બીજા દિવસે પુરાવા સાથે લેખિત રજૂઆત કરવામાં આવતા સમગ્ર પંથકમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. શિક્ષણ વિભાગના નિયમોના સરેઆમ લીરેલીરા ઉડાડીને વાલીઓની કાળી કમાણી લૂંટતા આવા શિક્ષણ માફિયાઓ સામે હવે આરપારની લડાઈ શરૂ થઈ ચૂકી છે.

> **અંબિકા વિદ્યાલય (હાલ પ્રીમિયર સ્કૂલ): મંજૂરી કોઠારિયા કોલોનીની અને શાળા ચાલે છે યુનિવર્સિટી રોડ પર! વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે ખતરનાક રમત-U-DISE રેકોર્ડ અને લિવિંગ સર્ટિફિકેટમાં હજુ પણ જૂનું સરનામું બતાવીને સરકારી તંત્રની આંખમાં ધૂળ ઝોંકવાનો આક્ષેપ**

આ આખા રેકેટમાં બે શાળાઓ સામે અત્યંત ગંભીર અને ચોંકાવનારા આક્ષેપો કરવામાં આવ્યા છે. ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડ જેવી ભયાનક દુર્ઘટના પછી પણ તંત્ર હજુ ઘોર નિદ્રામાં હોય તેમ પેડક રોડ પર આવેલી ‘ન્યૂ ફ્લોરા ઈંગ્લિશ મિડિયમ સ્કૂલ’ ને ફાયર એનઓસી અને બીયુ સર્ટિફિકેટ ન હોવાના કારણે મહાનગરપાલિકા દ્વારા સીલ કરવામાં આવી હતી. પરંતુ, આશ્ચર્યની વાત એ છે કે સરકારી ચોપડે જે મૂળ બિલ્ડિંગ સીલ છે, તેના સંચાલકોએ શિક્ષણ વિભાગની કોઈ પણ પ્રકારની સ્થળફેરની મંજૂરી લીધા વગર જ અન્ય જગ્યાએ ગેરકાયદેસર રીતે શાળા શરૂ કરી દીધી! એટલું જ નહીં, સીલ કરાયેલી જોખમી બિલ્ડિંગમાં જ પ્રી-સ્કૂલ શરૂ કરી દેવાની ગુનાહિત હિંમત પણ કરવામાં આવી છે, જે માસૂમ બાળકોના જીવને સીધા જોખમમાં મૂકે છે.

બીજી તરફ, ‘શ્રી અંબિકા વિદ્યાલય’ નું કૌભાંડ તો એનાથી પણ મોટું અને ડિજિટલ ફ્રોડ તરફ ઈશારો કરે છે. આ શાળાને શિક્ષણ વિભાગે ૮૦ ફૂટ રોડ, કોઠારિયા કોલોની પાસે મંજૂરી આપી હતી. પરંતુ નિયમોને ઘોળીને પી ગયેલા સંચાલકો આ શાળાને યુનિવર્સિટી રોડ પર ‘પ્રીમિયર સ્કૂલ’ ના નામે ખુલ્લેઆમ ચલાવી રહ્યા છે. સૌથી ગંભીર બાબત એ છે કે, શાળાનું આખું સરનામું અને નામ બદલાઈ ગયું હોવા છતાં, વિદ્યાર્થીઓના સરકારી U-DISE રેકોર્ડ અને લિવિંગ સર્ટિફિકેટ (LC) માં હજુ પણ જૂની જ શાળાનું નામ અને સરનામું દર્શાવીને સરકાર અને વાલીઓની આંખમાં ધૂળ ઝોંકવામાં આવી રહી છે.

સરકાર જ્યારે કોઈ શાળાને માન્યતા આપે છે ત્યારે બિલ્ડિંગની મજબૂતાઈ, ફાયર સેફ્ટી, બીયુ પરમિશન અને રમતના મેદાન જેવા કડક માપદંડો ચકાસે છે. પરંતુ આ શિક્ષણ માફિયાઓ મંજૂરી એક જગ્યાની લઈ, બધી તપાસમાંથી બચીને બીજી સસ્તી કે જોખમી જગ્યાએ સ્કૂલ ખોલી બેસે છે. આનાથી મોટો ભોગ નિર્દોષ વિદ્યાર્થીઓ અને વાલીઓ બને છે, જેઓ મોટી ફી ચૂકવવા છતાં પોતાના બાળકના ભવિષ્યને જોખમમાં મૂકે છે. જો શાળા જ ગેરકાયદેસર જગ્યાએ ચાલતી હોય, તો ભવિષ્યમાં વિદ્યાર્થીઓના શૈક્ષણિક રેકોર્ડ અને ડિગ્રીની કાયદેસરતા સામે જ મસમોટો સવાલ ઊભો થઈ જશે. આ મામલે કોંગ્રેસે શિક્ષણ વિભાગને અલ્ટીમેટમ આપતા સ્પષ્ટ ચીમકી ઉચ્ચારી છે કે, રાજકોટની તમામ ખાનગી શાળાઓનું તાત્કાલિક વિશેષ સર્વેક્ષણ કરવામાં આવે. સ્થળફેરની મંજૂરી વગર ચાલતી આવી તમામ ’ભૂતિયા શાળાઓ’ની માન્યતા રદ કરી, વાલીઓ સાથે છેતરપિંડી કરનારા સંચાલકો સામે તાત્કાલિક ફોજદારી ગુનો (F.I.R.) દાખલ કરવામાં આવે. આ લડત અહીં અટકશે નહીં, જો જિલ્લા શિક્ષણ તંત્ર આગામી દિવસોમાં કડક પગલાં નહીં ભરે, તો વધુ ૫ ડમી સ્કૂલોનો લાઈવ પર્દાફાશ કરીને જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીનો ઉગ્ર ઘેરાવ કરવામાં આવશે અને શિક્ષણના નામે ચાલતી આ લૂંટ ચલાવી લેવામાં નહીં આવે!

### મંજૂરી કાગળ પર, શાળા ક્યાંક બીજે જ!

– **રાજકોટના શિક્ષણ જગતમાં સનસનાટી :–** TRP અગ્નિકાંડ પછી પણ તંત્ર ઘોર નિદ્રામાં? વાલીઓની કાળી કમાણી લૂંટતા શિક્ષણ માફિયાઓ સામે કોંગ્રેસનો જોરદાર મોરચો!
– **પેડક રોડની ન્યૂ ફ્લોરા સ્કૂલ :–** ફાયર ગઘઈ અને BU સર્ટિફિકેટ વગર સીલ થયેલી બિલ્ડિંગને બદલે નિયમોના લીરેલીરા ઉડાડી મંજૂરી વગર જ અન્ય સ્થળે શાળા ધમધમતી હોવાનો પર્દાફાશ! સીલ બિલ્ડિંગમાં પ્રી-સ્કૂલ શરૂ કરવાનું ગંભીર પાપ કોના આશીર્વાદથી?
– **શ્રી અંબિકા વિદ્યાલય (હાલ પ્રીમિયર સ્કૂલ) :–** મંજૂરી કોઠારિયા કોલોનીની અને શાળા ચાલે છે યુનિવર્સિટી રોડ પર! વિદ્યાર્થી ઓના ભવિષ્ય સાથે ખતરનાક રમત–U-DISE રેકોર્ડ અને લિવિંગ સર્ટિફિકેટમાં હજુ પણ જૂનું સરનામું બતાવીને સરકારી તંત્રની આંખમાં ધૂળ ઝોંકવામાં આવી રહી છે!

### સીલ કરાયેલી બિલ્ડિંગમાં પ્રી-સ્કૂલ શરૂ થઈ ગઈ!

રજૂઆતમાં વધુ એક ચોંકાવનારો આક્ષેપ કરાયો છે કે, મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા જે બિલ્ડિંગને કાયદાકીય મંજૂરીઓના અભાવે સીલ કરવામાં આવી હતી, તે જ સીલ કરાયેલા બિલ્ડિંગમાં હાલમાં એક પ્રી-સ્કૂલ પણ શરૂ કરી દેવામાં આવી છે. તંત્રની આંખમાં ધૂળ નાખીને સીલ કરેલી જગ્યા પર ફરી શૈક્ષણિક પ્રવૃત્તિ શરૂ થતાં બિલ્ડિંગ યુઝ અને ફાયર સેફ્ટીને લઈને બાળકોના જીવ જોખમમાં મૂકાયા હોવાની આશંકા છે. શિક્ષણ વિભાગને સોંપવામાં આવેલા બે અલગ-અલગ વીડિયોમાં એક સીલ કરાયેલી બિલ્ડિંગમાં ચાલતી પ્રી-સ્કૂલનો અને બીજો વીડિયો રહેણાંક મકાનમાં ચાલતી ગેરકાયદેસર શાળાનો હોવાનો દાવો કરવામાં આવ્યો છે.

### શિક્ષણ વિભાગ ઊંઘતું ઝડપાયું કે મિલીભગત?

આ ગંભીર આક્ષેપો અને વીડિયો પુરાવા મળ્યા બાદ જિલ્લા શિક્ષણ અધિકારી (DEO) દ્વારા તાત્કાલિક સ્પોટ વેરિફિકેશન અને સંયુક્ત તપાસના આદેશ આપવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું છે. હવે જોવાનું એ રહેશે કે શિક્ષણ વિભાગ આ ‘‘ભૂતિયા સ્કૂલ‘‘ ના સંચાલકો સામે કાયદાનું શસ્ત્ર ઉગામે છે કે પછી હંમેશની જેમ તપાસના નામે ઠાગાઠૈયા થાય છે.

## સાસણ ગીરના રિસોર્ટ સંચાલકો પર દંડનો કોરડો ?

# ગેરકાયદે એકમોની ઓળખ માટે હાથ ધરાશે વિશેષ સર્વે

### સાસણના રિસોર્ટ સંચાલકોની મંગળવારે મુખ્યમંત્રી સાથે બેઠક : સિંહ સંવર્ધન - પ્રવાસનને વેગ આપવા સંચાલકો સરકાર સાથે મળી હાથ ધરશે પગલા



રાજકોટ, તા. ૧૮

ગીર વિસ્તારમાં પર્યટન માટેની માળખાકીય સુવિધાઓની વ્યાપક સમીક્ષા પૂર્ણ ન થાય ત્યાં સુધી નવા રિસોર્ટ કે હોટેલને મંજૂરી આપવામાં આવશે નહીં. હોમસ્ટેના નામે શરૂ થઈ બાદમાં વ્યાવસાયિક રિસોર્ટમાં ફેરવાઈ ગયેલી અનેક મિલકતના કારણે સિંહનાં સંવેદનશીલ રહેઠાણ પર દબાણ વધી રહ્યું છે. વન અને પર્યાવરણ પ્રધાન અર્જુન મોઢવાડિયાએ જણાવ્યું કે ગીર અને ગ્રેટર ગીર વિસ્તારમાં કોઈ નવા રિસોર્ટ કે હોટેલને મંજૂરી આપવામાં આવશે નહીં. જે એકમો પરવાનગી વિના કાર્યરત છે, તેમને બંધ કરીને તેમનાં ગેરકાયદે બાંધકામો દૂર કરવામાં આવશે.

અધિકારીઓના જણાવ્યા મુજબ ટૂંક સમયમાં આવા ગેરકાયદે એકમોની ઓળખ માટે વિશેષ સર્વે હાથ ધરાશે. ખાસ કરીને ધારી-તુલશીશ્યામ કોરિડોર પર વન વિભાગની વિશેષ નજર રહેશે. આ વિસ્તારમાં આશરે 30 જેટલા રિસોર્ટ ઊભા થયા હોવાનું સામે આવ્યું છે. દીવ જતાં પ્રવાસીઓ માટે આ માર્ગ લોકપ્રિય હોવાથી સફારી વિસ્તારની બહાર સિંહને જોવા વાહનો રોકવાની ઘટનાઓ પણ વધી રહી છે. અધિકારીઓના અંદાજ મુજબ તાલાલા, સાસણ અને મેંદરડા વિસ્તારમાં મળીને લગભગ ૫૫૦ હોમસ્ટે કાર્યરત છે, જે મુખ્યત્વે ગીરના પ્રવાસીઓને સેવાઓ આપે છે. તેમાંના કેટલાક હોમસ્ટેને શરૂઆતમાં મંજૂરી આપવામાં આવી હતી, પરંતુ બાદમાં તેઓ સંપૂર્ણ વ્યાવસાયિક રિસોર્ટમાં ફેરવાઈ ગયા હોવાનું અને મંજૂરીની શરતોનું ઉલ્લંઘન થયું હોવાનું વન વિભાગનું કહેવું છે.સરકાર હવે અભ્યારણ્યના આંતરિક માર્ગો પર વાહન વ્યવહાર ઉપર વધુ કડક નિયંત્રણ લાવવાની તૈયારીમાં છે. સ્થાનિકો અને જાહેર પરિવહન માટે રસ્તા ખુલ્લા રહેશે, પરંતુ પ્રવાસીઓ દ્વારા સિંહોની શોધમાં વાહનો રોકવાની પ્રવૃત્તિ અટકાવવા ચેકપોસ્ટ પર દેખરેખ વધારાશે અને ટેક્નોલોજી આધારિત મોનિટરિંગ અમલમાં મૂકાશે.

આ મુદ્દે શનિવારે સાસણમાં રિસોર્ટ એસોસિએશનના સંચાલકોની ખાસ બેઠક મળી હતી જેમાં એ વાત પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું કે જે રિસોર્ટના સંચાલકોને હેરાનગતિનો સામનો કરવો પડી રહ્યો છે તેના પર અંકુશ કેવી રીતે મૂકવામાં આવે જે માટે સરકારને રજૂઆત કરવામાં આવી છે અને ખાસ મુખ્યમંત્રીએ મંગળવારે મળવા માટે સમય પણ ફાળવ્યો હોવાનું જાણવા મળ્યું છે જે બાદ જ સત્ય હકીકત માલુમ પડશે અને સરકાર શું પગલાં લેશે તે અંગે પણ જાણ થશે. મંગળવારે મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં એક ઉચ્ચ સ્તરીય બેઠકનું આયોજન કરવામાં આવશે. આ બેઠકમાં પ્રવાસન ઉદ્યોગના વિકાસ, પર્યાવરણની જાળવણી તેમજ બાંધકામોને લગતા નીતિગત નિર્ણયો અંગે વિસ્તૃત ચર્ચા-વિચારણા કરવામાં ફફદતય. સરકાર દ્વારા એકતરફ વિકાસને વેગ આપવા અને બીજી તરફ કાયદાકીય મડાગાંઠો ઉકેલવા માટેના પ્રયાસો હાથ ધરવામાં આવે તેવી શકયતા વ્યકત કરવામાં આવી છે.

### સાસણગીરના પ્રવાસન માટે રિસોર્ટ કરોડરજ્જુ : હમીરભાઇ બારડ



સાસણના હોટલ એન્ડ રિસોર્ટ એસોસિએશનના હમીરભાઇ બારડે માહિતી આપતા જણાવ્યું હતું કે વીર પ્રવાસન ને વેગ આપવા માટે સરકારે અનેકવિધ પગલાંઓ લેવાની જરૂરિયાત છે જેમાં ગિરનાર રિસોર્ટ સંચાલકો ખબે ખભો મિલાવી આગળ વધશે સાતો સાત તેઓએ જણાવ્યું હતું કે હાલ જે નવી એનઓસી આપવામાં નહીં આવે તે મુદ્દે જે ચર્ચા જાગી છે તેમાં પણ સરકાર યોગ્ય પગલા લેશે.

જે માટે રજૂઆત પણ કરવામાં આવી રહી છે. રેલ સફારીની સાથોસાથ આગામી ઓલમ્પિકને ધ્યાને લઈ સ્ટેડિયમ અને રિવરફ્રન્ટ ના પ્રોજેક્ટ પણ અમલી બને તે માટે પણ એસોસિએશન મક્કમ પગલા લેશે.

### પર્યાવરણની જાળવણીઃ STP પ્લાન્ટ અને કચરાના નિકાલ અંગે કડક આદેશ

બેઠકમાં પર્યાવરણની સુરક્ષાને સર્વોચ્ચ અગ્રતા આપવામાં આવી હતી, જેના અંતર્ગત નીચે મુજબના કડક નિર્ણયો લેવાયા છેઃ
– **STP પ્લાન્ટની અનિવાર્યતા :–** હોટેલ્સ, રિઝોર્ટ્સ અને મોટા કોમર્શિયલ પ્રોજેક્ટ્સ માટે જીઝડ **(Sewage Treatment Plant)** નાખવો હવેથી તદ્દન ફરજિયાત રહેશે. દૂષિત પાણીનો યોગ્ય નિકાલ ન કરનારા એકમો સામે કાયદાકીય પગલાં લેવાશે.
– **હોટેલ બહાર કચરાના નિકાલ પર પ્રતિબંધ :–** પ્રવાસન સ્થળો અને શહેરી વિસ્તારોમાં હોટેલોની બહાર જાહેરમાં ફેંકવામાં આવતા કચરાના લીધે ગંદકીનું સામ્રાજ્ય ન સર્જાય તે માટે વહીવટી તંત્રને કડક સૂચના આપવામાં આવી છે. હોટેલ સંચાલકોએ કચરાના વૈજ્ઞાનિક નિકાલની વ્યવસ્થા જાતે જ કરવાની રહેશે.

### દિવાળી પહેલા ‘રેલ સફારી’ શરૂ થવાની પ્રબળ શક્યતા

પ્રવાસીઓ માટે આગામી તહેવારોની સીઝન યાદગાર બની રહે તે માટે સરકાર રેલ સફારી પ્રોજેક્ટને ઝડપથી પૂર્ણ કરવા કટિબદ્ધ છે. બેઠકમાં થયેલી ચર્ચા મુજબ, તમામ વહીવટી અને ટેકનિકલ મંજૂરીઓ વહેલી તકે પૂરી કરીને આગામી દિવાળી પહેલા જ રેલ સફારી સત્તાવાર રીતે શરૂ કરી દેવામાં આવે તેવી પુરેપુરી શક્યતા છે, જેનાથી સ્થાનિક પ્રવાસનને મોટો વેગ મળશે.

### બાંધકામ નિયમોમાં રાહત અને નવી અસમંજસતા

– **૧/૭/૨૦૧૫ પહેલાના બાંધકામોને મોટી રાહત :–** નીતિગત નિર્ણય અનુસાર, જે પણ બાંધકામો તારીખ ૦૧/૦૭/૨૦૧૫ પહેલા થયેલા છે, તે ચોક્કસ ટકાવારીના દાયરામાં (એફ.એસ.આઈ. કે અન્ય નિયમો હેઠળ) આવતા નથી. આ નિર્ણયથી જૂના પ્રોજેક્ટ ધારકોને મોટી કાનૂની રાહત મળવાના સંકેતો છે.
– **એમિનિટીઝ (સુવિધાઓ) અંગે મોટો સવાલ :–** બેઠકમાં એક એવો પ્રશ્ન પણ ઊભો થયો હતો કે, જો કોઈ પ્રોજેક્ટમાં સ્વિમિંગ પૂલ, ક્લબ હાઉસ કે અન્ય લક્ઝુરિયસ સુવિધાઓ **(Amenities)** ઉપલબ્ધ હોય, તો તેની ગણતરી કયા નિયમો હેઠળ કરવી? આ પ્રકારની સુવિધાઓ ધરાવતા બાંધકામો માટે હજુ સુધી નીતિ સ્પષ્ટ થઈ શકી નથી, જેને લીધે ડેવલપર્સમાં મૂંઝવણ જોવા મળી રહી છે.

### કોર્ટના શરણે જવું જોઈએ’ તેવો સૂર

નિયમોની અસ્પષ્ટતા અને વહીવટી સ્તરે વહેલી તકે મંજૂરી ન મળવાને કારણે હોટેલ એસોસિએશન અને સ્થાનિક હિતધારકોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે. બેઠક બાદ એવી ચર્ચાએ જોર પકડ્યું છે કે જો સરકાર સ્વિમિંગ પૂલ જેવી સુવિધાઓ અને અન્ય પડતર પ્રશ્નો અંગે વહેલી તકે કોઈ ચોક્કસ સુધારો કે રાહત જાહેર નહીં કરે, તો અંતિમ વિકલ્પ તરીકે ન્યાય મેળવવા માટે તાત્કાલિક ધોરણે કોર્ટના શરણે જવું જોઈએ.